કિં. ૨૦/-
પાના નં.૧

જૂન - જુલાઈ ૨૦૧૯ સળંગ અંક: ૮૨
વર્ષ : ૧૪

શ્રી કચ્છી મારૂ કંસારા-સોની જ્ઞાતિનું પારિવારીક સામાયિક

શ્રી કચ્છી
મારૂ કંસારા-સોની
જ્ઞાતિ મંડળ
અમદાવાદ

જ્ઞાતિજનો દ્વારા • જ્ઞાતિજનો માટે
MED AID

એકમેકને ઓળખવાનો

# જ્ઞાતિસેતુ

gnyatisetu.com

## વિદ્યાસેતુ

શ્રેષ્ઠાનિ વિદ્યા દાનાનિ સર્વદા

અમદાવાદ જ્ઞાતિ દ્વારા
સ્કોલરશીપ પ્રોગ્રામ

જન્મ શતાબ્દિ વર્ષ



તસવીરકાર સ્વ. એલ.એમ.પોમલ
૧૯૧૯-૨૦૧૯

## સૂરખાબ નગર



માતાનાં મઢ-ખાત મૂહુર્ત...૧૦ | આધુનિક શિક્ષણ પદ્ધતિ...૧૪ | ભુજ જ્ઞાતિ દ્વારા કેન્સર જાગૃતિ ..૩૨ | હિમાલયન ટ્રેકિંગ - અદ્‌ભુત અનુભવ...૩૮


Bhartbhai Soni
Bhaumik Soni
Nishant Soni
The original
Since 1973
Shree Ambica Touch
Gold Testing Lab. | Bullion | Refiners
Now we are NABL Accredited Lab. (Indian Gov. Approved)
Special Services Available
Manual Gold Testing Lab. | Computerized Gold Testing Lab.
Fire Assay Gold Testing Lab. | Gold Bullion (Online Gold Rate)
Gold Melting & Refining Services | Gold Bar Making Service
આપનાં સોનાની સામે ૯૯.૯૦% ની શુધ્ધતા વાળા ગોલ્ડબાર દરેક સાઈઝમાં ઉપ્લબ્ધ રહેશે.
Shree Ambica India 100 GRAMS 999.0
SA00001
"Gold Bars with Security Code"
"Bhaumik Jewellers"
First Ever in Gujarat - Online Gold Booking / Live Rate from Website & Mobile App
www.shreeambicabullion.com
Available on the App Store
App Store
We Provide "POWDER FREE" 99.90% Purity Reg. Gold Bars
C. G. Road (079) 26461281
Satellite (079) 26751281
Vaadaj (079) 27642281
Manekchowk (079) 22153581
Corporate Office: GF-01, Gold Souk Complex, B/h. Sapphire Tower, Nr. Iscon Arcade, C.G. Road, Ahmedabad-6, Gujarat. Phone: 26461281, 30001281 | Help Line No.: 94287 39422

એકમેકને ઓળખવાનો
# જ્ઞાતિસેતુ
વર્ષ : ૧૪ ● અંક : ૩
જૂન / જુલાઈ - ૨૦૧૯

**મુખ્ય તંત્રી**
હંસરાજ કંસારા ૦૭૯ ૨૬૮૭૨૩૫૦
**તંત્રી મંડળ**
અતુલ સોની ૯૭૨૫૦ ૩૮૧૪૦
તુલસીદાસ કંસારા ૯૮૨૫૦ ૮૨૬૩૯
કુ. એકતા કટ્ટા ૯૮૭૯૧ ૯૪૩૩૪
**ચેરમેન**
મનુભાઈ કોટડીયા ૯૬૦૧૨ ૭૫૦૭૮
**માનદ્ સંયોજક**
અતુલ સોની ૯૭૨૫૦ ૩૮૧૪૦
**ડિઝાઈન / મુદ્રણ આયોજન**
જયેશ ઘડિયાળી ૯૦૩૩૨ ૨૭૧૭૨
**વેબસાઈટ**
ચિરાગ બુદ્ધભટ્ટી ૯૯૭૯૬ ૩૬૨૬૬
**જ્ઞાતિ પ્રમુખ**
ગીરીશભાઈ સોની ૯૮૨૪૦ ૬૩૯૭૦
**જાહેરાત તથા લવાજમ માટે સંપર્ક :**
● **અમદાવાદ**
નીલેશ રમેશભાઈ પોમલ ૯૪૨૮૧ ૧૬૧૪૧
● **ભુજ**
મનોજભાઈ બારમેડા ૮૩૨૦૮ ૫૧૩૪૭
● **અંજાર**
અનિલ એસ. સોની ૯૮૨૪૨ ૮૫૨૧૦
● **નખત્રાણા**
પ્રફુલભાઈ કંસારા (ઉદય સ્ટેશનરી)૯૮૭૯૧ ૨૨૨૬૫
● **માધાપર**
હિતેશ સોની (કરણ જ્વેલર્સ) ૯૪૨૭૪ ૪૩૮૭૪
● **સાબરકાંઠા**
દિનેશભાઈ સોની (વૈશાલી જ્વેલર્સ-તલોદ) ૯૬૦૧૭૧૭૫૫૫
● **આદિપુર**
સુનીલ સોલંકી ૯૯૨૫૪ ૭૬૮૯૧
● **ગાંધીધામ**
કિશોર સોલંકી ૯૮૨૫૫ ૩૩૩૭૧
● **માંડવી**
વિનોદભાઈ હેડાઉ ૯૮૯૮૮ ૩૧૫૨૦
**માનદ્ સંયોજક (ભુજ)**
સુરેશ બીજલાણી ૯૮૭૯૦ ૪૩૫૫૧
સુધા બુદ્ધભટ્ટી ૯૯૨૫૩ ૧૩૭૩૪
**જ્ઞાતિસેતુ પત્ર-વ્યવહાર માટે સંપર્ક :**
અતુલ સોની, ઈ-૫૦૪, આર્યમાન આવાસ, સાંઈબાબા મંદિર સામે, દેવાશિષ સ્કુલ પાસે, સેટેલાઈટ, અમદાવાદ-૧૫.
**કાર્યાલય :** ૧૫,સુપર મોલ, સી.જી. રોડ, અમદાવાદ. ફોન : ૦૭૯-૪૮૯૭૧૩૨૨
**વેબ સાઈટ :** www.gnyatisetu.com
**ઈ-મેલ :** gnyatisetu@gmail.com

| | | |
|---|---|---|
| છુટક કિંમત | રૂા. | ૨૦/- |
| ત્રિ-વાર્ષિક લવાજમ | રૂા. | ૩૦૦/- |
| આજીવન (૧૫ વર્ષ) | રૂા. | ૧૫૦૦/- |

**'જ્ઞાતિસેતુ'માં પ્રસ્તુત રચનાઓમાં રજૂ કરેલા વિચારો જે તે લેખકોના છે. 'જ્ઞાતિસેતુ'નું એની સાથે સંમત હોવું આવશ્યક નથી.**

## તંત્રી સ્થાનેથી

'સેતુ'નું એ સદ્‌ભાગ્ય છે કે, એના પ્રત્યેક અંક માટે, એની પાસે કોઈક નવી પ્રેરક અને પ્રોત્સાહક બાબત કહેવા માટે હોય જ છે. આ વખતે પણ છે. સર્વપ્રથમ, એક ગૌરવપ્રત બાબત એ છે કે ગત પેઢીના આપણા હોનહાર તસવીરકાર, સ્વ. એલ. એમ. પોમલની જન્મ શતાબ્દી ઉજવણી, તા. ૧૮-૮-૨૦૧૯ના રોજથી કચ્છ, ખાસ કરીને ભુજમાં શરૂ થશે. એમના વિષેનો લેખ, તેમજ આયોજીત કાર્યક્રમોની માહિતી, આ અંકની વિશેષ સામગ્રી છે.

ભુજ જ્ઞાતિ મંડળની મેડિકલ ફંડ સમિતિએ જન કલ્યાણ મેડિકલ સોસાયટીના સહયોગથી કેન્સર જાગૃતિ અને તપાસણી અભિયાન શરૂ કરેલ છે. તદ્‌પરાંત આ સમિતિએ જ્ઞાતિ પરિવારોના આયુષ્યમાન કાર્ડ અને મા અમૃતમ્ યોજનાના ફોર્મ બનાવી આપીને સમાજના જરૂરતમંદ પરિવારોને સ્વાસ્થ્ય ક્ષેત્રે કાયમી રાહત અપાવી છે.

છેલ્લા પંદર વર્ષ દરમિયાન 'સેતુ'એ આપણા સમાજની સેવાઓ અંગેની માહિતી અને સામાજીક સંબંધોને સમૃધ્ધ કરતી વિગતો, વિચારો પ્રત્યેક પરિવાર સુધી પહોંચાડવાના માધ્યમ 'સેતુ' તરીકેનું આગવું સ્થાન પ્રાપ્ત કર્યું છે, જે સુવિદિત છે. ખાસ કરીને અમદાવાદ જ્ઞાતિ પ્રાયોજીત 'મેડ-એઈડ' યોજના. આ યોજનાનો કચ્છ ઉપરાંત ભારતના અનેક સ્થળોએ વસતા આપણા સમાજના પરિવારોએ, પદ, પૈસા કે પ્રતિષ્ઠાના ભેદભાવ વિના, અમદાવાદ જ્ઞાતિ મંડળના સમર્પિત સભ્યો દ્વારા આવશ્યક સહાયતા અને માર્ગદર્શન આપવામાં આવે છે.

હવે 'સેતુ'ને એક અન્ય 'સેવા' સંદર્ભે માધ્યમ બનવાની તક મળી છે. આ સેવા 'શિક્ષણ પ્રસાર' અંગેની છે. આપણા સમાજમાં હજુ પણ એવા અનેક પરિવારો છે, જેના સંતાનોના ઉચ્ચ અભ્યાસ માટે આવશ્યક ખર્ચની પૂરતી વ્યવસ્થા કરી શકતા નથી. જો કે આ બાબતથી આપણા સમાજના મોભીઓ અને જ્ઞાતિ મંડળો પૂરતા સચેત છે, અને તેઓ જરૂરતમંદ વિદ્યાર્થીઓની સહાયતા અવશ્ય કરે છે. પરંતુ આ સંસ્થાઓની 'માંગ પૂર્તિ' માટેની અનેક મર્યાદાઓ છે. બીજી તરફ એવા પણ કેટલાક દાતાઓ છે, જેઓ વ્યક્તિગત ધોરણે જરૂરતમંદ વિદ્યાર્થીને સિમિત સહાયતા કરવા ઈચ્છે છે. આ હકીકત ધ્યાનમાં લઈ અમદાવાદ જ્ઞાતિ એક નવો વિચાર, 'વિદ્યાસેતુ' ટાઈટલથી એક નવું આયોજન વાચકો સમક્ષ પ્રસ્તુત કરે છે. આ અંકમાં પ્રસ્તુત 'વિદ્યાસેતુ' લેખ પ્રત્યેક પરિવારને વાંચી જવા વિશેષ આગ્રહ છે.

ફરી એકવાર સમસ્ત કચ્છ દ્વારા શ્રી એલ. એમ. પોમલની જન્મ શતાબ્દી ઉજવણી થઈ રહી છે, તે બદલ સમસ્ત સમાજને ગૌરવસભર અભિનંદન. અસ્તુ.

**અતુલ સોની   મનુભાઇ કોટડિયા   હંસરાજ કંસારા**

# હિંદુઇઝમ – (૧૦)

પ્રેષક : તુલસીદાસ કંસારા

*'જ્ઞાતિસેતુ'ના એપ્રિલ - મે ૨૦૧૯ના અંકમાં સાત પ્રશ્નો (૧૧થી ૧૭)ના ઉત્તરમાં આપણે જીવનનો અંતિમ ધ્યેય શું છે, જીવનના ચાર પુરૂષાર્થ કયા છે, કર્મ એટલે શું, મૃત્યુ પછી જીવન અને પુનઃજન્મની હિંદુ વિભાવના, હિંદુઓ શા માટે પવિત્ર છબીઓની અથવા તો મૂર્તિઓની પૂજા કરે છે, ઉત્પત્તિની હિંદુ વિભાવના અને હિંદુઓ ધર્મને કેવી રીતે જુએ છે વગેરે બાબતો વિશે જાણ્યું. હવે આ અંકમાં આપણે અન્ય સાત પ્રશ્નોમાં હિંદુ ધર્મ વિશે વિશેષ જાણીશું.*

*સવાલ-૧૮ : હિંદુ કોણ બની શકે?*

*જવાબ* : હિંદુ ધર્મ વિવિધ માન્યતાઓ અને સંપ્રદાયોનો ભાતીગળ ધર્મ છે. તેથી તેની પાસે એવી ક્ષમતા છે કે તે વિવિધ આધ્યાત્મિક વલણો, માનસિકતા ધરાવતા અને વિધિ વિધાનોને અનુસરતા લોકોને અપીલ કરે છે, તેમજ તેમને સંતુષ્ટ પણ કરે છે. હિંદુધર્મ કોઈના ધર્મ પરિવર્તન માટેની નેમ ધરાવતો નથી. આમ છતાં પણ, કોઈપણ વ્યક્તિ હિંદુ બનવા માંગતી હોય તો તે બની શકે છે. તેણે માત્ર પોતાના આધ્યાત્મિક ગુરૂ નક્કી કરવાના રહે છે અને તેમની મારફત પોતાની ઇચ્છા મુજબના સંપ્રદાય માટેની શાસ્ત્રોક્ત વિધિ મુજબ દાખલ થવાનું તેમજ તેના નૈતિક અને આધ્યાત્મિક નિયમોનું પાલન કરવાનું હોય છે.

*સવાલ-૧૯ : જ્ઞાતિ પ્રથા શું છે?*

*જવાબ* : વેદાંતના સમયથી ભગવદ્ ગીતા સુધીના સમય સુધી હિંદુઓમાં વર્ણ પ્રથા હતી. તે લોકોના ગુણો અને કામકાજના પ્રકાર પર આધારીત હતી. તે લોકોએ બનાવેલ ન હતી, ન તો એ જન્મ આધારીત હતી. પરંતુ તે ગીતામાં જણાવ્યા પ્રમાણે ઈશ્વરે બનાવેલ હતી. તે મુખ્યત્વે ચાર વર્ણો (૧) બ્રાહ્મણ (પૂજારી અને શિક્ષકો), (૨) ક્ષત્રિય (શાસનકર્તા અને સૈનિકો), (૩) વૈશ્ય (વેપારીઓ અને ખેડૂતો) અને (૪) ક્ષુદ્રો (કારીગરો અને મજુર વર્ગ)માં વહેંચાયેલ હતી. સમય જતાં વર્ણપ્રથા વંશપરંપરાગત બની ગઈ અને આ પ્રણાલીએ જડ સ્વરૂપ ધારણ કરતાં છુત અછુતના પ્રશ્નો ઊભા થયા. બ્રાહ્મણો, વૈશ્યો અને ક્ષત્રિયો તેમને ક્ષુદ્રો કરતાં ચડિયાતા માનવા લાગ્યા. આમ છતાં પણ, આધુનિક વલણ અને કાયદાઓને કારણે આ જડ અને છૂત અછૂતના પ્રશ્નો ઘટવા પામેલ છે.

વેબસ્ટરની ત્રીજી આંતરરાષ્ટ્રીય ડિક્ષનરી પ્રમાણે (૧૯૭૬, પેજ : ૩૪૮) કાસ્ટ = જ્ઞાતિ શબ્દ પોર્ટુગીઝ અને સ્પેનીસ શબ્દ 'કાસ્ટા' પરથી ઉતરી આવેલ છે. જેનો મતલબ થાય છે સમૂહની પવિત્રતા. આને લગતો સંસ્કૃત શબ્દ છે જાતિ. જેનો અર્થ થાય છે જન્મજાત અથવા જન્મની જાતિ. વર્ણ અને જાતિ બંને સમાનાર્થી નથી. વર્ણ વ્યક્તિગત ગુણો અને કાર્યો કે કામકાજ પર આધારિત છે. તેથી સામાજિક તરલતા મુજબ કોઈપણ ક્ષત્રિય, બ્રાહ્મણ વગેરે બની શકે અને કોઈ પણ બ્રાહ્મણ કારીગર પણ બની શકે. જ્યારે જ્ઞાતિ પ્રથામાં એક વર્ણમાંથી બીજામાં જવાની કોઈ ગુંજાયેશ નથી. તે જન્મ આધારિત છે. જ્ઞાતિ, એ હિંદુઓની પાયાની બાબત નથી. જે ઘણી વખત ખોટી રીતે મીડિયા અને શૈક્ષણિક સાહિત્યના આલોચકોના કારણે માનવામાં આવે છે.

*સવાલ-૨૦ : મંત્રોચ્ચાર આધ્યાત્મિક ઉન્નતિ માટે કેટલા જરૂરી છે?*

*જવાબ* : ભગવાનની મૂર્તિ, મંદિર, ગુરૂ, ઉત્સવો અને માંગલિક પ્રસંગો સાથે મંત્રોચ્ચાર વણાયેલ છે. તેનો ઊંડો અર્થ છે અને તેને શાસ્ત્રોક્ત મંજૂરી છે. મંત્રોચ્ચાર આધ્યાત્મિક વાતાવરણ ઊભું કરે છે અને મગજને શાંત તેમજ પવિત્ર બનાવે છે. તે લોકોના મન અને બુદ્ધિને પોતાના રોજબરોજના કામકાજમાંથી અલિપ્ત કરીને પવિત્ર ગુંજનમાં જોડવામાં મદદ કરે છે.

લોકોના પ્રશ્નોનું મૂળ તેના અહં, લગાવ, ગુસ્સો, લોભ અને અન્ય જન્મજાત વૃત્તિ કે સહજવૃત્તિમાં રહેલ છે. મંત્રોચ્ચાર જેમ કે આરતી, ભગવાનની પૂજા વગેરે આંતરિક ભાવ જગાડે છે અને મનની મેલી મુરાદોને પવિત્ર બનાવે છે. ભગવાનની સામે, મંદિરમાં કે ઘરમાં પ્રાર્થના કરતી વખતે વ્યક્તિને પોતાની બાબતમાં વિચારવા તે મજબૂર કરે છે. આવી રીતે મંત્રોચ્ચાર વ્યવહારિક બાબતોથી દિવ્યતા તરફના પ્રયાણની પ્રક્રિયામાં મદદ કરે છે.

મંત્રોચ્ચારના ભક્તિભાવમાં ગાવું, વગાડવું, નાચવું અને ભગવાનને ખુશ કરવા માટે શણગાર કરવા તેમજ પ્રસાદ

ધરવાની ક્રિયાઓ કરવામાં આવે છે. આને કારણે રોજબરોજની જિંદગીના કામોમાંથી કંટાળો ઓછો થાય છે અને તેમાં આનંદ અને ખુશી ઉમેરાય છે.

***સવાલ-૨૧ : ભગવાનની મૂર્તિના દર્શનનું રહસ્ય શું છે?***

*જવાબ* : મૂળ સંસ્કૃત શબ્દ ''દ્રુશ'' પરથી ઉતરી આવેલ આ શબ્દનો અર્થ થાય છે જોવું. ભક્તિભાવ તેમજ આદર સાથે પવિત્ર સ્થળો અને ભગવાનની મૂર્તિને નિહાળવી. આવી રીતે દર્શન કરવાથી, ભગવાન અને ગુરૂ તેના ભક્તો પ્રત્યે આશિર્વાદ વરસાવે છે તેવા ભાવ સાથે ભક્ત તેમના પ્રત્યે પ્રેમ અને અહોભાવનો ભક્તિભાવ કેળવે છે. યાત્રાળુઓ હજારો કિલોમીટરની યાત્રા કરીને તેમના દેવી-દેવતાઓના, ગુરૂઓના કે પવિત્ર સ્થળોના દર્શન કરતા હોય છે.

***સવાલ-૨૨ : આરતીનો મતલબ શું છે અને તે કેવી રીતે કરવામાં આવે છે?***

*જવાબ* : ઘરમાં કે મંદિરમાં ભગવાનની મૂર્તિ સામે પૂજારી અથવા તો ભક્ત દ્વારા કરવામાં આવતી પ્રાર્થનાની ક્રિયાને આરતી કહેવામાં આવે છે. ભક્ત પ્રાર્થના કરે છે અને ભગવાનનો મહિમા ગાય છે તેમજ તેમના દિવ્ય આશિર્વાદ માટે પ્રાર્થે છે. દરેક પૂજા, ભજન કે આધ્યાત્મિક કથા પૂર્ણ થાય પછી પણ આરતી કરવામાં આવે છે. આરતી એ પૂજાનું ૧૬માંનું એક પગથિયું છે. તેને એક મંગળ પ્રકાશ માનવામાં આવે છે.

સામાન્ય રીતે ઘરના નાના હરિ મંદિરમાં આરતી બે વખત કરવામાં આવે છે જ્યારે શિખરબંધ મંદિરમાં પાંચ વખત કરવામાં આવે છે. યાત્રા સ્થળે, હરિદ્વાર અને વારાણસીમાં ગંગા કિનારે દરરોજ સાંજે થતી આરતી પ્રખ્યાત છે.

***સવાલ-૨૩: શંખનાદનું મહત્ત્વ શું છે?***

*જવાબ* : સામાન્ય રીતે પૂજાના પ્રારંભે, શુભ પ્રસંગની શરૂઆત કરતા પહેલાં, તેની જાહેરાત કરવા અને આરતીની શરૂઆતમાં અને તે દરમિયાન શંખનાદ કરવામાં આવે છે. જૂના સમયમાં યુદ્ધના પ્રારંભે તેમજ તેમાં વિજય થાય ત્યારે શંખનાદ કરવામાં આવતો હતો. મહાભારતના યુધ્ધની શરૂઆતમાં ભગવાન શ્રીકૃષ્ણે અને પાંડવોએ પોતપોતાના શંખોના નાદ કરેલા.

ભગવાન વિષ્ણુ હંમેશાં પોતાના ચાર હાથમાંથી એક હાથમાં શંખને ધારણ કરે છે, જે ચાર પુરૂષાર્થોમાંના એક ધર્મ કે સત્યનિષ્ઠાનું પ્રતીક છે. આરતીની શરૂઆત કે તે દરમિયાન કરવામાં આવતા શંખનાદ દ્વારા અન્ય અવાજો તેમજ વિચારોને શાંત કરી, મગજને ઉચ્ચત્તમ કક્ષાએ લઇ જઇ ભક્તિમાં ધ્યાન લીન કરવામાં આવે છે. નાદ બ્રહ્મ, વેદો, ધર્મ, વિજય અને શુભ કે મંગળમય વાતાવરણની નિશાની તરીકે શંખને મંદિર તેમજ ઘરમાં પવિત્ર સ્થળે રાખવામાં આવે છે.

***સવાલ-૧૧ : મંદિરમાં પૂજા વખતે ઘંટારવ શા માટે કરવામાં આવે છે?***

*જવાબ* : ઘંટનો રણકાર એક અલૌકિક કે મંગળમય વાતાવરણ ખડું કરે છે. ભગવાનના દર્શન કરતાં પહેલાં કરવામાં આવતા ઘંટારવ મન અને હૃદયમાં પવિત્ર અને શુભભાવ ઉત્પન્ન કરે છે. આરતી વખતે પણ ઘંટારવ, શંખનાદ અને નોબતનો અવાજ અન્ય દુનિયાદારી ઘોંઘાટને દૂર રાખવામાં મદદ કરે છે અને વિચારને શાંત કરે છે તેમજ મગજ અને જ્ઞાનેન્દ્રિયોને ભગવાનનું ધ્યાન ધરવામાં મદદરૂપ બને છે.

પૂજા કે મહાપૂજાની શરૂઆત કરતાં પહેલાં પણ એક શ્લોક સાથે ઘંટડી વગાડવામાં આવે છે, જે શ્લોકનો મતલબ થાય છે કે આ ઘંટડી હું ઇશ્વરનું આહ્વાન કરવા માટે વગાડું છું. જેથી કરીને સદ્‌ગુણો અને મંગળમય શક્તિઓ મારા ઘર અને હૃદયમાં પ્રવેશ કરે અને અંદર તેમજ બહારની દુષ્ટ શક્તિઓને વિદાય કરે.

■ ***End Piece :***

*Put your heart, mind and soul into even your smallest act. This is the secret of success.*

*– Swami Sivananda*

*તમારા દિલ, દિમાગ અને આત્માને તમારા નાનામાં નાના કામમાં પણ લગાવો. સફળતાની ચાવી આ જ છે.*

***– સ્વામિ શિવાનંદ***

# હિંડોળા ઉત્સવ

**પ્રેષક : મનુભાઈ કોટડિયા**

માનવ જીવનમાં ઉત્સવોનું આગવું મહત્ત્વ પુરવાર થયું છે. મનુષ્ય માત્ર ઉત્સવપ્રિય છે. પુષ્ટિમાર્ગીય ઉત્સવ તો અદ્‌ભુત અને અલૌકિક જ હોય છે. પુષ્ટિમાં કેટલાક ઉત્સવનો નક્ષત્રપ્રધાન હોય છે, તો કેટલાક તિથિપ્રધાન હોય છે. પુષ્ટિમાર્ગમાં શ્રીઠાકોરજીની સેવામાં નિત્ય ઉત્સવ ઊજવાતા હોય છે. શ્રીપ્રભુચરણ ગુસાંઇજીએ પ્રારંભ કરેલી અષ્ટાયામ સેવા નિત્ય થાય છે. પરંતુ હિંડોળાની સેવાનો તેમાં સમાવેશ થતો નથી. અષાઢ વદ-૧ કે ૨ ના શુદ્ધ દિવસે અને ચંદ્રમાની સ્થિતિ પ્રમાણે હિંડોળા ઉત્સવનો પ્રારંભ થાય છે અને શ્રાવણ વદ-૧ કે ૨ ના દિવસે તેનો વિજય થાય છે. ૫૦૦૦ વર્ષ પૂર્વે સારસ્વત કલ્પમાં શ્રી વ્રજાંગનાઓ શ્રી રાધા-કૃષ્ણની યુગલ જોડીને વિવિધ સજાવટ કરી કુદરતના નૈસર્ગિક ખોળે વ્રજની કુંજ-નિકુંજમાં ઝુલાવતી જોવી એની કલ્પના જ પુષ્ટિભક્તોને રોમાંચિત કરી ભાવવિભોર કરી દે છે. ભારતીય સંસ્કૃતિમાં અને તેમાં પણ હિંદુ ધર્મમાં અષાઢ-શ્રાવણ માસ એટલે કુદરતી વાતાવરણ અને ચોમેર હરિયાળી આચ્છાદિત ભૂમિમાં હિંડોળા એટલે કે ઝુલા મહોત્સવ ઉજવાય છે. અષાઢ માસની વદ ૧-૨-૩ના દિવસે મંગળ - રવિવાર સિવાયના દિવસે હિંડોળા ઉત્સવનો પ્રારંભ થાય છે, જેને હિંડોળાનું અધિવાસન કહે છે. તે વખતે ઘંટા, ઝાલર, શંખ, પખાવજ, કીર્તનના ધ્વનિ સાથે શ્રીઠાકોરજીને હિંડોળામાં પધરાવ્યા બાદ ભોગ આવે અને પછી નિત્યક્રમની સેવા થાય. હિંડોળાના ખંભ, ડાંડી, મરુવે, આડી, કલશને ચંદન-કુમકુમ-અક્ષતથી પૂજા થાય. બરાની કટોરીનો ભોગ, ધૂપ-દીપ-તુલસી-શંખોદક બાદ ભોગ આવે.

કુલ ૮ હિંડોળા ગવાય. ચાર પદ શ્રી ગોવિંદદાસના હિંડોળાના ગવાય છે.

***ઝૂલે ગિરિવરધારી, લાલ ટીપારો -***
***શિશ બિરાજીત, મલ્લકાછ છબી ન્યારી.***
***વામ ભાગ સોહત હૈ રાધા, પહેરે કસુંભી સારી,***
***ઝોટા દેન સખી લલિતાદિક,***
***પવન વહેત સુખકારી... કુંભનદાસ.***

હિંડોળાના પદ હિંડોળા મુજબ ગવાય છે. મુકુટના પદ, સહેરાના, કુલ્હેના, કસુંબી ઘટાના, શ્યામ ઘટાના, ગુલાબી ઘટાના પદ પ્રભુની પાસે વૈષ્ણવો ભાવથી ગાય છે. કીર્તન ખૂબ જ શ્રદ્ધા અને ભાવથી ગવાય છે કારણકે શ્રીઠાકોરજીને કીર્તન ખૂબ જ પ્રિય છે. જેનાથી પ્રભુનો પ્રેમ મળે છે. ભક્તોને જે લીલાના સાક્ષાત્ દર્શન થતાં તે લીલાનાં પદો રચીને પ્રભુને સંભળાવી પ્રસન્ન કરતાં. આમ ભક્તોના હૃદયમાં બિરાજી સ્વયં કીર્તનનો આસ્વાદ પુષ્ટિ-ભક્તોને આપ્યો છે. આમ કીર્તન એ શ્રીઠાકોરજીની ભગવદ્ વાણી છે. કળીયુગમાં કીર્તન, ભજન, સત્સંગ ઉત્તમ સાધન છે, જે વૈદિક મંત્રો છે.

હિંડોળા એ શ્રીઠાકોરજીની કિરોશલીલાનાં પદ છે. હિંડોળામાં પીળી, ગુલાબી, સફેદ, શ્યામ અને લીલી ઘટા છે. પ્રભુને રીઝવવા ને હિંડોળે ઝુલાવવા ગોપીજનો વ્રજમાં આવે છે. ચોથા કીર્તન વખતે શ્રીવલ્લભકુળ પણ હિંડોળાને ઝુલાવતા નથી કારણકે તે હિંડોળો શ્રીયમુનાજી સાક્ષાત્ પધારીને ઝુલાવે છે તેવો ભાવ છે. દરેક ઘટાના પોતાના અલગ અલગ ભાવ છે. પીળી-ગુલાબી ઘટા શ્રીસ્વામિનીજી, સફેદ-કેસરી ઘટા શ્રીશ્રુતિરૂપાના ભાવે, કસુંલી અને લીલી શ્રીઋષિરૂપાના અને શ્યામ ને ભૂરી ઘટા શ્રીયમુનાજીના ભાવથી આવે છે. કુલ ૩૦ કે ૩૨ દિવસ હિંડોળા ઉત્સવ ચાલે છે. ૧૦-૧૦ દિવસના સ્થળ-ભાવ અને સખીઓનો ભાવ પણ અલગ છે.

(૧) નંદાલય : અષાઢ વદ-૧ થી ૮, (૨) શ્રીગિરિરાજજી પર : અષાઢ વદ-૯ થી શ્રાવણ સુદ-૧. (૩) કુંજમાં હિંડોળા : શ્રાવણ સુદ-૧ થી ૮. (૪) શ્રી યમુનાપુલિન પર : શ્રાવણ સુદ-૯થી શ્રાવણ વદ-૨.

સુરંગ, ડોલ, વેલણિયો આ ત્રણ હિંડોળાના પ્રકાર છે. હિંડોળાના પ્રારંભ અને અંતે સુરંગ હિંડોળામાં પ્રભુ ઝુલે છે. હિંડોળાની આકૃતિ તેની બાંધણીથી ઓળખાય છે. હિંડોળાના દિવસોમાં લહેરિયા અને બાંધણીનો સાજ આવે છે.

- **હિંડોળાની સજાવટ :**

ફળ, જરદોશી, લીલામેવા, સોના, કેસર-એલચી, મોગરા, ટગરીની કળી, આભલા, પવિત્રા, કમળ, વાલ-રાજમા, સૂકામેવા, ચાંદી, સાવન-ભાદોંના પાન, ખસ, કોડી, પુષ્પકુંજ, કાચ, મોતી, આસોપાલવ આવે છે. હિંડોળાની સંખ્યા પણ ફૂલમંડળીની જેમ ૧થી ૭ સુધીની હોય છે. ૩૨ દિવસના ૪ ભાગે એટલે ચાર યૂથાધિપતિમાં તેનું વર્ગીકરણ (૧) સ્વામિનીજી, (૨) ચંદ્રાવલિજી, (૩) રાધાસહચરીજી અને (૪) શ્રી યમુનાપુલિન.

- **હિંડોળાની પુષ્ટિ ભાવના :**

ત્રણ ખંભા - જમણો - શ્રીચંદ્રાવલિજી, ડાબો - શ્રી લલિતાજી, મધ્ય - શ્રી વિશાખા સમી, ઝુલા ઉપરના મોગરા, દાંડી - સખીઓના ભાવે. ફૂલની ચમરી - શ્રી વ્રજ - ભક્તોના છાયાના ભાવે. હિંડોળા - શ્રીસ્વામિનીજીના પ્રેમ ભાવે. શ્રી સ્વામિનીજી - પ્રભુને, શ્રી પ્રભુ - શ્રી સ્વામિનીજીને (અન્ય સખીઓને), વિવિધ સ્વામિનીજીઓ - શ્રીયુગલ સ્વરૂપને ઝુલાવે છે. કુદરતના લીલાછમ સૌંદર્યભર્યા વાતાવરણમાં થતો આ ઉત્સવ ભક્તોના હૃદયમાં પ્રેમને ઉન્મત્ત બનાવી તેને હિંડોળે

હિંચકે છે અને તેથી જ તેને ડોલ-તિબારીમાં સજાવાય - બગીચામાં સજાવાય.

શ્રીનંદાલયની ભાવનાથી વૈષ્ણવોના ગૃહે કિશોરલીલાના ભાવે ઝુલે છે. વ્રજ ભક્તોની ભાવનાથી વનમાં અંતરંગ ભાવે ઝુલે છે. આકાશમાંથી દેવી-દેવતાઓ પણ સપરિવાર પ્રભુને ઝુલતા જોવા પધારે છે. નંદાલયમાં પણ શ્રીયશોદાજીની ગોદીમાં અને નિકુંજલીલાના ભાવે હિંડોળાની ચોકી પર પ્રભુ ઝુલે છે. દરેક ઘરની રીત પ્રમાણે પહેલાં કે પછી આરતી આવે છે.

હિંડોળા ઉત્સવ એ અર્ચન - ભક્તિનું સ્વરૂપ છે. હિંડોળો એક સાધન છે અને ઝુલાવવું એ સાધના છે. ભક્ત અને ભગવાન વચ્ચે લાગણીનો સેતુ રચાય છે.

- **મચકીનો હિંડોળો :**

સારસ્વત કલ્પમાં ગોપીઓ ઘેલી બની, હિલોળા લેતાં હૈયે, શ્રીયુગલ સ્વરૂપને ઝાડની ડાળીએ બાંધેલા હિંડોળામાં ઝુલાવતી હશે એ વિચારે જ વૈષ્ણવોના મન પુલકિત થતાં. ઝુલા પણ વાદળો સંગે વાતો કરતા ઊંચે ઊડતા હશે! વ્રજમાં ધેનુ ચરાવવા જતાં ગોપ-ગ્વાલો કદંબના વૃક્ષની ડાળે દોરડા બાંધી શ્રીરાધા - કૃષ્ણને ઝુલાવી તેનો નિર્ભેદ આનંદ પ્રાપ્ત કરતા. વર્ષાઋતુના દિવસોમાં માટીની ભીની સુગંધ, ચોમેર લીલીછમ્મ ભૂમિ, વૃક્ષોની વનરાજી, તેમને વીંટળાયેલી લતાને જ ગૂંથી તેના પર જ હિંડોળા બાંધતી. મોર, બપૈયા, કોયલના મીઠા સૂરોભર્યું આહ્લાદક વાતાવરણ અંગે કલ્પનામાં ડૂબતું આપણું મન હર્ષથી રોમાંચિત નથી થતું શું?

*માઈ આજ તો હિંડોરે ઝૂલે છૈયાં કદમકી...*

સાવન-ભાદોંના હિંડોળામાં વીજળીના કડાકા, પક્ષીઓનો કલરવ, પશુઓનો ચિત્કાર અને કીર્તનની કેસેટો વગાડાય છે. લાઈટ ખોલ-બંધ કરી ભારે વર્ષામાં થતા વીજળીના કડાકાની તો વાત જ શું પૂછવી? હિંડોળે ઝુલતા પ્રભુનાં દર્શન માટે વૈષ્ણવો રોજ સાંજે મંદિર ભણી જાય છે. આમ, હિંડોળા મનોરથનું વર્ણન જ અશક્ય છે અને તેનો આનંદ જ અવર્ણનીય છે. વ્રજના ૧૬ સ્થળો હિંડોળા ઝુલનનાં છે. હિંડોળાની સજાવટમાં પુષ્ટિ-ભક્તોની કલા-કારીગરીનો અદ્‌ભુત સમન્વય શ્રી ઠાકોરજી પ્રત્યેના પ્રેમ સાથે થતો જોવામાં આવે છે. કુંજના હિંડોળામાં મચકીના હિંડોળાનો સમાવેશ થાય છે. જેમાં ઊડતી પરીઓ, ઝાડ પર વાંદરા અને મોર જેવા પક્ષીઓ, ચરતી ગાયોની સજાવટ કાલ્પનિક દશ્યને પાંખ લગાવે છે.

*મચકિ મચકિ ઝૂલેં, લચક લચક જાત*
*રચક રચી ચિત.*

*સાભાર : "સત્સંગ"*

## પવિત્રા અગિયારસ (પુષ્ટિ માર્ગનો પ્રાકટ્ય દિવસ)

એકાદશી વૈકુંઠ સુખ આપનારી છે, જે તન અને મનને પવિત્ર બનાવે છે. 'એકાદશી કરીએ તો વ્રજ સુખી પામીયે, જે બાર માસ કરે એકાદશી તેના અંતરમાં વસે અવિનાશી.' શ્રાવણ માસમાં શુક્લ પક્ષમાં આવેલી પવિત્રા એકાદશીનું પુષ્ટિમાર્ગમાં અનેરૂં મહત્ત્વ છે. શ્રી મહાપ્રભુજી ભૂતલ ઉપર આવેલા જીવોનો ઉધ્ધાર કરવા દેશભરમાં પરિભ્રમણ કરવા નીકળ્યા. આ ચિંતામાં તેઓએ ત્રણ વખત પરિક્રમા કરી હતી. પરિક્રમાં કરતાં ગોકુળમાં ગોવિંદ ઘાટ ઉપર સુતા હતા ત્યારે શ્રીનાથજી સાક્ષાત (શ્રી ગોકુલ ચંદયાજી) પ્રકટ થયા. શ્રી મહાપ્રભુજીને સાક્ષાત દર્શન આપ્યા. શ્રીનાથજી બાવાએ શ્રી વલ્લભને કહ્યું આપ જીવોની ચિંતા કરશો નહીં. જે જીવોને આપ બ્રહ્મસંબંધ (વૈષ્ણવી દીક્ષા) આપશો, મારા સન્મુખ કરશો તેમની બધી ચિંતા હું કરીશ. તેમને મારૂં સદાય શરણ આપીશ. હું તેમનો સદાય સ્વીકાર કરીશ. શ્રી મહાપ્રભુજીએ પોતે સ્વયં બનાવેલું ૩૬૫ તારનું પવિત્ર ઠાકોરજીને અર્પણ કર્યું અને મીશ્રીભોગ ધર્યો. આ દિવસ આજે વિશ્વભરમાં પુષ્ટિમાર્ગનો પ્રાકટ્ય દિવસ તરીકે ઉજવાય છે. પ્રથમ બ્રહ્મસંબંધ તેમણે પરમ ભગવદીય દામોદરદાસ હરસાણીને આપી ૮૪ અક્ષરનો અષ્ટોત્તર મંત્ર સમજાવ્યો. ગીતામાં પણ ભગવાન શ્રીકૃષ્ણે કહ્યું છે, તમો મારા શરણે આવો, તમારા યોગક્ષેમની જવાબદારી મારી છે. પુષ્ટિમાર્ગમાં વૈષ્ણવો શ્રી વલ્લભ અને શ્રીજી બાવાનું એકમાત્ર શરણું (આશ્રય) સ્વીકારે છે. આ બ્રહ્મસંબંધને કારણે વૈષ્ણવો ઘેર ઘેર નાનકડું નંદાલય બનાવી ઠાકોરજીની નિત્ય સેવા કરે છે. આજે આ દિવસે વૈષ્ણવો ઠાકોરજીને પવિત્રા ધરાવે છે. હવેલીમાં વલ્લભકુળના આચાર્યો પવિત્રા ધરાવે છે. એક માન્યતા મુજબ પ્રભુની સેવામાં કોઈ દોષ રહી ગયો હોય તો આ દિવસે પવિત્રા ધરાવવાથી દોષમાંથી મુક્તિ મળે છે. આ પવિત્રા એકાદશીનું વ્રત કરવાથી વાજપાઈ પાપનું ફળ મળે છે.

*ભક્ત સૂરદાસે પોતાના પદમાં ગાયું છે કે –*

*'પવિત્રા પહેરન કો દિન આયો.*
*કેસર કુમકુમ રંગ લગાયો કુંદના હાર બનાવો.*
*જે કાર કાર હોત વસુધા પર સુને મંગલ ગાયો*
*પહેરાયે પવિત્રા લીખે નંદ સૂરદાસ જશ ગાયો.'*

પવિત્રા બારસનો દિવસ ગુરૂનું ઋણ ચૂકવવાનો અવસર છે. પવિત્રા (પુત્રદા) એકાદશીનું મહાત્મ્ય ભવિષ્યયોગ પુરાણમાં ભગવાન કૃષ્ણ અને મહારાજ યુધિષ્ઠિર વચ્ચેની વાતચીતમાં વર્ણવવામાં આવ્યું છે.

શ્રીજી બાવા વૈષ્ણવોના ઉધ્ધાર માટે ગોકુળ વ્રજમાં સાક્ષાત શ્રી વલ્લભને ભેટ્યા. તેથી આ દિવસ મહત્ત્વનો છે. વૈષ્ણવોને આધિભૌતિક, આધ્યાત્મિક અને આધિ દૈવિક દોષોનું નિવારણ કરવાથી શ્રી મહાપ્રભુ વલ્લભાચાર્યે અભય વચન આપ્યું છે. બ્રહ્મસંબંધ દ્વારા શરણાગતિનો હેતુ જાપની દોષ નિવૃત્તિનો છે. આ દિવસે વિશ્વ પ્રસિધ્ધ 'મધુરાષ્ટકમ્'ની રચના થઈ છે.

*સાભાર : "ગુજરાત સમાચાર"*

# અષાઢી બીજ અને અમદાવાદની રથયાત્રા

તુલસીદાસ કંસારા - અમદાવાદ

જુલાઈ ૪, ૨૦૧૯ – અષાઢી બીજના દિવસે આપણે કચ્છી નવું વરસ ધામધૂમથી ઉજવ્યું અને વિક્રમ સંવત ૨૦૭૬માં પ્રવેશ કર્યો. આ અષાઢી બીજ એટલે અમદાવાદમાં રથયાત્રાનો દિવસ. અષાઢી બીજથી શરૂ થતું કચ્છી નવું વરસ, આપણા ઢીંગલા, ઢબુના સિક્કાઓ અને સફેદ રણ કચ્છને એક અનોખી ઓળખ આપતી અનેરી બાબતો છે.




આવી જ અનોખી બાબત છે અમદાવાદની રથયાત્રા. આ વખતે આ રથયાત્રા ત્રણેક કિ.મી. લાંબી હતી અને ૧૪ કિ.મી.નું વર્તુળ પૂરું કરેલ અને તેના પોલીસ બંદોબસ્તમાં જ લગભગ વીસ હજાર પોલીસના માણસો આખા ગુજરાતમાંથી બોલાવીને રોકેલ હતા. જેમાં રેપીડ એક્શન ફોર્સ જેવા પેરા મિલિટરી ફોર્સનો પણ સમાવેશ થતો હતો. આ રથયાત્રાની શરૂઆત અમદાવાદમાં ૧૪૧ વરસો પહેલાં થયેલ અને આ વરસની યાત્રા ૧૪૨મી હતી. અમદાવાદમાં જગન્નાથ મંદિર સાબરમતી નદીના સરદાર પટેલ બ્રિજના પૂર્વ છેડે આવેલ છે, જે વિસ્તાર મુસ્લિમ વસ્તીથી પ્રભાવિત છે. આ મંદિરથી વહેલી સવારે શરૂ થતી રથયાત્રા સરસપુર વિસ્તારમાં આવેલ મોસાળના મંદિરે જાય છે અને ત્યાં જગન્નાથજી, બળદેવજી અને સુભદ્રાજી માસીને ઘેર વિરામ કર્યા બાદ વળતી યાત્રા ફરી નિજ મંદિરે પહોંચે છે.

ઓરીસ્સામાં આવેલ પૂરીની જગન્નાથ યાત્રા ‘બડા ડન્ડા’ તરીકે ઓળખાતા મોટાભાગની હિંદુ વસ્તી ધરાવતા વિસ્તારમાંથી શરૂ થાય છે. જ્યારે આનાથી વિપરીત, અમદાવાદમાં તે શરૂ થાય છે જમાલપુર નામના મુસ્લિમ વિસ્તારમાં આવેલા મંદિરથી. આ વખતની યાત્રામાં મુખ્યત્વે અખાડાઓ અને તેમાં કસરતના ખેલ દેખાડતા રમતવીરો હતા તેમજ ભજન મંડળીઓ, ટ્રકોમાં શણગારેલા ફ્લોટ અને સૂત્રો બોલાવતા ભક્તો અને બધામાં પ્રથમ આખા પ્રોસેશનની શરૂઆતમાં મદમસ્ત હાથીઓ હતા, જે અમદાવાદના ગઢની અંદરના સાંકડા રસ્તાઓ ઉપરથી પસાર થતાં, કાનૂની વ્યવસ્થા માટે મોટો પડકાર બની જાય છે.

આ યાત્રાના ઇતિહાસ પર નજર ફેરવીએ તો જણાય છે કે ૧૯૪૬માં યાત્રા દરમિયાન કોમી એખલાસ જળવાયેલ ન હતું જેને કારણે રજબઅલી અને વસંત રાવ નામના બે યુવાનો શહીદ થયેલ. આ દિવસે જુલાઈ મહિનાની પહેલી તારીખ હતી તેને કોમી એકતા દિવસ તરીકે મનાવવામાં આવે છે. આના પછી ૧૯૬૯માં જગન્નાથ મંદિરની ગાયને કારણે હુલ્લડો થયેલ અને ૧૯૮૫માં પણ હુલ્લડો થયેલ. અને છેલ્લે ૨૦૦૨માં ગોધરાકાંડને કારણે થયેલ કોમી હુલ્લડોએ ગુજરાતમાં લગભગ ૧૨૦૦ લોકોનો ભોગ લીધેલ. પરંતુ ત્યારબાદ અત્યાર સુધી શાંતિ જળવાઈ રહેલ છે અને ખૂબીની વાત એ છે કે કોમી એકતાના પ્રતીક તરીકે લેખાતી આ રથયાત્રા ક્યારે પણ આવા હુલ્લડોને કારણે બંધ રહેલ નથી. આ વખતની રથયાત્રામાં જી.પી.એસ. અને ડ્રોન કેમેરા જેવા આધુનિક ટેકનોલોજીનો ઉપયોગ કરીને રથયાત્રાના રૂટ ઉપર નજર રાખવામાં આવતી હતી.

અમદાવાદની રથયાત્રાનો ઇતિહાસ કહે છે કે અત્યારે જ્યાં જગન્નાથજીનું મંદિર છે ત્યાં ૪૦૦ વર્ષ પહેલાં જંગલ હતું. હનુમાનદાસજી નામના એક સાધુએ આ જગ્યાએ જંગલમાં હનુમાનજીની મૂર્તિની સ્થાપના કરેલ. તેમના પછી આવેલ તેમના અનુયાયી સારંગદાસજી, જે ભગવાન જગન્નાથના ભક્ત હતા તેમણે ઓરીસ્સામાં પૂરીના મંદિરની મુલાકાત લીધી ત્યારે તેમને સ્વપ્નમાં ભગવાનના દર્શન થયા અને તેમને પરત ફરીને અમદાવાદમાં જગન્નાથ, બલભદ્ર અને તેમની બહેન સુભદ્રાની ત્રણ પવિત્ર મૂર્તિઓની સ્થાપના કરવાનું કહ્યું. આથી તેમણે આ ત્રણ મૂર્તિઓની સ્થાપના કરી મંદિરની શરૂઆત કરી તેમજ બાજુમાં ગૌશાળા બનાવી. ૧૮૭૮માં ચોથા અનુયાયી મહંત નરસિંહદાસજીએ પૂરીની જેમ અહીં રથયાત્રાની શરૂઆત કરી.

એવું માનવામાં આવે છે કે આખો વરસ મંદિરમાં રહ્યા બાદ, આ સમયે ભગવાન જગન્નાથ તેમના ખાસ કરીને એવા ભક્તો કે જેઓ શારીરિક રીતે નબળા હોય છે અને મંદિરે દર્શન માટે આવી શકતા નથી તેથી તેમને મળવા માટે રથમાં બહાર નીકળે છે અને તેમને દર્શન આપે છે. પૂરીમાં પરંપરાગત રીતે ત્યાંના જૂના કલિંગ રાજ્યના રાજા – જેને ગજપતિ કહેવામાં આવતા હતા તેઓ છેરા પહનરા – રથની સફાઈની

વિધિ કરતા, જેને અમદાવાદમાં 'પાહિંદ' વિધિ કહેવામાં આવે છે અને તે ચીફ મિનિસ્ટર કરે છે.

આના સિવાય પણ અમદાવાદની યાત્રા પૂરી કરતાં અન્ય રીતે અલગ પડે છે. ભગવાન જગન્નાથ, બલદેવ અને સુભદ્રાને યાત્રાના પહેલાના દિવસે આંખે પાટા બાંધવામાં આવે છે, જેને નેત્રોસ્તવ ઉજવણીનો ભાગ કહેવાય છે, પરંતુ ભક્તો તેમને જોઈ શકે છે. જ્યારે પૂરીમાં તેમને નવડાવવામાં આવે છે અને યાત્રાના દિવસ સુધી ભક્તોની નજરથી દૂર રાખવામાં આવે છે. ઓરીસ્સામાં એવું માનવામાં આવે છે કે ભગવાન જગન્નાથ તેમની ગોળ મોટી 'ચકા ડોલા' તરીકે ઓળખાતી આંખોથી આખી દુનિયા ઉપર ચોવીસ કલાક નજર રાખે છે અને ક્યારે પણ સૂતા નથી.

મોસાળે જતી પૂરીની રથયાત્રાને ગુન્ડિયા કહેવામાં આવે છે, જે નામ ગુન્ડિયા દેવી, જગન્નાથ ભગવાનની માસીના નામ પરથી પડેલ છે. ત્રણેય ભાઈ-બહેન ત્યાં સાત દિવસ રોકાય છે અને પછી 'બહુડી યાત્રા' વળતી યાત્રા શરૂ થાય છે. જ્યારે અમદાવાદમાં યાત્રા તે જ દિવસે માસીના ઘેરથી સાંજે પરત ફરે છે. અને તે જોવામાં આવે છે કે સાંજે નમાઝના સમય પહેલાં યાત્રા પાછી ફરે જેથી મુસ્લિમ ભાઈઓને નમાઝ વખતે અડચણ ન પડે અને તેઓ શાંતિથી ખુદાની બંદગી કરી શકે.




આ માસીમાં - અરદોશીની દેવીનું મંદિર પૂરીમાં "બડા ડન્ડા" તરીકે ઓળખાતો રસ્તો યાત્રાની મધ્યમાં આવેલ છે. જગન્નાથજીની પૌરાણિક વાર્તા મુજબ લક્ષ્મીદેવીએ શ્રીજીનું મંદિર છોડ્યું અને આમ જગન્નાથજી અને બલભદ્રજી ગરીબ બની ગયા અને તે દરમિયાન તેઓ બહાર નીકળ્યા. જ્યારે સુભદ્રાજી માસીને ઘેર રહેતા હતા. માસીમા અરદોશીની દેવી તરીકે ઓળખાતા હતા. સ્કંદ પુરાણના વૈષ્ણવ કાંડમાં જણાવવામાં આવેલ છે કે અરદોશીની દેવી સમુદ્રનું અધજાજેરું પાણી જે જગન્નાથજીના મંદિરને ડૂબાડી દે તેમ હતું તેને પી ગયા અને મંદિરને બચાવ્યું. અરદોશીની દેવી કપાલમોચના શિવ સાથે આ શ્રીક્ષેત્રના વાલી - રક્ષક તરીકે કામ કરે છે.

## બસ, એવું જ હોય મારું ઘર

*નભના હિંડોળે કિલ્લોલે પંખીના ઝૂંડ*
*એમ કિલ્લોલતો રહે મારો નીડ*
*બસ, એવું જ હોય મારું ઘર... (૨)*
*શ્રદ્ધાની ઈંટ ને આસ્થાની દીવાલ*
*છતથી વરસી રહે અખંડ નેહ*
*બસ, એવું જ હોય મારું ઘર... (૨)*
*આંગણના આવકારે આનંદે અભ્યાગત*
*વિસામો લે ઘડી, પરહરિ સર્વ દુઃખ*
*બસ, એવું જ હોય મારું ઘર... (૨)*
*અમાસી રાતલડીએ કેડી નિરખવા*
*ટમટમતા રહે બારીએ ઘર દીવડો*
*બસ, એવું જ હોય મારું ઘર... (૨)*

***પુષ્પાબેન વૈદ્ય 'અમી'***

## જિંદગીના પાના

*આયુષ્યને ઊંબરે શીતલ વાય રે*
*જિંદગીના પાનાં અમે વાંચવા બેઠાં*
*કોઈ વંચાયા લીલાછમ વૃક્ષ શાં*
*કેટલાંક વંચાયા સાવ સૂકાં*
*કેટલાંક પ્રભાતી પ્હોર જેવા તાજાં*
*જેણે મનને રાખ્યા સાવ સાજા.*
*કેટલાંક રહ્યા બળબળતાં બપોર શાં*
*જેણે જખમો કર્યા વધુ ગાઢા*
*કેટલાક મહેંક્યા, ચોપાસ પ્રસર્યા*
*જેણે કીધા અમને કેવા મહેંકતા*
*જિંદગીના પાનાં વાંચતા વાંચતા*
*અમે જીવન શીખ્યા આમ માણતાં.*

***પુષ્પાબેન વૈદ્ય 'અમી'***

***સૌજન્ય : "કાવ્યસંગ્રહ ત્રિદલ" શ્રીમતી પુષ્પાબેન વૈદ્ય 'અમી', શ્રી સરસ્વતીબેન સોલંકી 'રાહી'સ, શ્રી નિર્મલાબહેન ત્રિપાઠી 'નિર્મલ'***

# માતાના મઢ સમાજવાડીનું ખાતમુહૂર્ત



શ્રી અખિલ ભારતીય મારૂ કંસારા સોની જ્ઞાતિ મહામંડળ - ભુજ દ્વારા માતાના મઢ મુકામે રૂા. ૧.૨૦ કરોડના ખર્ચે નવનિર્માણાધીન વાડીના ખાત મુહૂર્ત પ્રસંગે આયોજીત મહામંડળની સામાન્ય સભામાં કચ્છ અને બૃહદ્ કચ્છના સોના ચાંદીના શ્રેષ્ઠત્તમ કારીગરોને કેન્દ્ર અને રાજ્ય સરકાર પુરસ્કૃત ઍવોર્ડ પ્રાપ્ત થાય, એ દિશામાં મહામંડળ સક્રિય બનશે.

મહામંડળના પ્રમુખ શ્રી ભરતભાઈ બી. બગ્ગાના અધ્યક્ષ સ્થાને યોજાયેલા આ કાર્યક્રમમાં પસાર થયેલા વિવિધ ઠરાવો પૈકી કચ્છના સોના ચાંદીના કારીગરોની સંખ્યાને ધ્યાનમાં લઈ, આ ક્ષેત્રે આગળ વધવા ઈચ્છુક કારીગરો માટે હુન્નરશાળા માટે ભુજમાં એક આદર્શ સ્થળનું નિર્માણ કરી કૌશલ્ય વર્ધન (સ્કીલ ડેવ.) માટે મહામંડળે બીડું ઝડપ્યું છે.

આ પ્રસંગે પ્રમુખ સ્થાનેથી ભરતભાઈ સોનીએ વાડીના નિર્માણની માહિતી આપી, ઉદાર હાથે ઝોળી છલકાવી દેવા જ્ઞાતિજનોને હાકલ કરી હતી અને મહામંડળના ઉપપ્રમુખ શ્રી લખમશીભાઈ કોટડિયાએ વાડીને સામાજીક એકતાનું પ્રતીક ગણાવી દરેક વ્યક્તિનું યોગદાન સાકાર થાય તો જ સમાજ પ્રતિષ્ઠા પ્રાપ્ત કરી શકે એમ જણાવ્યું હતું.

પ્રારંભમાં મહામંડળના મહામંત્રી શાંતિલાલ સોનીએ સ્વાગત પ્રવચન કરી અહેવાલ રજૂ કરી, વાડી નિર્માણ સંબંધે જરૂરી ઠરાવો ઉપર ચર્ચા હાથ ધરી, ઠરાવો પસાર કર્યા હતા. ખજાનચી શ્રી દિલીપભાઈ બગ્ગાએ હિસાબો રજૂ કર્યા હતા અને વાડીના ફંડ એકત્રીકરણ અંગે વિગતવાર અહેવાલ પ્રસ્તુત કર્યા હતા. આ પ્રસંગે ઉપપ્રમુખ અને પશ્ચિમ કચ્છના સમાજના

**શ્રી અખિલ ભારતીય મારૂ કંસારા સોની જ્ઞાતિ મહામંડળ**

**॥ દાનનો મહિમા ॥**

*ભારતભરમાં ઉત્સવોની પરંપરા અને ઉત્સવો દરમ્યાન દાન, પુણ્યનો મહિમા હોય છે. પ્રસંગોપાત દરેક જગ્યાએ ઉજવાતા ઉત્સવોમાં પણ દાન આપવાનો રીવાજ હોય છે. શાસ્ત્રોમાં એવું લખ્યું છે કે દાન આપનાર તો પુણ્યશાળી બને જ છે પણ સાથે સાથે દાન મેળવનાર પણ પોતાના ભાગ્યનું પુણ્યફળ દાન આપનારને અર્પણ કરે છે. રિધ્ધિ-સિધ્ધિ અને સમૃદ્ધિને જીવનભર ટકાવી રાખવા માટે દરેક શાસ્ત્રોમાં દાનનો મહિમા વર્ણવ્યો છે. આપણું મહામંડળ જ્યારે કચ્છના માતાના મઢ જેવા સુપ્રસિદ્ધ યાત્રાધામમાં આપણી જ્ઞાતિની સમાજવાડીનું ભગીરથ કાર્ય કરે છે ત્યારે સમાજનો પ્રત્યેક વ્યક્તિ ફૂલ નહીં તો ફૂલની પાંખડી મહામંડળને સહાય કરશે તો આ સેવાયજ્ઞ વધુ પ્રચલિત થશે તેમાં શંકાને કોઈ સ્થાન નથી. સ્વયંભુ રીતે સમાજના પ્રત્યેક વ્યક્તિ મહામંડળને પોતાની શક્તિ મુજબ દાનનો પ્રવાહ વહાવશે તો મહામંડળની ઝોળી છલકાઈ જશે. આપણે સૌએ એ યાદ રાખવું જોઈએ કે મહામંડળ માટે દાન માંગનાર વ્યક્તિ સમાજનો જ એક શ્રેષ્ઠી છે. દાન માંગનાર જ્યારે અન્ય સેવાકાર્ય માટે દાન માંગે ત્યારે દાન આપનાર વ્યક્તિ સમાજના જરૂરિયાતમંદ જ્ઞાતિજનોને મદદરૂપ થાય છે અને તેઓ પુણ્યના સહભાગી બને છે. ભારતભરના તમામ જ્ઞાતિજનો, સ્થાનિક અગ્રણીઓ, સમાજના શ્રેષ્ઠીઓ પોતાના વિસ્તારમાં મહામંડળ વતી દાન ઉઘરાવે તેવી હૃદયપૂર્વકની અપીલ કરૂં છું.*

**લી.**

**ભરતભાઈ બેચરલાલ બગ્ગા (નખત્રાણા) – પ્રમુખશ્રી**

**તથા હોદ્દેદારો**

# શાંતિસેતુ ક્લાસિફાઈડ

## अनमोल ज्वेलर्स एवं रत्न केन्द्र

कौशिक के. कहा
जितेश (राजु) के. कहा

सभी राशियों के रत्नों व उपरत्न के थोक एवं चिल्हर विक्रेता

दूरभाष : 0771 223 5657
मो. : 94790 35657, 9827176512
Email : anmolkk9@gmail.com • www.anmolratna.net

---

## MT મહેક ટ્રેડીંગ

બુલીયન મર્ચન્ટ

હરિશભાઈ નરોત્તમભાઈ સોની (ધાણેટીવાળા)
12 મીટર રોડ, પટણી બજાર, અંજાર (કચ્છ) 370 110.
Ph. No. 02836 - 241043, Mob. 99135 04898, 98258 37767

---

Deals in
Gold | Silver
Diamond Jewellery

Gopal Soni (M.A. Music)
Ph.: 276 39 69
Cell: 098222 26257

## New Darpan Jewellers

Prabha Niwas, Subhash Putla,
Old Bhandara Road, Nagpur-440008
Email:gopalpsoni@gmail.com

---

હર્ષદભાઈ ૯૮૨૫૦ ૫૬૪૭૦
પંચમ ૯૯૨૫૬ ૩૯૬૭૦
હરકિશન ૯૪૨૭૨ ૭૨૮૮૦

## શિલ્પ જ્વેલર્સ

સોના ચાંદી તથા ઝવેરાતના વેપારી
ગ્રહોની વીંટીના સ્પેશ્યાલિસ્ટ

૪૩, જયુબિલી કોલોની, વિજયનગર રોડ, ભુજ - કચ્છ. ૩૭૦ ૦૦૧
વર્કશોપ: ૭, ઝવેરી કોમ્પલેક્ષ, વાણિયાવાડ, ભુજ, કચ્છ. ૩૭૦ ૦૦૧

---

Vishal Pomal
B. Com., LL.B
9666664564

Manish Pomal
M.B.A. Gemologist
9701234526

## Ashok Kumar & Sons JEWELLERS

# 3-3-157/158, Subhas Road, Secunderabad-3
Off: 040-27812756, Email: aksjewel@gmail.com

---

Hitesh S. Pomal : 98791 22298
Nandish S. Pomal : 99242 19117

## M/s. Soni Ramniklal Nanalal

*Retailer of Gold and Silver Ornaments*

Foram S. Pomal : 94280 33100
Showroom : 02836 246108

## M/s. Mahalaxmi Jewellers

*Wholesale of Gold Ornaments*

Lalbahadur Shashtri Road, Anjar-Kutch-370110
Email: foramsoni2@gmail.com

---

પારકાને પોતાના કરવા એ નહીં પરંતુ
પોતાના છે એને વ્હાલા કરવા એ જીવનક્ષેત્રે
મોટામાં મોટો પડકાર છે.

ઘનશ્યામભાઈ પ્રેમજીભાઈ ઠક્કર
હર્ષ, રિયા અને યશ ઠક્કર

૫૨ : ઈમ્પાઈર એપાર્ટમેન્ટ, ડફનાળા, શાહીબાગ અમદાવાદ-૩૮૦૦૦૪
ફોન : ૨૨૮૬ ૭૯૩૨

---

Arunbhai Soni
982424 14895
Riteshbhai Soni
90338 42533

02836 245572

## BABUBHAI JEWELLERS


MANFARAWALA

*Manufacturers & Dealers of Gold & Silver Ornaments*

Lohar Chowk, 12 Mtr Road, Ganga Bazar, Anjar (Kutch)



La Pino'z Pizza
Kekiz
The Shake Maker
GANDHIDHAM BHUJ
AHMEDABAD
GANDHIDHAM
Mukesh Soni - 98792 03529


PrabhuKrupa
Jewellers
BIS Approved Hallmark Gold Jewellery
Dealers & Makers of Gold and Silver Ornaments
Symbol of Trust & Beauty
5, Srimadshikhar Complex, M.P. Road, Anjar-Kutch.
02836-242347
asoni2910@gmail.com
prabhukrupajewellers
prabhukrupajewellers
Atul Soni : 97250 38140
Anil S. Soni : 98242 85210
Kirtan A. Soni : 90336 28998


Pinack. S. Halaie
99225 79995
Vipul. S. Halaie
94221 02427
Macken Jeweller's
Macken Gift
Vipul Wooden Art.
(Govt. Contractor)
Abhyankar Road sitabuldi Nagpur


GULAB FILTERED GROUNDNUT OIL
Gujarat's Best Groundnut Oil
GULAB OILS
PANKAJ INDUSTRIES, KALUPUR, AHMEDABAD. TEL.: (079) 2213 1151, 9925125251


M : 09998694694
Email : gp_hirise@yahoo.co.in
Er. Ghanshyam Soni
B. E. Civil
HI-RISE
CONSULTANT
• Architectural Designer
• Structure Designer
• Consulting Civil Engineer
• Approved Valuer
Let's Live Better...
Office : 1/4, AJANTA COMPLEX, B/H S.T. STATION, MODASA-383315 DIST SABARKANTHA (GUJ)


Kiranbhai Soni
Deven Soni
94269 21470
98253 74977
Soni Kiran Kanjibhai
Manufacturer & Dealers of Gold & Silver Ornaments
Shivaji Road, Modh Faliya, Nr. Dr. Sorathiya,
Anjar - Kutch. Ph.: (R) 241070, 653628


કંસારા નવનીતલાલ જગજીવનદાસ
સોના ચાંદીના વહેપારી
૪૫૦/૧-૩, સાંકડી શેરીના નાકે,
માણેક ચોક, અમદાવાદ - ૦૧.
ફોન : (દુ) ૨૨૧૪૨૮૮૦, ૨૨૧૪૪૯૭૪
(ઘ) ૨૨૧૪૬૯૪૧
મો.: ૯૮૭૯૫૩૮૩૧૧


Cell: 98254 14935
Pravinchandra Choksi
P Himatlal
Lagdi, Coins, Notes & 92.5 Silver Items
366/1 Ketarpal's Pole, Manek Chawk, Ahmedabad-1
Tel.: 079 2211 0540 | Email: p_himatlal5@yahoo.com

પ્રમુખશ્રી ધનજીભાઈ એચ. બુધ્ધભટ્ટી, ઉપપ્રમુખ સુનીલભાઈ કંસારા, ફોરમભાઈ પોમલ (અંજાર), મંત્રી અતુલભાઈ સોની (અમદાવાદ), ભરતભાઈ ટી. બગ્ગા (ગાંધીધામ), દિનેશભાઈ જે. બારમેડા (સાબરકાંઠા - તલોદ), સહ ખજાનચી નીતિનભાઈ હેડાઉ, કીર્તિભાઈ કે. સોલંકી (વડાલીવાળા) તેમજ અમદાવાદ સમાજના અગ્રણી શ્રી મનુભાઈ કોટડિયા વગેરે ઉપસ્થિત રહ્યા હતા.

'કચ્છમિત્ર'ના મેનેજર શ્રી શૈલેષભાઈ કંસારા, નખત્રાણાના પ્રથમ નાગરિક જીજ્ઞાબેન પી. સોની, માધાપર લાયોનેસ ક્લબના પ્રમુખ ચંદ્રિકાબેન પરમાર, મહિલા મોરચાના ઉપપ્રમુખ કલ્પનાબેન કટ્ટા તેમજ વાડીના નકશા માટે યોગદાન આપનારા નખત્રાણાના ભાવેશ બગ્ગાનું ખાસ સન્માન કરવામાં આવ્યું હતું.

સમાજવાડી જમીનના દાતા સ્વ. ધારશી દેવજી કટ્ટા અને સ્વ. હંસરાજ વેલજી કટ્ટા પરિવારના દેવજી પી. કટ્ટા તેમજ ઉમેશભાઈ ડુંગરશી કટ્ટાનું તેમજ મઢની વાડીના પ્રણેતા સ્વ. પુરુષોત્તમ ડી. બીજલાણી પરિવારની પુત્રીઓ શાંતાબેન અમૃતલાલ બારમેડા, ડાહીબેન ભગતલાલ બારમેડા (રાયપુર), કમળાબેન ચંદુલાલ સોલંકીને પણ સન્માનિત કરવામાં આવ્યા હતા.


આ પૂર્વે સમાજના ગોર મૈત્રેય ગોરના મંત્રોચ્ચાર સાથે વાડીનું ભૂમિપૂજન કરવામાં આવ્યું હતું. જેમાં દાતા પરિવારના પરિવારજનો તેમજ મઢના સરપંચ શ્રી સુરેન્દ્રસિંહ જાડેજા, મંદિરના પૂજારી ગજેન્દ્રસિંહ ચૌહાણ, મઢ વેપારી એસો.ના પ્રમુખ અરવિંદભાઈ શાહ તથા મંગલ સિંહ સોઢા વગેરે ઉપસ્થિત રહ્યા હતા.

સમગ્ર કચ્છમાંથી સોની સમાજના પ્રમુખશ્રીઓ પૈકી અંજારના પ્રમુખ દિનેશભાઈ સાકરીયા, દયાપરના નરપંચ શ્રી અનિલભાઈ લાલજી બારમેડા, રવાપરના વિનોદભાઈ કટ્ટા, વિથોણના શાંતિલાલ દેવજી બારમેડા, નલિયાના હરેશભાઈ બારમેડા, માંડવીના પ્રમુખ બીજલાણી રમેશભાઈ, માધાપરના નવીનભાઈ આઈ. સોની, મોટી વીરાણીના પ્રમુખ જેન્તીલાલ સોલંકી, ગઢશીશાના પ્રમુખ સમીરભાઈ ધારશી, કોઠારાના પ્રમુખ કાંતિલાલભાઈ પોમલ, નેત્રાના પ્રમુખ શ્રી નારાણભાઈ પરમાર વગેરે ખાસ ઉપસ્થિત રહ્યા હતા.

કાર્યક્રમને સફળ બનાવવા મઢના રાજુભાઈ સોની તથા રતાપર, દયાપર અને નખત્રાણાના યુવક મંડળ અને સમાજના અગ્રણીઓએ જહેમત લીધી હતી. કાર્યક્રમનું સંચાલન માધાપરના મહેશભાઈ બારમેડાએ કર્યું હતું. આ પ્રસંગે વિવિધ સમિતિઓની રચના કરવામાં આવી હતી.

## સ્વ. પરષોત્તમ ધારશી સોની – એક વિરલ વ્યક્તિત્વ

*– શાંતાબેન બારમેડા*



પરષોત્તમ બાપા વિશે ઘણું જ લખવાનું મન થાય પણ નાનપણમાં જ લગ્ન થઇ ગયા હોવાથી નાનપણમાં બાપા સાથે રહ્યા એટલા જ વખતનો ખ્યાલ હોય. બાકી તો તેમણે જીવનમાં ઘણા જ કાર્યો કર્યા છે. તેમાંની સાંભળેલી વાત હું અહીં લખું છું. તેઓ ઘણા જ પરાક્રમી, સાહસી અને નીડર હતા અને નિ:સ્વાર્થી અને પરગજુ પણ હતા. હવે આ પરગજુની એક વાત લખું છું.

બાપાની પાસે વાડી અને એ વાડીમાં ઘણા જ મજુરો અને સાથી હતા. તેમાંનો એક સાથી આહીર સામંતભાઈ હતો અને તે વાડીની દેખભાળ કરતો. હવે બન્યું એવું કે એક દિવસ પોલીસે એ સામંતને તેના ઘરેથી પકડી અને બાજુમાં પંચાયતચ ઓફિસમાં તેમની પૂછપરછ કરતા હતી. તે ઓફિસ પરષોત્તમ બાપાના ઘરની પાછળ હોવાથી અવાજ આવતો બાપાએ સાંભળ્યો અને તેમણે પંચાયતમાં જઈને જોયું તો પોતાની વાડીનો માણસ સામંત હતો. ત્યારે બાપાએ પૂછપરછ કરી અને પોલીસ ઈન્સ્પેક્ટર પાસેથી માહિતી મેળવી. સામંતને મારવા માટે પોલીસે હાથ ઉગામ્યો ત્યારે બાપાએ ઈન્સ્પેક્ટરનો હાથ પકડી લીધો. આ એક નીડરતાનો દાખલો!

બાપા સવારના અંજાર દુકાને જાય. તેથી પહેલા સવારના વરસામેડી ગામના લોકો બાપા પાસે આવતા. પોતાની અંગત સમસ્યા તેમજ ગામની સમસ્યાની બાપા પાસે રજુઆત કરતા અને દરેક સમસ્યાનો ઉકેલ લાવતા અને સાંજના ઘરે આવી, ગામમાં એક કલાક માટે ચોરે પૂછપરછ કરતા.

અન્ય એક વાત! ગામના યુવાનો ઓટલે જુગાર રમતા હોય તો બાપાને જોઈ, અવાજ સાંભળે ત્યારે ઊભા થઈ જતા, એટલો ગામનો દરેક વ્યક્તિ બાપાનો આદર કરતા. ગામમાં દરબારોની વસ્તી પણ ખૂબ જ હતી અને દિવાળીના પડવાને દિવસે બાપાના ઘરે આવી અને નવા વર્ષના રામ રામ કરતા. આ તો એક વાત નાનકડી. બાકી આપણા સમાજની દરેક વ્યક્તિ બાપા વિશે જાણે જ છે. હવે માતાના મઢમાં સમાજની વાડીનું જે ભૂમિપૂજન તા. ૩-૫-૨૦૧૯ના રોજ થયું તો તે વિશે પણ સમાજને ખબર છે. માટે બહુ નથી લખતી.

***આ નિષ્ઠુર જગતમાં નરમ દિલ રાખી જીવવું***
***એ હિંમત છે, કમજોરી નહીં.***

# ભુજ જ્ઞાતિ દ્વારા કેન્સર તપાસણી કેમ્પ યોજાયો

મહેશ કંસારા - ભુજ





જનકલ્યાણ મેડિકલ સોસાયટી - માંડવી અને મારૂ કંસારા સોની જ્ઞાતિ મેડિકલ કાયમી ફંડ સમિતિ દ્વારા ભુજ શહેરના વાઘેશ્વરી પાર્ટી પ્લોટમાં યોજવામાં આવેલી બ્રેસ્ટ તથા ગર્ભાશયના મુખના કેન્સર તપાસણી કેમ્પમાં ઉપસ્થિત ધારાસભ્ય ડૉ. નીમાબેન આચાર્યએ દીકરીના ભવિષ્યની ચિંતા કરતા માવિત્રોને પુત્રીના આરોગ્યની ચિંતા સેવી તેને એચ.પી.વી.ની વેક્સિન આપવા અનુરોધ કર્યો હતો.

ધારાસભ્ય ઉપરાંત જનકલ્યાણ મેડિકલ સોસાયટીના સ્થાપક પ્રમુખ ડૉ. મધુકરભાઈ રાણા, પ્રમુખ કિરણભાઈ સંઘવી, ભુજ મારૂ કંસારા સોની જ્ઞાતિના ઉપપ્રમુખ અનિલભાઈ છત્રાળા, હર્ષદભાઈ બુધ્ધભટ્ટી, નગર અધ્યક્ષા લતાબેન સોલંકી, શ્રીમાળી સોની સમાજ પ્રમુખ વિજયભાઈ સોનીએ દીપ પ્રાગટ્ય કર્યું હતું.

રાજકોટના ગાયનેકોલોજિસ્ટ ડૉ. જ્યોતિબેન શાહે જણાવ્યું હતું કે કેન્સર થવાના કારણો, ૩૨ પ્રકારના કેન્સર અંગે માર્ગદર્શન આપતા જણાવ્યું હતું કે, સ્ત્રીઓ પોતાને થતી શારીરિક તકલીફને સહન કરતી રહે છે અને જ્યારે ખૂબ જ તકલીફ થાય ત્યારે તેનો ઈલાજ કરવો શક્ય હોય, પરંતુ ખૂબ જ ખર્ચાળ હોય જેથી પોતાના સ્વાસ્થ્યની પોતે જ જાળવણી કરી અને ગર્ભાશયના તેમજ બ્રેસ્ટના રોગોની નિયમિત ચકાસણી કરવા જણાવ્યું હતું.

કેમ્પમાં તપાસણીમાં ૧૧૫ બહેનો હાજર રહી હતી, ૮૭ની તપાસણી કરાઈ હતી જેમાં ૫ મહિલાની ક્રાયો સર્જરી કરાઈ હતી અને ૫૬નો પેપ સ્મીઅર ટેસ્ટ કરવામાં આવ્યો હતો.

તમામ ટેસ્ટના રીપોર્ટ આવ્યા બાદ જરૂરત જણાશે તેવા કેસોને જનકલ્યાણ મેડિકલ સોસાયટી મુકામે રાહતદરે સારવાર આપવામાં આવશે. ૧૧ બહેનોને વેક્સિન આપવામાં આવ્યા હતા.

માનકુવા ચેરીટેબલ ટ્રસ્ટના જાદવજીભાઈ ગોવિંદ, તાલુકા પંચાયતના પ્રમુખ હરેશભાઈ ભંડેરી, ભુજ મારૂ કંસારા સોની સમાજના ભરતભાઈ એચ. બગ્ગા, ચેતનભાઈ આઈ. બારમેડા, અશોકભાઈ બુધ્ધભટ્ટી, ભાવિકભાઈ કંસારા, સુધાબેન બુધ્ધભટ્ટી, જયશ્રીબેન બુધ્ધભટ્ટી, વિશ્વાબેન કંસારા, દિપ્તીબેન ગુજરાતી, માલતીબેન ગુજરાતી, રીચાબેન છત્રાળા, જાગૃતિબેન પટ્ટણી, આશાબેન કંસારા, હેમાબેન રાણપરાની ટીમે જહેમત ઉઠાવી હતી. માંડવી જનકલ્યાણ મેડિકલ ટ્રસ્ટના ડૉ. સરોજબેન રાણા, મહામંત્રી સંજયભાઈ છત્રાળા (ડગાળાવાળા), ઉપપ્રમુખ ભાવનાબેન ઉદેશી, ઈશ્વરભાઈ દેસાઇ, અરવિંદભાઈ શાહ, દિનેશભાઈ શાહ, માલતીબેન બારોટ ઉપસ્થિત રહ્યા હતા. આયોજન મેડિકલ સમિતિના મંત્રી મહેશ એમ. કંસારા, આભારવિધિ સંજયભાઈ બુધ્ધભટ્ટીએ કરી હતી.

## જીવનભાવના

*થોડી વસ્તુઓથી સંતુષ્ટ રહેવું. વૈભવને બદલે સુંદરતા અને ફેશનને બદલે સુઘડતા પસંદ કરવી.*

*સન્માનનીય થવા કરતાં - સન્માનને ઝંખવાને બદલે માનને યોગ્ય અને પાત્ર બનવું.*

*સંપત્તિવાન નહીં પણ સમૃદ્ધ બનવું. સખત પરિશ્રમ - ઊંડો અભ્યાસ કરવો. શાંત ચિત્તે વિચાર કરવો, મૃદુ રીતે વાત કરવી, નિખાલસપણે વર્તવું.*

*તારાઓ, પંખીઓ, બાળકો અને સાધુજનોનાં હૃદયગાન ખુલ્લાં દિલથી સાંભળવા. બહુ આનંદથી ખમી લેવું, હિંમતથી કાર્ય કરવું. અવસરની રાહ જોવી, ઉતાવળ કદી કરવી નહીં.*

*– ટૂંકમાં, સામાન્યતામાં અણકથી અને અભાનપણે રહેલી આધ્યાત્મિકતાને પ્રકટવા દેવી – આ મારી જીવનભાવના છે.*

*– વિલિયમ હેનરી ચેનીંગ, સૌજન્ય : "સમજણના સૂર"*

# મેડિકલ કાયમી ફંડ સમિતિ - ભુજ

**મહેશભાઈ કંસારા - ભુજ**

શ્રી મારૂ કંસારા સોની જ્ઞાતિના લોકો માટે આયુષ્માન કાર્ડ બનાવી આપવા એક સેમિનારનું આયોજન જ્ઞાતિની મેડિકલ કાયમી ફંડ સમિતિ - ભુજ દ્વારા તા. ૧૫-૬-૨૦૧૯ અને તા. ૧૬-૬-૨૦૧૯ના રોજ કંસારા બજાર મધ્યે આવેલ જ્ઞાતિના સ્મૃતિ હોલ મધ્યે આયોજન કરવામાં આવ્યું.

અગાઉ દવાખાના સરકારી હતા અને તેમાં મફત અથવા તો નજીવો ચાર્જ ચૂકવી કોઈ પણ રોગનું સચોટ નિદાન થતું હતું. સમય જતા દેશમાં પ્રાઈવેટ હોસ્પિટલો અને મલ્ટી સ્પેશિયાલિટી હોસ્પિટલો ઊભી થવા માંડી અને ઈલાજ પણ મોંઘો થવા માંડ્યો. જેના લીધે ગરીબ અને મધ્યમ વર્ગના પરિવારોને સારવાર ખૂબ જ ખર્ચાળ બનતા સારવાર કરાવવા બાબત તકલીફોનો સામનો કરવો પડતો. આવા સમયે માનનિય વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી સાહેબ દ્વારા જન આરોગ્ય યોજનાની જાહેરાત કરવામાં આવી અને આજે મધ્યમ અને ગરીબ વર્ગનાં લોકો માટેની આ લાભદાયી યોજના દ્વારા સારવાર ઉપલબ્ધ થવા લાગી. જે માટે સરકારશ્રી દ્વારા વર્ષ ૨૦૧૧-૧૨ના કરવામાં આવેલ આર્થિક સર્વેક્ષણની યાદીમાં સમાવિષ્ટ લોકો માત્ર રૂા. ૩૦/-માં આયુષ્માન કાર્ડ બનાવી અને વર્ષમાં પાંચ લાખ સુધીની મફત સારવાર ખાનગી અને સરકારી હોસ્પિટલોમાં કરાવી શકે છે.




આ કાર્યક્રમ સમિતિના ચેરમેન શ્રી હર્ષદભાઈ ઝેડ. બુધ્ધભટ્ટીના પ્રમુખ સ્થાને રાખવામાં આવેલ. જેમાં જ્ઞાતિ પ્રમુખ શ્રી હિતેશભાઈ પ્રભુદાસ ગુજરાતી, નગર અધ્યક્ષા શ્રીમતી લતાબેન સોલંકી, યુવક મંડળના પ્રમુખ શ્રી ભાવેશભાઈ બગ્ગા, મહિલા મંડળના પ્રમુખ શ્રી સુધાબેન બુધ્ધભટ્ટી, પ્રધાન મંત્રી જન આરોગ્ય કેન્દ્રનાં કચ્છ જીલ્લાનાં કો-ઓર્ડિનેટર શ્રી બિપીનભાઈ આહીર હાજર રહેલ.

કાર્યક્રમની શરૂઆતમાં મહેમાનોનું શાબ્દિક સ્વાગત મંત્રી શ્રી મહેશભાઈ કંસારા દ્વારા કરાયા બાદ મંચસ્થ મહાનુભાવો દ્વારા દીપ પ્રાગટ્ય કરવામાં આવેલ. આ પ્રસંગે કચ્છ જીલ્લા પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજનાના કચ્છ જીલ્લા કો-ઓર્ડિનેટર શ્રી બિપીનભાઈ આહીર દ્વારા સમગ્ર યોજના અંગેની માહિતી વિસ્તૃતપણે આપવામાં આવેલ. કચ્છમાં આ યોજના હેઠળ ખાનગી, સરકારી મળીને ૧૨૨ હોસ્પિટલમાં આ કાર્ડ મારફત સારવાર કરવામાં આવે છે. જે હોસ્પિટલમાં નિયત થયેલ હશે તે હોસ્પિટલમાં સારવાર ઉપલબ્ધ થશે તેવું તેમણે જણાવેલ હતું. જ્ઞાતિના મંત્રી શ્રી મહેશભાઈ કંસારા દ્વારા કરવામાં આવેલી કામગીરીની તેઓ દ્વારા સરાહના કરવામાં આવી. આ અંગે સતત સંપર્કમાં રહી યથાયોગ્ય સહકાર આપતા રહેશે તેવી ખાત્રી આપી હતી.

આ પ્રસંગે નગર અધ્યક્ષા શ્રીમતી લતાબેન સોલંકીએ આ યોજનાલક્ષી કાર્ડ દ્વારા સારવાર ઉપલબ્ધ થવાથી લોકોને આ બાબતે આર્થિક રાહત થયેલ છે અને જે લોકોના નામ પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજનામાં નથી તેઓ મા-અમૃતમ્ કાર્ડ દ્વારા પણ સારવારનો લાભ મેળવી શકે છે તેવું જણાવી જ્ઞાતિ દ્વારા '૧૦૮'નું બિરૂદ મેળવનાર શ્રી મહેશભાઈ કંસારાની મહેનતથી યોજાયેલ આ યોજનાનો વધુમાં વધુ લોકો લાભ લે તેવી ઈચ્છા વ્યક્ત કરેલ.

જ્ઞાતિ પ્રમુખ શ્રી હિતેશભાઈ સોની દ્વારા સમાજને લગતા કાર્યક્રમમાં સંપૂર્ણ સહયોગની ખાત્રી આપવામાં આવેલ.

બંને દિવસે યોજાયેલ કેમ્પમાં આયુષ્માન કાર્ડના કુલ ૨૬૪ કાર્ડ બનાવવામાં આવેલ જ્યારે માં અમૃતમ કાર્ડના ૧૪૨ લાભાર્થી તરીકેના ફોર્મ ભરી અને સંપૂર્ણ માહિતી આપવામાં આવેલ તથા ઈન્દુભાઈ એચ. સોલંકી દ્વારા આ માટેના સ્ટેમ્પ પેપરના લખાણના પ્રિન્ટની સેવા આપવામાં આવેલ.

સમાજના તમામ લાભાર્થીની યાદીઓને ઓનલાઈન કાઢી અને તૈયાર કરવાની કામગીરી કરવા બદલ શ્રી ભાવિક મહેશભાઈ કંસારા દ્વારા મોમેન્ટો આપી સન્માન કરવામાં આવેલ. આ યોજનાના કાર્ડ બનાવવા માટે શ્રી શ્રવણકુમાર મારાજ, પલક ગાંધી, ખીમજીભાઈ પટેલનું પણ મોમેન્ટો દ્વારા સમાજનાં પ્રમુખશ્રી તથા જ્ઞાતિ અગ્રણીઓ દ્વારા સન્માન કરવામાં આવેલ હતું.

આ કાર્યક્રમને સફળ બનાવવા માટે મંત્રી શ્રી મહેશભાઈ કંસારા, અશોકભાઈ જે. બુધ્ધભટ્ટી, સંજીવભાઈ એ. બુધ્ધભટ્ટી, જે.કે. કંસારા, મુળજીભાઈ એન. કટ્ટા, વિશ્વાબેન કંસારા, જાગૃતિબેન પટણી, બિપીનભાઈ પરમાર, ભરતભાઈ હિંમતલાલ બગ્ગા, ભાવિક કંસારા, અમૃતલાલ જે. સોલંકી, રાજેશ વી. બુધ્ધભટ્ટી, હસમુખ વી. બગ્ગાએ જહેમત ઉઠાવેલ. કાર્યક્રમની આભારવિધિ સંજીવભાઈ એ. બુધ્ધભટ્ટી દ્વારા કરવામાં આવી હતી.

**જ્ઞાતિ સમાચાર**

# નખત્રાણા ખાતે કાલીકા મહા પુરાણનું આયોજન

**હીરાલાલ સોની - મહામંત્રી**

## પશ્ચિમ કચ્છ શ્રી મારૂ કંસારા સોની સમાજ

નખત્રાણા ખાતે અષાઢ માસે સુરતના શિવાનંદ ઉર્ફે ગણપતલાલ પંચીગર (ઉં.વ. ૮૭) (રીટાયર્ડ ચીફ એન્જિનિયર એન્ડ જોઈન્ટ સેક્રેટરી - નર્મદા વિભાગ, સચિવાલય, ગાંધીનગરથી નિવૃત્ત)વાળાએ કાલીકા મહાપુરાણની કથા સંગીતમય શૈલીમાં સંભળાવી શ્રોતાઓને તરબોળ કર્યા હતા.

નખત્રાણા સોની સમાજવાડી ખાતે પાંચ દિવસ દરમ્યાન શ્રી મારૂ કંસારા સોની સમાજના ઉત્પત્તિ અને મહા કાલીકા કંસારા સોની સમાજની કુળદેવી કઈ રીતે છે? આપણે દક્ષ પુત્રો તથા સહસ્રાર્જુનના વંશજ કેમ છીએ? તે પુરાણોના અંશો રજૂ કરીને વિગતવાર આગવી શૈલીમાં સંગીતમય કથા રૂપે સમજાવતા ભાવવિભોર થયા હતા. આ કથા માત્ર ને માણ સોની સમાજ પૂરતી જ રાખવામાં આવી હતી અને આ ધાર્મિક કાર્યને જ્ઞાતિજનોએ રસપૂર્વક માણ્યો હતો.



કથાની શરૂઆત અત્રેના સમાજના આગેવાનો સાથે કચ્છના મુખ્ય દાતા શ્રી ગંગારામ કરશનદાસ કટ્ટા, સહદાતાઓ સર્વશ્રી શ્રીમાનજી કાનજી બુધ્ધભટ્ટી (દેવીસરવાળા) હસ્તે શ્રી ગંગારામભાઈ મનજી તથા સ્વ. શ્રી રમેશભાઈ મોહનલાલ બગ્ગા નખત્રાણાના સ્મરણાર્થે હસ્તે શ્રી હીરાલાલ તથા શ્રી બ્રેગીનભાઈ અને શ્રી મેબ્રીનભાઈ પરિવાર, તેમજ સોની હંસરાજ વેલજી કટ્ટા પરિવાર હસ્તે શ્રી રતિલાલભાઈ, શ્રી હિંમતલાલ, શ્રી ભોગીલાલ અને શ્રી ધીરજલાલ પરિવાર સહિત ભુજ ખાતે આવેલ સમાજનું શ્રી મહાકાલીકાના મંદિરે માતાજીને આમંત્રણ આપવા ગયેલ. ત્યારે ભુજ સમાજના પ્રમુખ શ્રી હિતેશભાઈ પ્રભુદાસ ગુજરાતી, માજી પ્રમુખ શ્રી અમૃતલાલ જેઠાલાલ સોલંકી, મહામંત્રી શ્રી મહેશભાઈ મોહનલાલ કંસારા, ચેતનભાઈ બારમેડા, શ્રી ભાવેશભાઈ બગ્ગા, શ્રી અશોકભાઈ બુધ્ધભટ્ટી, શ્રી મુળજીભાઈ સહિતના અગ્રણીઓએ મહાકાલીકાના મંદિરે આવકાર્યા હતા.

પ્રથમ દિવસે આ કથાના મુખ્યદાતા તથા સહ દાતાઓના નિવાસ સ્થાને શ્રી પોથી યાત્રા શરૂ કરવામાં આવી હતી. જેમાં સમાજના બાળકોથી માંડીને વૃધ્ધો જોડાયા હતા અને આ પોથી યાત્રા શહેરના મુખ્ય રસ્તા ઉપરથી પસાર થઈને વાજતે ગાજતે કથાના સ્થળ સોની સમાજવાડી ખાતે પહોંચી હતી. જ્યાં સમાજના ગોર મહારાજા શ્રી દેવેન્દ્રભાઈ બાલુમારાજ જોષીએ આચાર્યપદે રહી પૂજા અર્ચના વગેરે સતત પાંચ દિવસ સુધી પૂજા પાઠ કરાવેલ.

પાંચ દિવસનો કથાનો કાર્યક્રમ દરમિયાન પશ્ચિમ કચ્છના નખત્રાણા, લખપત અને અબડાસા તાલુકાના સમાજના મોટી સંખ્યામાં જ્ઞાતિજનોએ લાભ લીધો હતો તથા ભુજ, માધાપર, અંજાર, માંડવી, સુખપર, માનકુવા, ગઢશીશા, મીરજાપર વગેરે સ્થળોએથી પણ મોટી સંખ્યામાં જ્ઞાતિજનોએ આ કથાનો લાભ લીધો હતો તથા ખર્ચને પહોંચી વળવા સ્વૈચ્છિક ડોનેશન આપીને ધર્મના કાર્યમાં સહભાગી બન્યા હતા.

કાર્યક્રમને સફળ બનાવવા માટે સમાજના શ્રી પ્રવીણભાઈ બેચરલાલ કટ્ટાએ રસોઈ વિના ચાર્જે તથા શ્રી ધનશ્યામ બેચરલાલ કટ્ટાએ નાસ્તો વિના મજૂરીએ અને રમેશભાઈ મોહનલાલ કંસારાએ ગાદલા વગેરે વિના મૂલ્યે સેવા આપી હતી. પ્રસાદના દાતા કંસારા ભચીબેન મોહનલાલ ગુજરાતી પરિવાર રહ્યા હતા. શૈક્ષણિક ઈનામના પ્રથમ ઈનામના તથા એક દિવસના અલ્પાહારના દાતા તરીકે જામનગરના શ્રી કિશોરભાઈ ભૂત રહ્યા હતા. અગ્રણીઓ શ્રી ધનજીભાઈ બુધ્ધભટ્ટી, શ્રી હીરાલાલ સોની, શ્રી હેમેન્દ્રભાઈ કંસારા, શ્રી જયેશભાઈ કટ્ટા, શ્રી બ્રેગીનભાઈ સોની, શ્રી મનસુખલાલ સાકરીયા, ઘનશ્યામ સાકરીયા, છગનલાલ પોમલ, શ્રી ગૌરીભાઈ કટ્ટા, શ્રી રમેશભાઈ પોમલ, બાબુલાલ સાકરીયા, જેન્તીલાલ ગુજરાતી નલીયા.

પ.કચ્છ યુવક મંડળના પ્રમુખ શ્રી પ્રફુલભાઈ, મહામંત્રી શ્રી મેબ્રીનભાઈ, શ્રી દીપકભાઈ કટ્ટા, શ્રી દિનેશભાઈ બારમેડા (નેત્રા), શ્રી પ્રફુલ એમ. પરમાર, શ્રી પ્રફુલ એમ. બારમેડા, શ્રી અશ્વિન ડી. કોટડિયા, શ્રી હર્ષિલ સોલંકી, શ્રી રાજા સાકરીયા, શ્રી અંકિત પોમલ, શ્રી પાર્થ બુધ્ધભટ્ટી, શ્રી બંટી કોટડા, શ્રી કિશોર સોલંકી, શ્રી બટુકભાઈ ગુજરાતી.

પ.કચ્છ મહિલા મંડળના પ્રમુખ દક્ષાબેન એમ. બુધ્ધભટ્ટી, લતાબેન ડી. ગુજરાતી, હેમલતાબેન પી. બારમેડા, જીજ્ઞાબેન એ. સાકરીયા, રાધિકાબેન જી. કટ્ટા, નિર્મળાબેન જે. સોલંકી, શાંતાબેન પી. બુધ્ધભટ્ટી, હેતલબેન બી. પોમલ, રસીલાબેન જી. બુધ્ધભટ્ટી.

નખત્રાણા મહિલા મંડળના પ્રમુખ જયશ્રીબેન એસ. બગ્ગા, મહામંત્રી ભાવનાબેન એ. કટ્ટા, કોકીલાબેન પી. કટ્ટા,

રંજનબેન આર. યુથ ગર્લ્સના પ્રમુખ સોનલબેન એ. બુધ્ધભટ્ટી, મંત્રી શિવાંગીબેન આર. સાકરીયા, ક્રિષ્નાબેન યુ. કંસારા, સાકરીયા સોનલબેને જહેમત ઉઠાવી હતી.

નખત્રાણાના પ્રમુખ શ્રી ભરતભાઈ બગ્ગા, શ્રી લખમશીભાઈ કોટડિયા, મહેન્દ્રભાઈ બગ્ગા, મહેશભાઈ બુધ્ધભટ્ટી, હરેશભાઈ નલીયા, પરેશભાઈ નલીયા, વિનોદભાઈ રવાપર, શાંતિલાલ લાયચા કોટડા, નારાણભાઈ ખોંભડી, કીર્તિભાઈ નેત્રા, જેન્તીલાલ સોલંકી વિરાણી, શાંતિલાલ વિથોણ, નીલેશ કટ્ટા વિરાણી, કાંતિલાલ પોમલ કોઠારા, અનિલભાઈ બારમેડા દયાપર, કેતન ગુજરાતી દયાપર વગેરે સહભાગી રહ્યા હતા. હીરાલાલ સોનીની નિગરાનીમાં સંપૂર્ણ કાર્યક્રમ સફળ રહ્યો હતો અને હેમેન્દ્રભાઈ કંસારાએ કાર્યક્રમનું સંચાલન સંભાળેલ હતું.

## ભુજ મહિલા મંડળ દ્વારા "ચાર્ટર ડે" ની ઉજવણી

*– સુધા બુધ્ધભટ્ટી*

### શ્રી મારૂ કંસારા સોની જ્ઞાતિ મહિલા મંડળ દ્વારા ચાર્ટર ડે ની પૂર્વસંધ્યાએ યોજાઈ ભજન સ્પર્ધા

શ્રી મારૂ કંસારા સોની જ્ઞાતિ મહિલા મંડળ દ્વારા મંડળના ચાર્ટર ડેની પૂર્વ સંધ્યાએ ભજન સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું. કંસારા બજાર સ્થિત લગ્નવાડી મધ્યે યોજાયેલા આ સ્પર્ધામાં બહોળી સંખ્યામાં બહેનોએ ભાગ લીધેલ. સ્પર્ધાની સાથે રોજગારલક્ષી યોજનાઓની, નગર અધ્યક્ષા શ્રીમતી લતાબેન આઈ. સોલંકીના આયોજનથી શ્રી કિશોરભાઈ તેમજ બાદલભાઈએ બેંકને લગતી માહિતી આપી હતી. ધારાસભ્ય શ્રીમતી નીમાબેન આચાર્યએ શુભેચ્છા સંદેશ પાઠવ્યો હતો. નગરપાલિકા સાંસ્કૃતિક સમિતિના ચેરપર્સન ગોદાવરીબેને ઉપસ્થિત રહી શુભેચ્છા વ્યક્ત કરી હતી. શ્રીમતી આશાબેન બી. બગ્ગાએ પણ સરકારી યોજનાઓની અન્ય માહિતી આપી હતી.





મહિલા મંડળના પ્રમુખ સુધા એ. બુધ્ધભટ્ટીના જણાવ્યાનુસાર મંડળના ચાર્ટર ડે ની પૂર્વ સંધ્યાએ યોજેલ આ સ્પર્ધામાં મંગળાબેન એમ. ગુજરાતી (માનકુવા), રંજનબેન એચ. મહીચા (માધાપર) ઉપસ્થિત રહ્યા હતા. જ્ઞાતિ મંત્રી શ્રી મહેશભાઈ એમ. ગુજરાતી, જ્ઞાતિ સહમંત્રી ચેતનભાઈ આઇ. બારમેડા, યુવક મંડળ પ્રમુખ શ્રી ભાવેશભાઈ બગ્ગા હાજર રહ્યા હતા. ઉપરોક્ત આમંત્રિત મહેમાનોને મંડળના કારોબારી સભ્યો દ્વારા પુષ્પગુચ્છથી સન્માનવામાં આવ્યા હતા. તદુપરાંત અન્ય સંસ્થામાં સમાજની બહેનોએ સુંદર કૃતિ રજૂ કરવા બદલ તેમનું પણ સન્માન કરવામાં આવ્યું હતું. સ્પર્ધામાં માલતીબેન એન. ગુજરાતીએ ઢોલક પર સાથ આપી વિશેષ આકર્ષણ ઊભું કર્યું હતું. પ્રોજેક્ટ ચેરપર્સન ભાવનાબેન એ. ચનાણી, નીલાબેન એમ. પોમલ, રીટાબેન ડી. બુધ્ધભટ્ટી તેમજ માલતીબેન એન. ગુજરાતીના સહયોગથી ધાર્મિક ક્વીઝનું પણ આયોજન કરવામાં આવ્યું હતું. જેથી ધાર્મિકતાનો માહોલ રચાયો હતો.

ઉપરોક્ત સ્પર્ધામાં નિર્ણાયકો દ્વારા ૬ વિજેતા બહેનોના નામ જાહેર કરવામાં આવ્યા હતા. : પ્રથમ : સીમા ડી. મહીચા, દ્વિતીય : જીજ્ઞા એન. બુધ્ધભટ્ટી, તૃતીય : દીપ્તિબેન પી. ગુજરાતી, ચોથા ક્રમાંકે : તન્વી પી. પોમલ, પાંચમા ક્રમાંકે : ચંદ્રિકાબેન ડી. પરમાર, છઠ્ઠા ક્રમાંકે : ચંપાબેન જે. બુધ્ધભટ્ટી વિજેતા જાહેર થયેલ. જ્યારે વિમળાબેન વી. મહીચાને આશ્વાસન ઇનામ જાહેર કરવામાં આવ્યું હતું. હેમાલીબેન એન. કેશવાણી અને તૃપ્તિબેન ઠક્કરે નિર્ણાયક (જજ) તરીકેની સેવા બજાવી હતી. વિજેતાઓને સત્સંગ મંડળ તરફથી ઇનામો આપવામાં આવ્યા હતા. મંડળ પ્રમુખ સુધાબેન બુધ્ધભટ્ટીએ વિજેતાઓને ધન્યવાદ સાથે આમંત્રિત મહેમાનોનો આભાર માન્યો હતો.

સમગ્ર કાર્યક્રમનું સંચાલન કવિતા બી. બારમેડાએ સંભાળ્યું હતું. કાર્યક્રમને સફળ બનાવવા અરૂણાબેન એન. બુધ્ધભટ્ટી, ઇંદીરા વાય. સોલંકી, શીતલ એ. બુધ્ધભટ્ટી, રીના જે. બુધ્ધભટ્ટી, ભાવનાબેન વી. બુધ્ધભટ્ટી, રાજેશ્રી બુધ્ધભટ્ટી, ખુશાલી એસ. બુધ્ધભટ્ટી, ભાવિની જી. પરમાર, પ્રીતિ ડી. બગ્ગાએ વિશેષ સહયોગ આપ્યો હતો.

# વિખ્યાત તસવીર કલાકાર : સ્વ. એલ. એમ. પોમલ

હંસરાજ કંસારા

*આગામી ૧૮ ઓગસ્ટના રોજ, આપણા સમાજની ગત પેઢીના ગૌરવવંતા તસવીર કલાકાર સ્વ. એલ. એમ. પોમલના જન્મ શતાબ્દી વર્ષનો શુભારંભ થશે. એની ઉજવણીના ભાગરૂપે, ભુજની વિજયરાજજી લાઈબ્રેરી, કચ્છ ફિલાટેલીક એસોસિએશન અને કચ્છ કોઈન સોસાયટી આદિ સંસ્થાઓએ વિવિધ કાર્યક્રમોનું આયોજન કર્યું છે. તદુપરાંત વિવેકગ્રામ પ્રકાશનના સૌજન્યથી કચ્છના લોકપ્રિય દૈનિક "કચ્છમિત્ર"ના પૂર્વ તંત્રી શ્રી કીર્તિ ખત્રીના સંપાદકીય સહયોગથી શ્રી પોમલની, કચ્છ અને કચ્છીયતને ઉજાગર કરતી દુર્લભ તસવીરોના કાયમી સંભારણા હેતુ દસ્તાવેજી પુસ્તકનું પણ પ્રકાશન થવાનું છે. આપણા સમાજના પારિવારીક સામાયિક "જ્ઞાતિસેતુ" પણ, શ્રી પોમલની જન્મ શતાબ્દી પ્રારંભે, એમની ભાવભરી 'સ્મૃતિ-વંદના' હેતુ, નિમ્ન લેખ તેમજ તસવીરો પ્રસ્તુત કરે છે. આશા છે, શ્રી પોમલના આ જન્મ શતાબ્દી વર્ષ દરમ્યાન, આપણા સમાજ દ્વારા એમની કાયમી સ્મૃતિ જળવાઈ રહે તેવા કાર્યક્રમોનું આયોજન અવશ્ય થશે.*

**'જ્ઞાતિસેતુ' પરિવાર**




**સ્વ. એલ. એમ. પોમલ**

*તસવીરની પણ એક આગવી તાસીર હોય છે, તેની પ્રતીતિ કરાવનાર વિશ્વવિખ્યાત તસવીરકાર સ્વ. એલ. એમ. પોમલ (લાલજીભાઈ) અર્ધી સદીથી પણ વધુ સમય સુધી છબીકલા જગતના ઝળહળતા સીતારા રહ્યા. એટલું જ નહીં, એમના અવસાન પછી પણ - એમણે સર્જેલી, માત્ર ખેંચેલી નહીં, તસવીરો - એક યા બીજી રીતે ક્યાંક ને ક્યાંક ઝળકતી રહે છે. એમના છબીકલાના પ્રયોગો અને જેમણે એમની પાસેથી છબીકલાનાં રહસ્યોનું જ્ઞાન મેળવ્યું છે, તેવા એમના કેટલાય શિષ્યો એ 'છબીકલા ગુરુ'ને ક્યાંક ને ક્યાંક, અર્ધ્ય આપતા રહે છે.*

*ઓગસ્ટમાં ૧૮મી તારીખે એમના જન્મ દિવસે, એમના ચાહકો એમને અવશ્ય યાદ કરશે. આવા અજોડ કલાકાર, જેમણે ફોટોગ્રાફી ક્ષેત્રે કચ્છનું નામ વિશ્વના તખ્તે ગાજતું કર્યું, તેમને, 'કચ્છશ્રુતિ' આ લેખ દ્વારા નમ્ર સ્મરણાંજલી અર્પે છે. પ્રસ્તુત લેખ - એમના સુપુત્ર શ્રી હર્ષદ પોમલે મોકલેલી વિગતો તેમજ સ્વ. લાલજીભાઈના અંતરંગ મિત્ર કચ્છની સંસ્કૃતિ પરના અજોડ પુસ્તક 'કચ્છનું સંસ્કૃતિ દર્શન'ના લેખક સ્વ. રામસિંહજીભાઈ રાઠોડના કચ્છમિત્ર માં પ્રકાશિત લેખના થોડા અંશોનું સંકલન છે.*

★

છબીકળા ક્ષેત્રે ઝળહળતા ધ્રુવ તારા સમાન લાલજીભાઈ પોમલનો જન્મ દિનાંક ૧૮-૮-૧૯૧૯ના રોજ ભુજ (કચ્છ)માં એક સોની પરિવારમાં થયો. પરિવારનો વંશ પરંપરાગત સુવર્ણ આભૂષણ - કળા કસબ શ્રી લાલજીભાઈને પણ વારસામાં જ મળેલો હતો. એટલે કળા પ્રત્યે એમની વિશેષ ઋચિ સ્વાભાવિક જ હતી અને તે સમયે એશિયાભરમાં નહોતી તેવી હુન્નરશાળા કચ્છ ભુજમાં હતી. ત્યાં તેમણે ચિત્રકળા, મીનાકામ અને સોના ચાંદી પરનાં કચ્છ વર્ક આદિનું શિક્ષણ મેળવ્યું. અને અહીં જ તે સમયે નવીન ગણાતી તસવીરકળામાં પણ એમણે રસ લીધો. ૧૯૩૭માં તેઓશ્રી મુંબઈ ગયા. એમને જે. જે. સ્કુલ ઑફ આર્ટમાં અભ્યાસ કરવો હતો પરંતુ તે માટે ફી નો બંદોબસ્ત ન થતાં, તેમણે મુંબઈમાં જ આર. શિવાજીના સ્ટુડિયોમાં એપ્રેન્ટીસ તરીકે છબીકલાની તાલીમ લીધી. ૧૯૩૯માં તેઓશ્રી પાછા ભુજ આવ્યા. એમનું વારસાગત મીનાકામ સંભાળ્યું. સાથે સાથે છબીકળાનો શોખ પોષતા રહ્યા. ૧૯૪૨માં પોમલ કરાંચી ગયા. ત્યાં એમણે હીરો સ્ટુડિયોમાં આર્ટીસ્ટ તરીકે પાંચ વર્ષ કામ કર્યું. દેશના ભાગલા થતાં તેઓ મુંબઈ આવ્યા. દાયકાથી વધારેના એમના તસવીરકળાના સાતત્યે એમની અંદરનો કલાકાર 'સર્જન' ઝંખી રહ્યો હતો.



**સ્વ. પોમલના ધર્મપત્ની સ્વ. જયાલક્ષ્મીબેન**

એમની તસવીરોને 'ટાઈમ્સ ઓફ ઈન્ડિયા' અને બીજા અખબારોમાં સ્થાન મળવા લાગ્યું. ૧૯૫૧માં ઈલસ્ટ્રેટેડ વિકલી દ્વારા આયોજીત ફોટો કોમ્પિટીશનમાં એમની તસવીરને પ્રથમ ઈનામ મળ્યું. ફરી ૧૯૫૫ અને ૧૯૫૬માં પણ એમને શ્રેષ્ઠતા - ઈનામો મળ્યા. ગુજરાત રાજ્ય લલીતકલા ઍવોર્ડ પણ એમને મળ્યો હતો. હવે એમની સર્જનશીલ તસવીરકાર તરીકેની ઓળખ દેશભરમાં થઈ ગઈ હતી.

મુંબઈમાં સ્વ. વજુ કોટક એમના ખાસ મિત્ર હતા. શ્રી પોમલની પ્રતિભાને પ્રકાશમાં લાવવામાં એમનો સિંહફાળો રહ્યો. 'આન' ફિલ્મની - સ્ટીલ ફોટોગ્રાફી એમણે કરી હતી.

સ્વ. પોમલના પ્રિય પત્ની, સ્વ. જયાલક્ષ્મીબેનનું, એક બાળકની એમને ભેટ આપી, ૧૯૫૭માં ભર યુવાનીમાં અવસાન થયું. એમના ઉજ્જવળ ભાવિનાં અનેક સંકેતો અને પ્રલોભનો છતાં પત્નીના અવસાન પછી મુંબઈ એમને જરાય ગોઠ્યું નહીં. યુવાવસ્થા અને અનેક તરફી દબાણો છતાં એમણે પુનઃ લગ્ન ન કર્યા. એમના પુત્ર હર્ષદ અને એમની તસવીર કળાના વિકાસના લક્ષ્ય સાથે તેઓ ૧૯૬૫માં ભુજ આવી ગયા.


ભુજમાં દરબારગઢ પાસે એમણે સ્ટુડિયો ખોલ્યો અને વિજયનગરમાં 'સાવન' નામનું રહેવાનું ઘર. આ સ્ટુડિયો એમને માટે આજીવિકાનું સાધન તો હતું જ સાથે સાથે એ કચ્છના ઉગતા છબીકારો માટે Hands-on તાલીમશાળા બની ગઈ. ભુજમાં એમણે 'રંગ' નામની સંસ્થાની સ્થાપના કરી. જ્યાં સાહિત્યકારો અને કલાકારો નિયમિત મળતા.

શ્રી પોમલ ઈન્ડિયા - ઈન્ટરનેશનલ ફોટોગ્રાફિક કાઉન્સિલના માનદ્ સભ્ય હતા. આ કાઉન્સિલે એમને ઑનરરી ડિપ્લોમા ઑફ ધી ઈન્ટરનેશનલ ફેડરેશન ઑફ ફોટોગ્રાફિક આર્ટ આપી, એમનું બહુમાન કર્યું હતું.



*શ્રી પોમલની 'પિરાટન'ની પગથારે પાંગરતા પરવાળા (કોરલ)ની તસવીરો રસપૂર્વક નિહાળતા તત્કાલીન પ્રધાનમંત્રી શ્રીમતી ઈંદીરા ગાંધી.*

***<u>તસવીરની તાકાત</u> : આ તસવીરો જોઈ શ્રીમતી ગાંધીએ તત્કાલ કોરલ વસાહતોના વૈજ્ઞાનિક નિરીક્ષણ અને જાળવણી હેતુ નેશનલ મરીન પાર્ક બનાવવાનો આદેશ આપેલો. કચ્છના અખાતમાં આજે પરવાળાની ૩૦૦ જાતોનું સફળ પુનર્વસન થયું છે.***



*ફ્લેમિંગોના શ્રી પોમલે લીધેલાં ૪૫ ચિત્રોનું 'ચિત્રલેખા' સામયિક દ્વારા મુંબઈ મધ્યે તા. ૧૭-૧૯ મે, ૧૯૭૫ દરમ્યાન આયોજીત પ્રદર્શનનું ઉદ્દ્ઘાટન વિશ્વવિખ્યાત પક્ષીવિદ્ સાલીમ અલીએ કર્યું હતું.*

શ્રી લાલજીભાઈ પોમલે કચ્છની સંસ્કૃતિ, લોક જીવન, પશુ-પક્ષી અને પ્રકૃતિ, પુરાતત્ત્વ અવશેષો અને સ્થાપત્યો જે કંઈ એમની સર્જક દૃષ્ટિએ દીઠું અને એમને સૌંદર્યબોધ થયો, તેને પોતાની આગવી છાયા પ્રકાશની સુઝબુઝથી કલાત્મક ઢબે કેમેરામાં કંડારી જગતને અર્પણ કર્યું અને પોતાના અસ્તિત્વના સંતોષ સાથે ૮૨ વર્ષનું સ્વસ્થ અને સુદીર્ઘ જીવન ઝીંદાદિલીથી વિતાવી, ૧ ઓક્ટોબર ૨૦૦૦ના દિવસે અંતિમ શ્વાસ લીધા. શ્રી પોમલ ભલે હવે સદેહે નથી રહ્યા પરંતુ એમની પ્રતિભાના પ્રતિબિંબ પેઢીઓ સુધી પ્રકાશતા રહેશે.

***પ્રસ્તુત છે, કચ્છના અણમોલ ગ્રંથ "કચ્છનું સંસ્કૃતિ દર્શન"ના લેખક અને પોમલના અંતરંગ મિત્ર શ્રી રામસિંહજી રાઠોડના સંવત ૨૦૪૦ના 'કચ્છમિત્ર'માં પ્રકાશિત લેખ 'કચ્છની છબીકલાના ઈતિહાસ'ના કેટલાક અંશ....***

***— હંસરાજ કંસારા***

".....ભુજનું કમાંગરી ચિત્રકળા, સોના-ચાંદીનું કચ્છવર્કનું કળા કામ અને મીનાકામ એશિયાભરમાં ઉત્તમ પંકાયું છે. આના અભ્યાસ માટે ભુજમાં એક હુન્નરશાળા પણ ચાલે. ઉત્કૃષ્ટ મીનાકામના નિષ્ણાત દેવજીભાઈ એ વખતના એના સંચાલક. ત્યાં ડ્રોઈંગની પરીક્ષાઓ આપવાનીય વ્યવસ્થા ખરી. ફોટોગ્રાફર ધોળકીયા ઑલ્ફ્રેડ હાઈસ્કૂલમાં અમારા ડ્રોઈંગ ટીચર. ભુજમાં ભણતાં ત્યાં મારે ડ્રોઈંગનો અભ્યાસ કરવાનું બન્યું. સને ૧૯૩૦માં સર જે. જે. સ્કુલ ઓફ આર્ટ તરફથી લેવાતી એની એલીમેન્ટરી ગ્રેડની પરીક્ષા આપવા માટે મારે હુન્નર શાળામાં

જવાનું થયું ત્યારે ત્યાં કામ કરતા હુન્નર કળાના વિદ્યાર્થીઓની કામગીરી જોઈ હું દંગ થઈ ગયો. ત્યારે જેમાં મને વધુ રસ પડ્યો એવા બે કળા વિદ્યાર્થીઓ કોણ છે એમ જીજ્ઞાસા થઈ તો નામ જાણવા મળ્યું કે એક "લાલજી" છે અને બીજો પણ "લાલજી" છે. પાછળથી હવે ખ્યાલ થાય છે કે એ હતા આપણા કચ્છના નીવડેલા બે નામાંકિત કલાકારો એલ.સી. સોની અને એલ. એમ. પોમલ.

ભુજમાં ૧૯૩૪માં લાલજી પોમલનું નામ ફોટો કલાકાર તરીકે ઝબુકતું જાણ્યું. પછી તો પ્રમાણ્યું કે એમણે ચિત્રકળાને અનુસરી એમની આગવી સૂઝથી એમની ફોટો કળાને વિકસાવી છે. તસવીર કામમાં એ સમજપૂર્વકનું ભાવદર્શન કરાવતા થયા. આગવી કલા તરીકે ફોટોગ્રાફીને એમણે અલિપ્ત વ્યક્તિનું માધ્યમ બનાવ્યું. આ અરસામાં મુંબઈમાં તારાપોરવાલાનું નામ તો બહુ મોટું. કાલે ખંડાલાવાલા અને રત્નાકરના નામો પણ મળે કે ૧૯૨૫ અમદાવાદમાં કુમાર કેમેરા ક્લબ સ્થપાયેલી, તે ૧૯૩૬માં 'નિહારીકા' નામે જાણીતી બની. આવા સંજોગોમાં એલ.એમ. પોમલને મુંબઈ આવવું - જવું થયું. અહીં એમણે કલા વ્યવસાય તરીકે ફોટોગ્રાફીનો વિકાસ કર્યો. ધંધાદારી વર્તુળ પૂરતાં મર્યાદિત રાખ્યા વિના એમણે ફોટોગ્રાફીમાં પોતાનો કળા રસનો વ્યાપ વિસ્તાર વધાર્યો. ફોટો કલાના ફાલની અનેકવિધ વાનગીઓ એમણે આપવા માંડી. કૃતિ જોતાં કર્તા પરખાઈ જાય એવી કેટલીક કલાકૃતિઓનું એમણે સર્જન કર્યું. દેશ-પરદેશ એમની નામના થઈ. પોમલે પોતાની ફોટોગ્રાફીના વિકાસમાં ઘણી ઘણી અજમાયશો કરી છે અને ઘણી તરકીબો લડાવી છે. માણસની આંખે ન પ્રમાણાય એવી ઘણી બાબતો કેમેરાની આંખે દેખાડી એમણે પોતાના ફોટોગ્રાફમાં ધારી અસર અને સચોટતા લાવી દીધાં છે. ખુલ્લા આકાશ નીચે મેદાનમાં કે સ્ટુડિયોમાં ફોટો પાડવો, પછી એનું ડેવલપીંગ, પ્રિન્ટીંગ, એન્લાર્જીંગ, કાપકૂપ કરી ચિત્ર સંયોજીત કરવું એવી ડાર્કરૂમની ક્રિયા પ્રક્રિયાઓ એઓ જાતે જ કરે. પ્રેસ ફોટોગ્રાફીમાં ચિત્ર વિષયની પૂરેપૂરી વાસ્તવિક્તા રજૂ કરવા સાથે દસ્તાવેજી વિગતોવાળા સુંદર ફોટો ચિત્રો એમણે આપ્યા છે.

એમણે પુષ્પની કુમાશની ફોટોગ્રાફી કરી છે, તો ચંબલવેલીમાં પહોંચી ત્યાંના ડાકુઓની કરડાકીભરી ફોટોગ્રાફી પણ કરી છે. ૧૯૭૧ની લડાઈ દરમ્યાન ભારતે કબ્જે લીધેલા પાકિસ્તાનના પ્રદેશની ફોટોગ્રાફી પણ એમણે કરી છે. પંખીની લાક્ષણિકતાઓ ઝડપવી એ એમનો ખાસ શોખ છે. કાંઈ વિરલ દૃશ્ય નજરે ચડે તો ગમે તે ભોગે એનો ફોટોગ્રાફ લેવાનું એ ચૂકતા નથી. રંગીન ફોટોગ્રાફીએ હજુ દેખા દીધી નહોતી ત્યારે કલાકાર તરીકે એમણે રંગીન ફોટો ચિત્રો હુબહુ પ્રાકૃતિક રંગોમાં રળીયામણાં બનાવ્યા છે. જ્યારે હવે અદ્યતન ઢબે અને ઉત્તમ પરિણામભરી રંગીન ફોટોગ્રાફીને એઓ એક વિશિષ્ટ શોખ તરીકે વિકસાવી રહ્યા છે.

૧૯૬૮માં ગુજરાત રાજ્યના વન વિભાગ થકી તેના પ્રકાશન અને સંપર્ક અધિકારીની હેસિયતમાં ગુજરાતના જંગલોનો પ્રત્યક્ષ પરિચય કરાવવા મેં કલાકારોના એક પ્રવાસનું આયોજન ગોઠવ્યું. ત્યારે ભુજથી આવી પોમલ આ પ્રવાસમાં જોડાયા. વડોદરામાં અમે ફતેહસિંહરાવ મ્યુઝીયમ જોવા ગયા. પોમલે ત્યારે ત્યાંથી એમને અતિપ્રિય બન્યાં એવા પાનખર, વસંત અને વર્ષાના ફોટો ચિત્રો ઝડપ્યાં. કચ્છના નાના રણમાં કુડા અને બજાણ વચ્ચે જંગલી ઘૂડખરની ફોટોગ્રાફી કરવાની ઉત્તમ તક પણ અમે ત્યારે ઝડપી. અમારા વાહનને જંગલી ગધેડાના ટોળા પાસેથી પસાર કરાવી સામેથી દોડતા આવતા ઘૂડખરની વિરલ છબી પોમલે ઝડપી છે. સાઠ કિલોમીટરના વેગે દોડતી અને આઘી પાછી તથા ઊંચીનીચી ધ્રુજારી પેદા કરતી જીપમાં ડોલતા પોમલ, હાલતા ચાલતાં કેમેરા ગોઠવી, તેટલી જ અને તેવી પૂરપાટ ઝડપે દોટ દેતા રાની ગધેડાંની લાક્ષણિકતાને કેમેરામાં કબ્જે કરી લેતા.

કચ્છના મોટા રણના મધ્યભાગે આવેલા 'સુરખાબનગર' (ફ્લેમિંગો સીટી) પહોંચવું એ સાધારણ પરિસ્થિતિમાં અસંભવિત જેવું લાગે! ૧૯૭૦ના ઓક્ટોબરમાં કચ્છના વન વિભાગ તરફથી જવાહર નહેરૂ સ્કોલર શૃંખલાના સુરખાબનગરના એક પ્રવાસનું આયોજન થયું ત્યારે બીએસએફના કમાન્ડન્ટ બેદીના માર્ગદર્શન અને સંભાળ તળે એ સાહસ સભર પ્રવાસોમાં જોડાઈ, પોમલ ચાર દિવસ સુરખાબનગર રોકાયા અને સુરખાબ ફ્લેમિંગોની રંગીન દુનિયા અને ત્યાંની સૌંદર્ય ચેતનાની એમણે દિલભરી ફોટોગ્રાફી કરી. પ્રકૃતિની સ્વપ્ન સૃષ્ટી સરીખી કચ્છી સુરખાબની અજબ એવી પ્રજનનની ભૂમિની એમણે ફોટોગ્રાફી કરી. પછી એની રસલ્હાણના એમણે એના પ્રસન્નતાભર્યાં પ્રદર્શનો પણ ગોઠવ્યા."

## તસવીર કલાકારની કલમ....

***"૧૯૭૦ની સાલમાં કચ્છમાં આવેલા ખાવડા બેટ પરની ફ્લેમિંગો વસાહતમાં ગાળેલા ચાર દિવસ મારા જીવનની સૌથી યાદગાર પળો હતી. અહીં પહોંચવા માટે ૩૦ કિલોમીટર સુધી ઊંટ પર સવારી કરવી પડી. આ રણવિસ્તારમાં વરસાદની ઋતુમાં પાણી ભરાઈ જાય છે. અહીં લગભગ ૫૦,૦૦૦થી પણ વધુ ફ્લેમિંગો પક્ષીઓએ અહીં માળા બાંધ્યા હતા. એ અણમોલ પળોને મેં મારા કેમેરામા કેદ કરી અને નામ આપ્યું 'સૂરખાબ નગર'. ફ્લેમિંગોના જીવનની દરેક ઘટનાના એ ફોટોગ્રાફ સાક્ષી છે."***

***- એલ. એમ. પોમલ***

*માહિતી તેમજ તસવીર સૌજન્ય : હર્ષદ પોમલ - ભુજ*

*સૌજન્ય : "કચ્છશ્રુતિ" જુલાઈ-૨૦૦૫ અષાઢી બીજ વિશેષાંક*

# SHIVA !



SHIVA IS "THE TRANSFORMER"
WITHIN THE TRIMURTI

THE HINDU TRINITY THAT
INCLUDES BRAHMA & VISHNU

SOMNATHJI – GUJARAT

SHIVA IS THE SUPREME BEING
WHO CREATES, PROTECTS
& TRANSFORMS THE UNIVERSE...

rashtriya udyog ratna

jetha bhai zaveri®

*the signature of royalty*

42, basant lok vasant vihar new delhi - 110057
011-26141462 9999336295 mail@jbzindia.com

# તસવીરની તાસીર: સ્વ. એલ.એમ.પોમલ

જન્મ શતાબ્દિ વર્ષ
૧૯૧૯-૨૦૧૯



૧૯૪૦ માટુંગા મહેતા સ્ટુડિયોમાં



એલ.એમ.પોમલ સાવનમાં પરિવાર સાથે ભોજન કરતા





ગુજરાતના તત્કાલીન મુખ્યમંત્રી ચીમનભાઈ પટેલના હસ્તે લલિતકલા પુરસ્કાર સ્વીકારતા પોમલભાઈ



પ્રખ્યાત સંગીત નિર્દેશક નૌશાદજી પોમલભાઈની ફોટો ગેલેરી નિહાળતા



ભીડ ચબુતરો








હોમગાર્ડ ઓફિસર હતા ત્યારે



ફોટોગ્રાફી ઉપરાંત અન્ય ક્ષેત્રમાં યોગદાન

કેમેરામાં સમગ્ર કચ્છનાં જીવનનું કવરેજ




જૂનું ભુજ બસ સ્ટેશન, વાણિયાવાડ નાકા પાસે (નવી શાક માર્કેટ પાસે)







## તરો તથા ભીડ ચોક







વજુ કોટકનાં પ્રખ્યાત સામયિકો 'ચિત્રલેખા' અને 'જી'નાં કવર પેજ પર ફોટોગ્રાફી

VA

Vinod Soni
98254 28255

## M/s. Velji Anandji

Dealers & Manufacturers of Gold Ornaments

Prime Point Shop No.3, Opp. NCC Office,
Santoshi Mata Mandir Road,
Bhuj- Kutch 370 001
Ph. (02832) 220126, 221451
email:va220126@gmail.com, vco221451@gmail.com


VC

Vinod Soni
98254 28255

## M/s. Vinodchandra & Co.

Dealers & Manufacturers of Gold Ornaments

Prime Point Shop No.3, Opp. NCC Office,
Santoshi Mata Mandir Road,
Bhuj- Kutch 370 001
Ph. (02832) 220126, 221451
email:va220126@gmail.com, vco221451@gmail.com



## એસ. કે. જ્વેલર્સ
(ઢોરીવાળા)

સોના ચાંદીના દાગીના વેપારી

સ્વાસ્થ્ય સેવા | વંદે માતરમ્ | રાષ્ટ્ર સેવા

## ડૉ. અનિલ એસ. મેવાડા
એમ.બી.બી.એસ., એમ.એસ.
જનરલ અને લેપ્રોસ્કોપિક સર્જન

હર્ષવર્ધન સર્જીકલ નર્સીંગ હોમ
(મેવાડા હોસ્પિટલ)

રવેચી નગર, દૂધઈ રોડ, રેલ્વે ક્રોસિંગ પાસે, ભચાઉ-કચ્છ
સંપર્ક: ૯૬૬૨૮ ૪૮૩૧૮, ૮૧૪૧૬ ૯૬૪૮૭
Email: anilsurgery@yahoo.in

## ગણેશ રીફાઈનરી

**વિકાસભાઈ**
ધોબી શેરી,
ભુજ-કચ્છ
૯૮૨૫૩ ૧૨૦૮૫

**બાબુભાઈ**
આશાપુરા કોમ્પ્લેક્ષ,
ભુજ-કચ્છ
૯૮૭૯૮ ૦૦૯૦૫

## V P Jewellers

વી.પી.જ્વેલર્સ
ચાંદી - સોનાના દાગીનાના હોલસેલ વિક્રેતા

વસંતભાઈ પોમલ 98254 45364
મુકેશ સોની 98257 69258

ધોબી શેરી,
છઠીબારી રીંગ રોડ,
ભુજ-કચ્છ.૩૭૦ ૦૦૧

Sun
SUN BRAND TEJORI



## ચંદન ઈન્ડસ્ટ્રીઝ
AN ISO 9001:2008 CERTIFIED COMPANY

ભાવેશ પીઠવા
૯૮૨૫૧ ૮૭૫૬૭
Chandan.ind.sun@gmail.com

મેન્યુ.: તિજોરી, બેંક લોકર, સ્ટ્રોંગરૂમ ડોર તથા ફેબ્રિકેશન કામ કરનાર

કે-૨/૩, ઉદ્યોગનગર-૧, ત્રણ ખુણીયા પાસે, ગોંડલ (ગુજ.)
ફોન: ૦૨૮૨૫-૨૨૨૧૨૧

## GAYATRI JEWELLERS
GOLD & SILVER ORNAMENTS

Shop No. 4,
Plot No. 510, Sector 5,
Opp. Bhavnath Temple,
Gandhidham - Kutch
Ph. : 02836 -236644
Email: gayatrijewellers1988@gmail.com

KISHOR P. SONI
98255 33371

NIKUNJ K. SONI
85114 67588

# શ્રી કચ્છી મારૂ કંસારા સોની જ્ઞાતિ - રાયપુર

## રાયપુર જ્ઞાતિ કારોબારી સમિતિ

પ્રકાશ ભગતભાઈ બારમેડા - પ્રમુખ
નીતિન દિલીપભાઈ પોમલ - મંત્રી
દીપક શશીકાંતભાઈ બારમેડા - ખજાનચી
દિનેશભાઈ કંસારા - ઉપપ્રમુખ
રમેશ ધનજીભાઈ મહીચા - ઉપપ્રમુખ
અનિલ કાંતિલાલ બારમેડા - સહમંત્રી
જયેશ મનોહરલાલ પોમલ - સહમંત્રી

*કારોબારી સભ્યો :*

દક્ષેશભાઈ મગનભાઈ પોમલ
અતુલ બેચરભાઈ મહીચા
હીરલ પ્રકાશભાઈ બારમેડા
હિતેશ રસીકભાઈ પોમલ
રાજેશ કિશોરભાઈ કટ્ટા
વિજય વાલજીભાઈ બારમેડા



**વિપેશ અશ્વિનભાઈ કટ્ટા**
**યુવા મંડળ અધ્યક્ષ**



**પ્રકાશભાઈ બારમેડા**
**પ્રમુખ**



**દિનેશભાઈ કંસારા**
**ઉપપ્રમુખ**



**રમેશભાઈ મહીચા**
**ઉપપ્રમુખ**



**નીતિનભાઈ પોમલ**
**મંત્રી**



**દીપકભાઈ બારમેડા**
**ખજાનચી**



**અનિલભાઈ બારમેડા**
**સહમંત્રી**



**જયેશભાઈ પોમલ**
**સહમંત્રી**

## રાયપુર : મહિલા મંડળના હોદ્દેદારો



**નિધિ**
**નીતિનભાઈ પોમલ**



**દીપીકા**
**હરીશભાઈ બીજલાણી**



**ઉષાબેન**
**પ્રકાશભાઈ મહીચા**



**ખ્યાતિબેન**
**દિનેશભાઈ કટ્ટા**



**મીનાબેન**
**બળવંતભાઈ બારમેડા**



**ઈલાબેન**
**જગદીશભાઈ બારમેડા**



**શીતલબેન**
**હિતેશભાઈ બીજલાણી**



**કુંતલબેન**
**ધુમીલભાઈ બુધ્ધભટ્ટી**

*જે ખરેખર કાર્યકર્તા છે એ કદી પણ બહુ બોલતો નથી અને બીજા લોકોને એમ કહેતો નથી કે આ બધું હું જ કરી રહ્યો છું અને મારે લીધે જ બધું ચાલે છે. કોઈ પણ વસ્તુના સર્જન વખતે શબ્દો હંમેશાં મૌન ધારણ કરે છે. કવિ, ચિત્રકાર, લેખક, કલાકાર, કારીગર કે શિલ્પી જ્યારે ખરેખર સર્જન કરવા બેસે છે ત્યારે એની જીભ તદ્દન શાંત થઈ જાય છે. જીભ પરનો સંયમ માણસ જ્યારે મેળવે છે ત્યારે એના અંતમાં એવા પ્રકારની એક શક્તિ પેદા થાય છે કે જેના લીધે એનું કાર્ય વધુને વધુ આગળ વધતું જાય છે. કાર્ય સાધતી વખતે મૌન ધારણ કરવું એ કુદરતનો ક્રમ છે. સિંહ જ્યારે શિકાર પર કૂદી પડવાનો હોય છે ત્યારે તે કદી ગર્જના નથી કરતો અને ગાજ્યા મેહ વરસતા નથી તેમ જ ભસતાં કૂતરાં કરડતાં નથી એ કહેવત પાછળ પણ આ જ હેતુ છુપાયેલો છે!*

*ફૂલ ગમે તેટલું સુંદર હોય પણ વિખ્યાતી તેની સુગંધથી મળે છે.*
*મનુષ્ય કેટલો પણ મોટો હોય પણ કદરદાની તેના ગુણોથી થાય છે.*

# શ્રી મારૂ કંસારા મહિલા મંડળ - જુનાગઢ

પારૂલબેન બુધ્ધ

## જુનાગઢ મહિલા મંડળ આયોજીત પાકી કેરીના રસમાંથી બનતી મીઠાઈની હરીફાઈ

કેરીની પૂરબહાર મોસમમાં જુનાગઢ મહિલા મંડળે કેરીના રસમાંથી બનતી મીઠાઈની હરીફાઈનું આયોજન પ્રમુખ ક્રિષ્નાબેન બારમેડાના અધ્યક્ષપણા હેઠળ કર્યું.

કેરી અમૃતફળ છે. હેવલીમાં, મંદિરોમાં, આંબા મનોરથ કરવામાં આવે છે. રસમાંથી બનતી વિવિધ સામગ્રીઓનું ભગવાનને ભોગ ધરવામાં આવે છે.

હરીફાઈમાં ભાગ લેનાર બહેનોએ વિવિધ મીઠાઈ રજૂ કરી, તેમનામાં રહેલી પાકકલાને અભિવ્યક્ત કરી.

નિર્ણાયક તરીકે ગીતાબેન મેવચા તેમજ રાજુલબેન બુધ્ધે સેવા આપી હતી. પ્રથમ ચાર વિજેતા બહેનોને ક્રિષ્નાબેન બારમેડા તરફથી ઈનામો આપવામાં આવ્યા.

*પ્રથમ* : પારૂલબેન બુધ્ધ (મેંગો રબડી વીથ સરપ્રાઇઝ)

*દ્વિતીય* : પાયલબેન પરમાર (કલાકંદ)

*તૃતીય* : અર્ચનાબેન બુધ્ધ (જામ)

*ચતુર્થ* : મીનાબેન સોલંકી (પેંડા)

નિર્ણાયકો તેમનો નિર્ણય જાહેર કરે તે દરમ્યાન બહેનોએ 'વન મિનિટ' ગેમ રમી આનંદ માણ્યો. ગરમાગરમ નાસ્તા સાથે મીઠાઈનો આસ્વાદ માણી સૌ છૂટા પડેલ.



## મેગેઝિન ક્લબ દ્વારા પદ્મશ્રી મેળવનારા મહાનુભાવોનો સન્માન સમારંભ યોજાયો




ગુજરાતના સામયિકોનું સંગઠન "મેગેઝિન ક્લબ" દ્વારા તાજેતરમાં સદ્‌વિચાર પરિવાર હોલ, અમદાવાદ ખાતે ૧૪મી બેઠકનું આયોજન કરવામાં આવ્યું હતું. આ બેઠક પદ્મશ્રી ડૉ. કુમારપાળ દેસાઇના અધ્યક્ષ સ્થાને યોજવામાં આવી હતી. જેમાં વિવિધ સામયિકોના ૧૦૦ જેટલા તંત્રી, સંપાદકો અને લેખકોએ ભાગ લીધો હતો. આ પ્રસંગે ક્લબના સભ્ય શ્રી જોરાવરસિંહ જાદવ તથા શ્રીમતી મુક્તાબેન ડગલીને તાજેતરમાં કેન્દ્ર સરકાર દ્વારા જાહેર થયેલ પદ્મશ્રી ઍવોર્ડ બદલ અને ટીચર્સ યુનિવર્સિટી ગુજરાતના કુલપતિ ડૉ. હર્ષદ પટેલનું વિશેષ સન્માન કરવામાં આવ્યું હતું.

આ સમારંભમાં મેગેઝિન ક્લબના પ્રમુખ શ્રી પી.કે. લહેરી (IAS), મંત્રીશ્રી ભીમજીભાઈ નાકરાણી અને ઉપપ્રમુખશ્રી અશોક મહેતાએ પ્રાસંગિક પ્રવચનો કર્યા હતા. અધ્યક્ષ સ્થાનેથી પદ્મશ્રી ડૉ. કુમારપાળ દેસાઇએ મેગેઝિન ક્લબની આ પ્રવૃત્તિને ખૂબ જ મહત્ત્વની ગણાવી હતી. આ ક્લબ સાથે ગુજરાતના લગભગ ૨૦૦ જેટલા સામાયિકો સંકળાયેલા છે.

આ કાર્યક્રમમાં **'જ્ઞાતિસેતુ'ના તંત્રી શ્રી અતુલભાઈ સોની ઉપસ્થિત રહેલા.** સંસ્થાના માનદ્ મંત્રી શ્રી ભીમજીભાઈ નાકરાણીએ તેમના પ્રવચનમાં, અમદાવાદથી પ્રકાશિત કચ્છીઓના મેગેઝીન ખાસ કરીને **"જ્ઞાતિસેતુ" તથા "કચ્છશ્રુતિ"ની પ્રશંસા કરેલ.**

## સાભાર સ્વીકાર

***શ્રી બળવંતભાઈ જગજીવનભાઈ કંસારા*** તરફથી ટેબલ ટેનિસ ટુર્નામેન્ટમાં વિજયી થવાની ખુશાલીમાં રૂા. ૧,૦૦૦/- "જ્ઞાતિસેતુ"ને સપ્રેમ ભેટ મળ્યા છે. જેનો સંસ્થાએ સાભાર સ્વીકાર કરેલ છે.

**જ્ઞાતિ સમાચાર**

# શિક્ષણ ક્ષેત્રે અમદાવાદ જ્ઞાતિની નવતર પહેલ : વિદ્યાસેતુ

**અતુલ સોની**

હાલના સમયમાં આરોગ્ય અને શિક્ષણના પ્રશ્નો દરેક સમાજ માટે મહત્ત્વના થઈ ગયા છે. સામાન્ય માનવી મોંઘી થતી આરોગ્ય સેવાઓ અને શિક્ષણથી પરેશાન થાય છે. સામાજીક સંસ્થાઓ આ બાબત મદદરૂપ થવા સદા પ્રયત્નશીલ હોય છે. પરંતુ હોસ્પિટલ સારવાર અને શિક્ષણના ખર્ચ તેમના માટે પણ પડકાર રૂપ છે. શ્રી કચ્છી મારૂ કંસારા સોની જ્ઞાતિ મંડળ - અમદાવાદ હંમેશાં પ્રગતિશીલ વિચાર સાથે માત્ર અમદાવાદ સ્થિત જ્ઞાતિ પરિવારો જ નહીં, કચ્છ સહિત સમગ્ર દેશમાં વસતા જ્ઞાતિ પરિવારોનો સામાજીક વિકાસ તથા તેમની મુશ્કેલીઓમાં મદદરૂપ થવા પ્રયત્નશીલ રહેલ છે. અમદાવાદ જ્ઞાતિ દ્વારા સમસ્ત સમાજને સાંકળતા 'જ્ઞાતિસેતુ'નું પ્રકાશન છેલ્લા પંદર વર્ષથી અવિરત ચાલુ છે. અમદાવાદ સારવાર માટે આવતા દર્દીઓને સહાયરૂપ થવા માટે "Med-Aid" યોજના પણ અમદાવાદ ઘટક સમાજ દ્વારા ચાલે છે. કચ્છ અને અન્ય સ્થળેથી અમદાવાદ આવતા ઘણા જ્ઞાતિજનોને તેનો લાભ મળે છે.

અમદાવાદ જ્ઞાતિ દ્વારા વિદ્યાર્થીની કારકિર્દીનો સેતુ

**વિદ્યાસેતુ**

*શ્રેષ્ઠાનિ વિદ્યા દાનાનિ સર્વદા*

મુખપત્ર પ્રકાશન અને આરોગ્ય ક્ષેત્રની સેવાઓની સફળતાથી પ્રેરાઈને અમદાવાદ જ્ઞાતિ મંડળની કારોબારીએ હવે શિક્ષણ ક્ષેત્ર સમસ્ત સમાજના જરૂરિયાતમંદ તેજસ્વી વિદ્યાર્થીઓને સહાયરૂપ થવા "વિદ્યાસેતુ" નામથી એક નવતર યોજના શરૂ કરવા નિર્ણય કરેલ છે.

વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કરવા દરેક ઘટક સમાજ તરફથી કોઈ પણ સ્વરૂપે પ્રયત્નો થાય છે. મુખ્યત્વે વાર્ષિક પરીક્ષામાં ઉત્તીર્ણ થયેલ તેજસ્વી વિદ્યાર્થીઓને જાહેરમાં સન્માનિત કરી પ્રોત્સાહક ઇનામો આપવામાં આવે છે. આ ઉપરાંત કેટલાક સ્થળે શૈક્ષણિક ટ્રસ્ટના ફંડમાંથી જરૂરિયાતમંદ વિદ્યાર્થીઓને આર્થિક મદદ કરવામાં આવે છે. આ તમામ પ્રયાસો પ્રસંશનીય છે. સમયાંતરે વર્ષોના અનુભવના આધારે એવું પ્રતીત થાય છે કે જરૂરિયાતમંદ વિદ્યાર્થીઓને ઉચ્ચ અભ્યાસ માટે હજુ કાંઈક વધારે કરવાની જરૂરત છે. સમાજના પ્રોત્સાહન તેમજ અન્ય સહાયથી ગરીબ વિદ્યાર્થીને પ્રાથમિક શિક્ષણ મેળવવા સુધી મદદ મળી જતી હોય છે. પરંતુ શિક્ષણના ખૂબ અગત્યના ધોરણ ૧૦થી આગળ અભ્યાસ માટે ટ્યુશન ફી તેમજ અન્ય ખર્ચ માટે વધારે નાણાંની જરૂરત પડે છે. આ સંજોગોમાં ઘણા કિસ્સાઓમાં મા-બાપ બાળકના અભ્યાસના ખર્ચને પૂરૂં કરી શકતા ન હોવાથી બાળક અભ્યાસ છોડી દે છે અથવા શિક્ષણ પ્રત્યે બેદરકાર બની જાય છે.

અમદાવાદ જ્ઞાતિ મંડળ કારોબારી સમિતિની મિટીંગમાં ઉપરોક્ત પરિસ્થિતિ પર વિચારણા કરવામાં આવેલ અને આ અંગે કાંઈક રચનાત્મક કરવું જોઈએ એવી લાગણી વ્યક્ત કરવામાં આવેલ. જ્ઞાતિના માનદ્ મંત્રી શ્રી અતુલ સોનીએ આ અંગે વિદ્યાર્થી દત્તક યોજના રજૂ કરેલ. જે ચર્ચા વિચારણા પછી મંજુર કરી **"વિદ્યાસેતુ"** નામથી યોજના શરૂ કરવાનો નિર્ણય કરવામાં આવેલ છે.

## 'વિદ્યાસેતુ' યોજનાની વિગત

★ વિદ્યાર્થીઓ માટે ધોરણ-૧૦, ૧૧ અને ૧૨ ખૂબ મહત્ત્વના હોય છે. આર્થિક રીતે નબળા પરિવારના વિદ્યાર્થી ભાઈ-બહેનો ટ્યુશન ફી અને અન્ય ખર્ચ કરી શકતા ન હોવાથી અભ્યાસમાં પાછળ રહી જાય છે. આ યોજના હેઠળ ધોરણ-૧૦માં દાખલ થયેલ આર્થિક જરૂરિયાતવાળા તેજસ્વી વિદ્યાર્થી / વિદ્યાર્થિનીને ત્રણ વરસ માટે વરસે રૂા. ૧૧,૦૦૦/- જેટલી સ્કોલરશીપ આપવામાં આવશે.

★ આપણા સમાજમાં એવા દાતાઓ અને શ્રેષ્ઠીઓ છે કે જેમની દિલથી ઈચ્છા હોય છે કે તેમણે આપેલ દાનથી કોઈ વિદ્યાર્થીને અભ્યાસ માટે ખરેખર સમય પર મદદ થાય. જેથી એની આગળની જિંદગીમાં પરિવર્તન આવે. આ યોજના હેઠળ સમાજના દાતાઓને આર્થિક રીતે નબળા કોઈ એક વિદ્યાર્થી / વિદ્યાર્થિનીને ત્રણ વરસ માટે વર્ષે રૂા. ૧૧,૦૦૦/- જેટલી રકમ દાન સ્વરૂપે આપવા અપીલ કરવામાં આવે છે. બીજી રીતે કહીએ તો દાતા કોઈ વિદ્યાર્થી ભાઈ/બહેનને ધોરણ-૧૦ (S.S.C.)થી લઈને ત્રણ વરસ એટલે કે ધોરણ-૧૦, ધોરણ-૧૧ અને ધોરણ-૧૨ (H.S.C.) સુધી અભ્યાસ માટે દત્તક લઈ, મદદ કરશે.

★ આ યોજના આ વરસે ધોરણ-૧૦માં દાખલ થયેલ, આર્થિક જરૂરિયાતવાળા વિદ્યાર્થી ભાઈ-બહેનો માટે જ છે.

★ આ યોજનાનો લાભ દેશભરમાં વસતા કોઈ પણ કચ્છી

મારૂ કંસારા સોની જ્ઞાતિના પરિવારના વિદ્યાર્થી / વિદ્યાર્થિની લઈ શકશે.

★ આ યોજનાનું સંચાલન શ્રી કચ્છી મારૂ કંસારા સોની જ્ઞાતિ મંડળ - અમદાવાદની **"વિદ્યાસેતુ સમિતિ"** દ્વારા કરવામાં આવશે. અમદાવાદ જ્ઞાતિ સંસ્થા આ ઉમદા કાર્ય માટે સેતુરૂપ બની કામગીરી કરશે. દાતાઓ દ્વારા અપાયેલ તમામ રકમ વિદ્યાર્થીને ચેક દ્વારા અથવા તેમના બેંક ખાતામાં જમા કરી આપવામાં આવશે. દાતાઓએ નિયત રકમ રૂા. ૧૧,૦૦૦/- પ્રતિવર્ષ ત્રણ વરસ સુધી આપવાની રહેશે.

★ ઘટક સમાજના પ્રમુખશ્રી / અગ્રણીઓને તેમના વિસ્તારમાં અત્યંત જરૂરિયાતવાળા ધોરણ-૧૦ના વિદ્યાર્થીને આ યોજનાનો લાભ લેવા પ્રેરિત કરવા વિનંતી કરવામાં આવે છે.

★ સમાજના શ્રેષ્ઠી / દાતાઓને ઉદાર દિલથી વિદ્યાદાન કરવા અપીલ કરવામાં આવે છે. આપના દાનથી કોઈ વિદ્યાર્થીની જીંદગી બદલી શકે છે.

આ યોજનાની વધુ વિગત માટે વિદ્યાસેતુ સમિતિના કન્વીનર શ્રી અતુલ સોની (મો. ૯૭૨૫૦ ૩૮૧૪૦), અમદાવાદ જ્ઞાતિ પ્રમુખ શ્રી ગીરીશભાઈ સોની (મો. ૯૮૨૪૦ ૬૩૯૭૦) અથવા જ્ઞાતિસેતુ ચેરમેન શ્રી મનુભાઈ કોટડિયા (મો. ૯૬૦૧૨ ૭૫૦૭૮)નો સંપર્ક કરવા વિનંતી.

## વ્યક્તિ વિશેષ : શ્રી બળવંતરાય કંસારા - અમદાવાદ

*– અતુલ સોની*

### ઉત્સાહ હોય તો ઉંમર નડતી નથી...



અમદાવાદના બળવંતરાય જગજીવનદાસ કંસારા ૭૦ વર્ષની ઉંમરે ૬૫+ વય જુથમાં ગુજરાત સ્ટેટ ટેબલ ટેનિસ ૨૦૧૯ની ટીમમાં પસંદગી પામેલ તે ગૌરવની વાત છે. તાજેતરમાં ફેબ્રુઆરી ૨૦૧૯માં ઈંદોર ખાતે રમાયેલ નેશનલ માસ્ટર ટેબલ ટેનિસ ચેમ્પિયનશીપમાં તેમની ટીમે ઓલ ઈન્ડિયામાં ત્રીજું સ્થાન મેળવેલ અને બ્રોન્ઝ મેડલ પ્રાપ્ત કરી ગુજરાત અને કંસારા જ્ઞાતિનું ગૌરવ વધારેલ છે. 'ટાઈમ્સ ઑફ ઈન્ડિયા' તથા લોકલ ન્યુઝ પેપરમાં પણ સમાચાર પ્રસિધ્ધ થયેલ.



વિશેષ આનંદની વાત એ છે કે તેઓશ્રી દ્વારા યોજેલ વિજય સન્માન કાર્યક્રમમાં આપણી જ્ઞાતિના અગ્રગણ્ય શ્રી મનુભાઈ કોટડિયાને વિશેષ આમંત્રણ આપેલ અને શ્રી મનુભાઈ કોટડિયાએ જ્ઞાતિ વતી પુષ્પગુચ્છ દ્વારા તેમનું સન્માન કરી, તેઓ વધુને વધુ પ્રગતિ કરે તેવી શુભેચ્છા પાઠવી અભિનંદન આપેલ.

આ અગાઉ પણ વર્ષ ૨૦૧૭માં શ્રીલંકા ખાતે રમાયેલ સાઉથ એશિયન વેટર્ન ટેબલ ટેનિસ ટુર્નામેન્ટમાં ભાગ લીધેલ. તેટલું જ નહીં, પરંતુ તેમની ટુર્નામેન્ટ અંગેની વ્યવસ્થા અને મેનેજમેન્ટમાં સહયોગ આપેલ. તેથી બળવંતભાઈને ત્યાંની વિશિષ્ટ વ્યક્તિઓ સાથે દીપ પ્રાગટ્ય માટે આમંત્રિત કરેલ, તે ગૌરવની વાત છે.

શ્રી બળવંતભાઈ છેલ્લા ૩ વર્ષથી ગુજરાત સરકાર દ્વારા આયોજીત ખેલ-મહાકુંભમાં ૬૦+ વય જુથમાં સુરેન્દ્રનગર જીલ્લા તરફથી પ્રથમ / દ્વિતીય સ્થાન પ્રાપ્ત કરી ઓલ ગુજરાત ખેલ મહાકુંભ ટેબલ ટેનિસ ટુર્નામેન્ટમાં ભાગ લેવા માટે પસંદગી થતા રહેલ છે.

તેઓશ્રી અમદાવાદ ઝાલાવાડ ગુજરાતી કંસારા જ્ઞાતિ મંડળમાં સ્થાપના સમયથી સક્રિય ફાળો આપી રહેલ છે અને સમસ્ત કંસારા સમાજની કારોબારીમાં પણ છેલ્લા ૬ વર્ષથી સેવા આપી રહેલ છે. તાજેતરમાં સમસ્ત કંસારા સમાજના મુખપત્ર 'કંસારા ટાઈમ્સ'ના સંપાદક મંડળમાં પસંદગી પામેલ છે.

શ્રી બળવંતભાઈ આપણી જ્ઞાતિના મુખપત્ર 'જ્ઞાતિસેતુ'ના રેગ્યુલર વાચક છે અને તેના પ્રસંશક પણ છે. તેઓ 'જ્ઞાતિસેતુ'નું આજીવન લવાજમ ભરી સભ્ય બનેલ છે. આવા, રમતપ્રેમી અને જ્ઞાતિપ્રેમી શ્રી બળવંતભાઈ વધુને વધુ સફળતા પ્રાપ્ત કરતા રહે તેવી શુભેચ્છા.

***વિશ્વાસ સ્ટીકર જેવો હોય છે, બીજી વખત પહેલા જેવો નથી ચોંટતો.***

**વિચાર મંચ**

# "કારકિર્દી" માર્ગદર્શન આપીએ.... "કારીગરી" માર્ગદર્શન કેમ નહીં?

**સુરેશ બીજલાણી 'સુબી'**

દર વર્ષે ધોરણ ૧૦ કે ૧૨નું પરિણામ આવે અને ઘણા વાલીઓ ચિંતિત થાય કે એમના દીકરા કે દીકરીને આગળ કઇ લાઇનમાં અભ્યાસ અર્થે મૂકવા... અને કારકિર્દી માર્ગદર્શન આપનારાઓની દુકાન હાલી પડે... મેં એવા લોકો જોયા છે જેમણે એમના અભ્યાસકાળ દરમ્યાન કારકિર્દીના કોઈ જ શિખર સર નથી કર્યા, તેવા લોકો પણ વિદ્યાર્થીઓને માર્ગદર્શન આપતા હોય છે કે એમને કઇ લાઇનમાં આગળ વધવું. આ એક વ્યવસાય બની ગયો છે કારકિર્દી માર્ગદર્શન આપવાનો. આપણી ભુજ જ્ઞાતિ દ્વારા પણ આવો જ એક કાર્યક્રમ હોટલમાં યોજાયેલો. આપણા મારૂ કંસારા સોની સમાજ, જે ખાસ તો કલા કારીગરીથી વખણાય – વાસણ બનાવવા, ફોટોગ્રાફી, મીનાકામ, ચાંદીનું નકશીકામ, ચાંદીના પાયલ, સોનાના ઘરેણા બનાવવા કે પછી ગેરેજ અને ગાડીઓના વર્કશોપ – આ આપણા પરંપરાગત વ્યવસાય કહેવાય... સમય જતા વાસણ બનાવવાનું ઓછું થયું કેમકે રેડીમેડ વાસણો મળવા લાગ્યા એટલે એ કળા વિસરાઇ ગઈ.

ફોટોગ્રાફી કે જેમાં સ્વ. એલ. એમ. પોમલ જેવા સિધ્ધહસ્ત ફોટોગ્રાફરનું સમગ્ર દેશમાં નામ પ્રખ્યાત હતું. અનેક સ્ટુડિયો ધરાવતા પોમલ, છત્રાળા કુટુંબોએ જો કે આજે પણ વ્યવસાય જાળવી રાખ્યો છે. કેશવજીભાઈ, ત્રિભુવનભાઈ જેવા મીનાકારીના કુશળ કારીગરો તો નથી રહ્યા અને હવે મીનાકારીનું કામ પણ નથી રહ્યું એટલે એ કળા પણ વિસરાઈ. પણ કચ્છવર્ક નકશીકામ જે દેશ વિદેશમાં પ્રખ્યાત છે એના માટે આજની પેઢીના યુવાનોને કેમ કોઈ માર્ગદર્શન આપતા નથી? એની વ્યવસ્થિત હુન્નરશાળા હોવી જોઈએ. સોના ચાંદીના દાગીના જેમ કે પાયલ, રામરામી, કડલા, વાડલા, પાન્ડા વગેરે દેશી ઘાટ શીખવાડવાનું માર્ગદર્શન આપી શકાય.

પણ આપણે તો એવા ડિગ્રીધારી એન્જિનીયર તૈયાર કરવા છે, જે કોઈ અભણ ઠેકેદાર આગળ દસ-વીસ હજારની નોકરી કરે. કોઈ M.Com., M.Sc. પાસ યુવા, યુવતી કોઈ પ્રાઈવેટ શાળામાં પાંચ - છ હજારના પગારે નોકરી કરતા હોય... આપણી જ્ઞાતિમાં કે અન્ય કોઈ પણ જ્ઞાતિમાં એવા માંડ બે ચાર ટકા વિદ્યાર્થીઓ હોય જે ઉચ્ચ અભ્યાસમાં આગળ વધી શકે. બાકી બધા કુટુંબની જવાબદારી આવી પડતા આગળ અભ્યાસ નથી કરી શકતા તો એવા યુવાનોને જ્ઞાતિ, માર્ગદર્શન આપવાનું કેમ નથી વિચારતી...?

તાજેતરમાં માતાના મઢ મધ્યે સમાજવાડીના પાયાવિધિ પ્રસંગે હું ઉપસ્થિત હતો જ્યાં મહામંડળના પ્રમુખ શ્રી ભરતભાઈએ સરસ વાત કહી કે આપણે વર્ષોથી આટલા કુશળ કસબીઓ હોવા છતાં શા માટે સરકારશ્રીના એવોર્ડથી વંચિત છીએ; જ્યારે વણકર, સુથાર કે અન્ય કારીગરોને સરકાર સન્માનિત કરતી હોય છે. કેમકે આપણામાં જાગૃતિનો અભાવ છે તથા આગેવાનોને, વેપારીઓને રસ નથી. વધુમાં ભરતભાઈએ જણાવ્યું કે આપણે એ દિશામાં કામ કરીશું જેથી કારીગરોનું ઘડતર થાય. એ માટે સરકારની સહાય લઇ વર્કશોપ ઊભા કરીશું. સ્કીલ ઇન્ડિયા અંતર્ગત આવા લાભ મેળવી શકાય છે.

આ લેખ લખવા પાછળ મારો એવો કોઈ આશય નથી કે શૈક્ષણિક કારકિર્દી માર્ગદર્શન ન આપવું પણ એવા ગાડરીયા પ્રવાહમાં ન તણાઈએ... જો સ્કીલ હશે તો એ પોતાનો માર્ગ શોધી જ લેશે. બસ, જરૂર છે એમનામાં રહેલી શક્તિને પિછાણીએ. આજે પ્લમ્બર, સુથારીકામ, ઇલેક્ટ્રીશિયન કે નાનું મોટું કડિયાકામ કરતા કારીગરો સ્કુટર, ફોર વ્હીલરની સર્વિસિંગ કરતા કારીગરોની ડિમાન્ડ છે. પણ તકલીફ એ છે કે કોઇને હાર્ડવર્ક નથી કરવું. જેથી વિધર્મી કારીગરોની મોહતાજી કરવી પડે છે. શા માટે આવા કસબ પણ આપણા યુવાઓ હાંસિલ ન કરી શકે? મેં 'જ્ઞાતિસેતુ'માં જ આપણા સોની ચાયવાળા જ્ઞાતિબંધુઓ વિશે લખેલું... એવા ઘણા જ્ઞાતિબંધુ હશે જે ખુમારીથી જીવે છે. એમને આપણો સહકાર મળે તો એમની પેઢી આગળ વધી શકે.

## લગ્ન સંબંધી



**નામ : રમેશ શંભુલાલ બારમેડા**

*પિતાનું નામ :* શંભુલાલ અરજણ બારમેડા

*નાનાનું નામ :* મારજી પીતાંબર સોલંકી

*નાનીનું નામ :* મોંઘીબેન સોલંકી

*ધંધો* : ચાંદીકામ તથા નાનો મોટો વેપાર

*રહેણાંક* : કેમ્પ એરીયા, હોસ્પિટલ પાછળ, ભુજ, કચ્છ.

*મિલ્કતની વિગત* : મકાન-૧ : ભુજ, મકાન-૨ : માધાપર (બંને માલિકીના)

*વાર્ષિક આવક* : રૂા. ૨,૦૦,૦૦૦/-

*અભ્યાસ* : Non Metric

*જન્મ તારીખ* : ૨૩-૦૧-૧૯૭૯ (૪૦ વર્ષ)

*કુટુંબની સંખ્યા* : માતા અને પુત્ર (કુલ ૨ સભ્ય)

*સંપર્ક સ્થળ* : રમેશ શંભુલાલ બારમેડા
કેમ્પ એરીયા, ટી.બી. હોસ્પિટલ પાછળ, ભુજ.

*મોબાઈલ* : **9979414479, 9106936960**

પ્રો. રસીકભાઈ મહિચ્છા

## કુમોન - ગણિત અને ભાષા શીખવાની જાપાનીસ પદ્ધતિ

પ્રાથમિક અને માધ્યમિક શિક્ષણ લેતા આપણા બાળકો બે થી ત્રણ ભાષાઓ, ગણિત, સમાજ વિજ્ઞાન, ભૌતિક શાસ્ત્ર, રસાયણ શાસ્ત્ર જેવા વિષયો ભણતા હોય છે. આ બધા વિષયોનું જ્ઞાન મેળવીને વિદ્યાર્થીમાં કેવા પ્રકારનો માનસિક વિકાસ થતો હશે એવું કદી વિચાર્યું છે? શું આવું ભણવાથી આપણું બાળક કોઈ વિષયમાં પારંગત કે નિષ્ણાત થાય છે?

ના, પારંગત થવું એ તો હજુ ઘણું દૂર છે અને સ્વાભાવિક છે કે નિષ્ણાત થવા માટે તો હજુ વધારે ભણવાની જરૂર છે. બારમાં કે દસમા ધોરણ સુધી આ બધા વિષયો વિદ્યાર્થી સમક્ષ રજૂ થાય છે. વિદ્યાર્થી તેનો પરિચય મેળવે છે અને પાયાનું જ્ઞાન અને સામાન્ય જ્ઞાન પ્રાપ્ત કરે છે. જે તેના રોજિંદા જીવન વ્યવહારમાં જરૂરી બને છે. આજ જ્ઞાનથી વ્યક્તિ શિક્ષિત કહેવાય છે. જેણે ૧૦ + ૨નું શિક્ષણ નથી મેળવ્યું, તેના રોજિંદા જીવન વ્યવહાર ઠપ્પ થઈ જાય છે. બેંકની સ્લીપ ભરી શકતો નથી. નોકરી મેળવવા જાતે અરજીપત્રક લખી શકતો નથી. આજ કારણે પ્રાથમિક અને માધ્યમિક શિક્ષણ આપણા જીવનમાં ખૂબ મહત્ત્વની ભૂમિકા ભજવે છે. જે કદાચ ઉચ્ચ શિક્ષણ પણ નહીં ભજવતું હોય. શિક્ષણનો પાયો મજબૂત હશે તો આપણે તેના પર ઉચ્ચ શિક્ષણની ઈમારત ચણી શકીશું.

ગણિત અને ભાષાનું જ્ઞાન દૈનિક વ્યવહારમાં ખૂબ જ ઉપયોગી છે. ભાષાના જ્ઞાનથી વિદ્યાર્થીમાં કોમ્યુનિકેશન સ્કીલ વિકાસ પામે છે અને ગણિતના જ્ઞાનથી વિદ્યાર્થી જરૂરી આર્થિક વ્યવહારો કુશળતાથી કરી શકે છે.

પાંસઠ વર્ષ પહેલાની આ વાત છે. જાપાનમાં તોરુ કુમોન નામના એક ગણિતના શિક્ષકને એવો વિચાર આવ્યો કે તેનો પુત્ર તોરુ તોકેશી ગણિતના વિષયમાં નબળો છે, તો તેને ગણિતમાં કેમ હોંશિયાર બનાવવો કે જેથી કરીને વર્ગમાં અવ્વલ નંબર મેળવી શકે અને કોલેજની પ્રવેશ પરીક્ષામાં પાસ થઈ શકે?

તેણે એક યુક્તિ અજમાવી. ગણિતના દરેક ટોપીક્સ પર સરળથી થોડા અઘરા થતા જાય તેવા એસાઈમેન્ટ્સ બનાવ્યા અને તેણે તેના પુત્રને જવાબ લખવા કહ્યું. શરૂઆતમાં થોડી તકલીફ પડી, પરંતુ પછી તેના પુત્ર તાકેશીને રસ પડવા માંડ્યો અને ઝડપભેર એસાઈનમેન્ટ્સ સોલ્વ કરવા લાગ્યો. આના પરથી તોરુ તાકેશીએ ગણિત શીખવા માટેની વર્કશીટનું નિર્માણ કર્યું અને તે એક વિશિષ્ટ કુમોન પદ્ધતિ તરીકે વિશ્વમાં વિકાસ પામી. આ કુમોન રીત કોઈ નવી બાબત નથી પરંતુ ગણિતના એસાઈનમેન્ટ્સ એવી રીતે કાળજીપૂર્વક બનાવવા કે વિદ્યાર્થીને રસ પડે અને તેને પૂરું કરવામાં એક ચેલેન્જ તરીકે સ્વીકારી લે. ત્યારબાદ આ કુમોન પદ્ધતિ ભાષા શીખવા માટે પણ અખત્યાર કરી અને તેમાં પણ તોરુ કુમોનને સફળતા મળી.

KUMON

*કુમોનનો લોગો*

શાળામાં જતા બાળકો જે શીખે છે તેને લર્નિંગ કહીએ છીએ. આ લર્નિંગ બે પ્રકારના છે : એક પેસિવ લર્નિંગ કે જેમાં વિદ્યાર્થી શાંતિથી શિક્ષકને સાંભળે છે અને શિક્ષકનું બોલેલું જ્ઞાન શ્રવણેન્દ્રિય દ્વારા પ્રાપ્ત કરે છે. પુસ્તક વાંચીને મેળવેલું જ્ઞાન પણ પેસિવ લર્નિંગનું ઉદાહરણ છે. બીજા પ્રકારના લર્નિંગમાં વિદ્યાર્થી કંઈક પ્રવૃત્તિ કરે છે અને શિક્ષક તેને શીખવે છે કે આમ નહીં પરંતુ આમ કરાય. સાઇકો મોટરની પ્રક્રિયાથી લર્નિંગ થાય છે. આ પ્રકારના લર્નિંગને એક્ટીવ લર્નિંગ કહેવાય છે. એક્ટીવ લર્નિંગ વધુ કાર્યક્ષમ છે અને તેને કદી ભૂલી નથી જવાતું. ઉદાહરણ તરીકે પાણીમાં તરવાનું શીખવું. આ શિક્ષણ માત્ર એક્ટીવ લર્નિંગથી જ શક્ય છે. નાના બાળકોમાં એક્ટીવ લર્નિંગ એક આનંદદાયક પ્રવૃત્તિ છે, જ્યારે પેસીવ લર્નિંગ કંટાળાજનક લાગે છે. નીચેના ડાયાગ્રામથી એક્ટીવ અને પેસિવ લર્નિંગ તફાવત સમજી શકાશે. વાંચવું, સાંભળવું અને જોવું એવી પેસિવ પ્રક્રિયાથી પ્રાપ્ત થતું લર્નિંગ વધુમાં વધુ પચાસ ટકા જેટલું થાય છે. બાકીનું આપણે ભૂલી જઈએ છીએ. તેની સરખામણીમાં એક્ટીવ લર્નિંગ કે જેમાં આપણો કાર્યાત્મક ભાગ હોય છે તે વધુ કાર્યક્ષમ છે. જે આપણને ૯૦ ટકા જેટલું યાદ રહે છે. એક્ટીવ અને પેસિવ લર્નિંગ વચ્ચેનો તફાવત નીચેની આકૃતિ દ્વારા સમજીએ.

આજ વસ્તુ આપણા બાળકોના અભ્યાસમાં કેમ લાગુ ના કરી શકીએ? તેથી ગણિતના શિક્ષક તોરું કુમોન એવી વર્કબુક બનાવી કે જેમાં ગણિતના દાખલાઓ ક્રમશઃ અઘરા થતા જાય અને વિદ્યાર્થી જાતે તેને ગણવાની રીત લાગુ પાડે. પોતે પોતાના પ્રયત્નથી શોધેલી રીત કદી ભૂલશે નહીં. વળી બાળકને અડધા કલાકથી વધુ ધ્યાન કેન્દ્રિત કરી શકતું નથી. તેથી તેણે દરેક વર્કશીટ અડધા કલાકની જ બનાવી. તેથી દરરોજ માત્ર અડધો કલાક ગણિતની વર્કબુક ગણે તો તે ગણિતના કન્સેપ્ટ્સમાં પારંગત થઈ શકે છે. કુમોનનું પરિણામ પણ ધાર્યા મુજબનું આવ્યું. તે ગણિતમાં સારા માર્કસ પ્રાપ્ત કરી શક્યો. ભાષાના અભ્યાસ માટે પણ તોરુ કુમોને ક્રમશઃ અઘરી બનતી પ્રશ્નાવલી તૈયાર કરી.




આ રીતે ગણિત અને ભાષા શીખવા માટે તોરુ કુમોને વર્ક સેન્ટર ઊભા કર્યા, જ્યાં વિદ્યાર્થી તાલીમ પામેલા શિક્ષકોના સુપરવિઝન હેઠળ ગણિત અને ભાષાનો અભ્યાસ કરે અને તેની વર્કબુક ઘરે જઈને ગણે. સામાન્ય રીતે અઠવાડિયામાં બે કલાક કુમોન સેન્ટરમાં શીખવા જવાનું હોય છે. જેમાં ૩૦ મિનિટ્સની બે વર્કશીટ ગણવાની હોય છે અને બાકીની પાંચ વર્કશીટ, જે દરેક ૩૦ મિનિટ્સની હોય છે તે ઘરેથી ગણવાની હોય છે. ફરી સેન્ટરમાં જઈએ ત્યારે ઇન્સ્ટ્રક્ટર તેને ચેક કરે છે. વિદ્યાર્થી થોડી થોડી અઘરી બનતી પ્રશ્નોત્તરી ગણતા ગણતા જાતે જ તેને શીખી શકાય તેવી અપેક્ષા રાખવામાં આવે છે.

આ પ્રકારના વર્ક સેન્ટરને 'કુમોન સેન્ટર' નામ આપ્યું. જાપાનમાં આવા કુમોન સેન્ટર ખૂબ પ્રચલિત અને પ્રખ્યાતિ પામ્યા છે. કુમોન સેન્ટરો પછી તો એશિયા, એશિયા પેસીફિક દેશો, આફ્રિકા, ઉત્તર અમેરિકા, દક્ષિણ અમેરિકા અને યુરોપમાં પણ શરૂ થયા છે. આજે પચાસથી પણ વધુ દેશોમાં માર્ચ ૨૦૧૯ના અંત સુધી કુલ ૨૪,૦૦૦ સેન્ટરોમાં ૪૨.૮ લાખ બાળકો કુમોનના કેન્દ્રોમાં જોડાઇને સ્કૂલના અભ્યાસને વધુ સઘન અને બળવત્તર કરવા ગણિત અને ભાષાનું જ્ઞાન મેળવી રહ્યા છે. કુમોન સ્કૂલના અભ્યાસને બદલે નથી પરંતુ સ્કૂલના અભ્યાસને પૂરક છે. કુમોનના શિક્ષકો ગણિત શીખવતા નથી પરંતુ ગણિતના પ્રશ્નો જાતે કેમ ગણી શકાય તે શીખવે છે. કુમોન દાવો કરે છે કે કુમોન સેન્ટરમાં ગણિતનું ટ્યુશન નથી મળતું પરંતુ ગણિત જાતે કેમ ગણી શકાય તે શીખવવામાં આવે છે. પોતાની રીતે વર્કશીટ સોલ્વ કરીને વિદ્યાર્થી પોતાનું કૌશલ્ય વિકસાવી શકે છે.

અમદાવાદ, રાજકોટ, વડોદરા, સુરત જેવા મોટા શહેરોમાં ઘણા કુમોન સેન્ટરો ચાલુ છે. ૧૦૦૦થી ૧૫૦૦ રૂપિયા રજીસ્ટ્રેશન ફી અને માસિક ૨૦૦૦થી ૩૦૦૦ રૂપિયા ફી લે છે. કુમોન રીજીયોનલ હેડ સેન્ટરના નિયમો અનુસાર કુમોન સેન્ટરની ફ્રેન્ચાઇઝી મેળવી શકાય છે. પરંતુ મિનિમમ એનરોલમેન્ટની ખાત્રી આપવી પડે છે. તે ઉપરાંત કુમોનની પધ્ધતિ શીખવા માટે તેના સેમિનાર અને તાલીમ લેવી ફરજીયાત છે. કુમોન સેન્ટરના ઇન્સ્ટ્રક્ટરનો અનુભવ પણ જરૂરી છે.

શું કુમોન ખરેખર ગણિત શીખવા માટે અસરકારક અને સફળ પધ્ધતિ છે? તેના વિષે બે મત પ્રવર્તે છે. કુમોન પાંચ અથવા છઠ્ઠા ધોરણ સુધી બરાબર છે. તે પ્રોસીજર અથવા રીત પર વધુ આધારિત છે. તેથી જ્યાં રીત અથવા પ્રોસીજર શીખવાની હોય ત્યાં તે અસરકારક છે. પરંતુ જ્યાં એબ્સ્ટ્રેક્ટ કન્સેપ્ટ સમજવાના હોય છે ત્યાં પછી તે અસરકારક નથી થતું એવું ઘણા શિક્ષણશાસ્ત્રીઓનું માનવું છે. ઘણા લોકો એવું માને છે કે કુમોન બાળકને માટે બોજારૂપ છે કારણકે તેને સ્કૂલનું હોમવર્ક સાથે કુમોનનું હોમવર્ક પણ કરવું પડે છે. તેમ છતાં કુમોનની વર્કબુક ગણતા જો વિદ્યાર્થીને ગણિત પ્રત્યે લગાવ અને આત્મવિશ્વાસ ઉત્પન્ન થતો હોય તો ખોટું નથી. આજના સ્પર્ધાત્મક યુગમાં આપણા બાળકને અવશ્ય જોડાવું પડશે તેમાં શંકા નથી.

## MATRIMONIAL



| | |
|---|---|
| **Name** | : **KRISHNA** Anilkumar Barmeda |
| **Birth Date** | : 15-02-1992 |
| **Birth Time** | : 8.15 p.m. |
| **Height** | : 5'3" |
| **Weight** | : 60 Kg. |
| **Education** | : B.A., B.Ed. with English & Sanskrit |
| **Hobbies** | : Cooking, Swimming, Travelling |
| **Past Job** | : As English teacher in Matruchhaya Kanya Vidhyalaya and as Social Science Teacher in Maa Ashapura English School - Bhuj (For 5 Years) |
| **Occupation** | : Owner of Glowup Beauty Care (As Make up artist) |
| **Father** | : Anilkumar Viththaldas Barmeda |
| **Occupation** | : Business of Silver |
| **Mobile** | : 99780 56999 |
| **Mother** | : Nayanaben Anilkumar Barmeda |
| **Brother** | : Dr. Maulik Anilkumar Barmeda (B.D.S.) |
| **Maternal Family** | : Babulal Purushottam Sakaria (Bhuj) |
| **Address** | : B-221, "Devkunj", R.T.O. Relocation Site, Bhuj, Kutch. |

# ...કારણકે સ્વસ્થ અને સુખમય જીવન જીવવું એ દરેક સ્ત્રીનો અધિકાર છે!!

*"દર્પણની એ સખા સમી, સંધ્યાની એ કાયા બની,*
*ખીલી રહી છે, ઝુમી રહી છે,*
*'હા' આજની સ્ત્રી 'સ્વપ્નદૃષ્ટા' બની રહી છે."*

વાતની શરૂઆત કરીએ આપણા ઉપનિષદો, ધર્મગ્રંથોથી. જેમાં માનવજાતને પીડતી - પજવતી દરેક પરિસ્થિતિમાંથી બહાર આવવાના રસ્તાઓ મળી રહે છે. જેમાં માનવજાતને મળેલા વિભિન્ન સ્વરૂપો પૈકી 'સ્ત્રી' એક અનોખું અને અદ્ભુત સર્જન છે, હા! ખરેખર જ.

આજે સ્ત્રી 'સ્વપ્નદૃષ્ટા' બની રહી છે. એક પણ એવું ક્ષેત્ર હવે શેષ નહીં હોય જ્યાં સ્ત્રીઓએ પોતાના ખંતથી, ઝનુનથી, ત્યાં સ્થાન ના બનાવ્યું હોય! પણ હવે મુખ્ય મુદ્દો કે આજે પ્રવર્તમાન સમયમાં સ્ત્રી તેના કાર્યસ્થળે અને ઘરે આ બંને વચ્ચે સંતુલન રાખવાની સાથોસાથ પોતાના અમૂલ્ય 'સ્વાસ્થ્ય'ને પણ પ્રાથમિકતા આપે તે અત્યંત આવશ્યક છે. મોટાભાગની સ્ત્રીઓ 'વર્કિંગ વુમન' બનવું પસંદ કરે છે અને તે શ્રેષ્ઠ બાબત પણ ગણાવી શકાય કે સ્ત્રીઓ પોતાના હુન્નર અને આવડતને વિશ્વ સમક્ષ પ્રસ્તુત કરી મિશાલ કાયમ કરવા એ સક્ષમ બની છે. પરંતુ ઘર અને કાર્યસ્થળ વચ્ચે સંતુલન જાળવી, જાતને પણ આ ફાસ્ટ એન્ડ 'હાઈટેક' લાઇફનો ભોગ બનતા બચાવી લે, તે પણ તેની જ જવાબદારી છે.

અરે, વિજ્ઞાનના તારણો તો એવું પણ કહે છે કે, પુરૂષોની સરખામણીમાં સ્ત્રીઓ ૬૦% વધારે સ્ટ્રેસનો ભોગ બની રહી છે અને વિદેશમાં તો સ્ત્રીઓ અને ખાસ કરીને વર્કિંગ વુમન્સ માટે 'સ્ટ્રેસ રીલીફ'ના કાઉન્સેલિંગ ગોઠવાય છે.

આપણા દેશની મોટાભાગની સ્ત્રીઓ ઘર અને કામ (Office Work)ને જ પોતાનું સર્વસ્વ સમજીને તેના સ્વભાવ મુજબ જ બંને જગ્યાએ પોતાનું બેસ્ટ આપવાની ટેવ ધરાવે છે. અને જો આ બંનેમાંથી પણ થોડો સમય શેષ રહે તો જ પોતાની જાત માટે ફાળવે છે. ક્યારેક પોતાની જાત પ્રત્યે જ બેદરકાર રહેવાના ખરાબ પરિણામો પછી પાછલી ઉંમરમાં ભોગવવા પડે છે.

વધતી ઉંમરે શરીરની જામેલી ચરબી, અશુદ્ધ રૂધિર, મંદ પાચનતંત્ર, ખાવામાં બેદરકારીના કારણે ભોગવવી પડતી અન્ય મુશ્કેલીઓ, આવા તો અનેક કારણોસર સ્ત્રીઓ પોતાની જાતને લઇને અંતે 'સ્ટ્રેસ'નો ભોગ બને છે. ઋતુચક્રમાં પણ તે ઉંમરે વધુ અનિયમિત આવે છે. આ તમામ સંજોગોમાં જો પહેલેથી જ સાવચેત રહી, હકારાત્મક વલણ અપનાવી, જાતને પ્રાધાન્ય આપવામાં આવે, તો સ્વાસ્થ્યને સાચા અર્થમાં સ્વસ્થ રાખી ખુશખુશાલ જીવી શકાય છે. જેના માટે કોઇ મહાન વેદો કે પોથીઓના જ્ઞાનની આવશ્યક્તા નથી.

જેમકે સ્વસ્થ ખોરાક લેવાની ટેવ, જેમાં ભલે કોઈ 'મિસ વર્લ્ડ' જેને અનુસરતી હોય તેવા ડાયેટ પ્લાન બનાવી હાઈ પ્રોફાઈલ વિટામિન્સ ધરાવતા ખોરાક ના હોય પરંતુ સાત્ત્વિક, સરળ ખોરાક લેવામાં આવે તે પણ ખૂબ ફાયદાકારક નીવડે છે.

અને આવી નાની નાની તમામ ટેવો અંતે સારું સ્વાસ્થ્ય અને ઊંચી કાર્યક્ષમતા તેમજ હકારાત્મકતા પ્રદાન કરે છે.

***"She" who has health, has hope;***
***and "she" who has hope, has 'Everything'!***

- **MICRO FICTION :**

સવારે કામે જતી વખતે ભલે ને ઉતાવળમાં હોઈએ, એક કેળું ખાઇ લેવાથી, કે સ્વસ્થ અને ભરપેટ નાસ્તો કર્યા બાદ કાર્યસ્થળે જવાથી દિવસ એકંદરે સારો જતો હોય છે.... ખરુંને??

**ફોરમ સોની - મોટી રાયણ**

## આપણું સ્વાસ્થ્ય

૧. **વજન ઘટાડવા :** વજન ઘટાડવા એક મોટી ચમચી જીરૂ એક ગ્લાસમાં રાત્રીના પલાળો. સવારે તેને ઉકાળો. અડધો ગ્લાસ થાય એટલે ગાળીને 'ચા'ની જેમ પી જાઓ અને ગરણીમાં વધેલ જીરાને ખાઇ જવાનું. આમ દરરોજ સવારે કરવાથી શરીરમાં રહેલ વધારાની ચરબી ઓછી થઈ જશે. જીરૂ લીધા પછી એક કલાક સુધી કશું લેવું નહીં. ત્રણ માસ સુધી જરૂર કરશો.

૨. **દમ :** ગાયના દૂધમાં અડધી ચમચી હળદર, ૧ ચમચી ગોળ નાખીને દિવસમાં એક વખત લેવાથી દમમાં ગણી રાહત થશે.

૩. **પથરી :** લીંબુનો રસ ૨ ચમચી, ૧ ચમચી સીંધાલુણ, ૦। ચમચી સંચળ બરાબર એક ગ્લાસ પાણીમાં સાથે ભેળવીને દરરોજ ત્રણ વખત લેવાથી પેશાબ વાટે પથરી નીકળી જશે.

૪. **ગોઠણનો દુ:ખાવો :** ૧ ચમચી હળદર, ૧ ચમચી દળેલી ખાંડ, અડધી ચમચી ચૂનો (પાનવાળાને ત્યાં મળે) — ત્રણેય મીક્ષ કરી લુગદી બનાવીને રાત્રીના સૂતી વખતે ગોઠણ ઉપર લગાડીને પાટો બાંધવો. સવારે પાટો કાઢવો. અનુકૂળ લાગે તો દરરોજ પાટો બાંધવો.

૫. **સાયટીકા :** ૨૦૦ ગ્રામ મેથી, ૧૦૦ ગ્રામ અજમો, ૫૦ ગ્રામ કાળી જીરી મીક્ષ કરી, ભૂકો કરી દરરોજ રાત્રીના ૧ ચમચી લેવી.

૬. **પથરી :** કિડનીમાં પથરી હોય તો તે કાઢવા જીરૂ અને ખાંડ સરખે ભાગે લઇ, તેનો પાવડર બનાવી, સવાર - બપોર - રાત્રીનાં ૧ ચમચી પાણી સાથે લેવા.

*રાઘેભાઈ ડી. સોલંકી - જુનાગઢ*

# શાંતિસેતુ ક્લાસિફાઈડ

Prakashbhai Soni 98793 22373
Nikul Soni 99254 66200

**Narmada**
JEWELLERS

*Manufacturer of Gold & Silver Ornaments*

Shivaji road,
Nr. Custom chawk
circle, Anjar.

---

**Ketan Enterprise**

TYRE | BATTERY | ALLOY WHEEL

apollo BRIDGESTONE CEAT Continental GOODYEAR JK TYRE

કેતન સી. પરમાર | ૯૮૨૫૨ ૩૪૬૫૭
ઈમેલ: ketanparmar69@gmail.com

લક્ષ્મી ચેમ્બર્સ, રવિ સિનેમા પાસે, ભુજ-કચ્છ
ફોન: ૦૨૮૩૨ ૨૨૧૪૧૬, ૨૫૩૪૧૬ | ઘર: ૦૨૮૩૨ ૨૫૦૦૫૩

---

જગદીશભાઈ કંસારા ૯૮૨૫૪ ૬૧૯૨૦
મધુકાંતભાઈ કંસારા ૯૮૨૫૯ ૭૯૬૫૦

**આશા**
**મોલ્ડીંગ વર્કસ્**

શુદ્ધ કાંસાના બી.એમ.કે. માર્કાનાં મંજીરા, ઝાંઝ, જાલર તથા ઘંટ બનાવનાર

મચ્છી પીઠ, અંજાર - કચ્છ । ફોન: ૨૪૩૪૫૯

---

Prdeep Kansara
939 9999 330
Sanjay Kansara
94265 21974

Bharat Petroleum

**PRADEEP AGENCIES**
BHARAT PETROLEUM DEALER

Email: pradeep_kansara25@gmai.com
Petrol Site: 126, M. G. Road, Secundarabad
Diesel & LPG: 1-54/2, Madinaguda Village, Myapur
Bitumen Depot: 8-2-98 Isanpur, Opp. Raasi Ceramics, Medak

---

સોની નરેશ દામજીભાઈ

**પાર્થ જ્વેલર્સ**

સોના-ચાંદીના દાગીના બનાવનાર તથા વેચનાર

સુભાષ ચોક, સ્ટેશન રોડ, ખેડબ્રહ્મા, (સા.કાં.)
ફોન : (ઓ)૨૨૦ ૫૯૯ (ઘ) ૨૨૦૧૨૯ • મો. ૯૪૨૭૬ ૭૧૦૬

---

**INDOTEX PAINTS**
Durable | Decorative | Protective

Regd. Office: "Indotex House" Nr. GNFC Tower,
S.G. Hoghway, Bodakdev, Ahmedabad 380054
Ph.: 079 2685 3279 • M. 99094 44598
Telefax: 079 2685 7412
Email: indotexpaints@yahoo.co.in
Website: www.indotexpaints.com

Ahmedabad - Kunal N. Shah
M.: 98250 33598
Mumbai- Punit N. Shah
M.: 98205 14143

Gujarat | Rajasthan | Maharashtra | Karnataka | Goa | Andhra Pradesh

---

**વૈશાલી જ્વેલર્સ**
સોના-ચાંદી ના દાગીના બનાવનાર તથા વેચનાર

દિનેશ જે. સોની
(M) 9426448597
9601717555

જે. જે. કોમ્પ્લેક્ષ
બેંક ઓફ ઈન્ડિયા ની બાજુમાં, સુભાષ ચોક,
મુ. તલોદ, જી. સાબરકાંઠા

---

સોની શાંતિલાલ એચ. ૯૮૨૪૨ ૯૯૨૫૦
સોની હરિશ એચ. ૯૮૨૫૨ ૨૪૫૩૫
સોની બિમલ એસ. ૯૬૦૧૩ ૨૮૦૨૨

*Roshni Design*

**દિવ્યા જ્વેલર્સ**
શાસ્ત્રી રોડ, અંજાર (કચ્છ)

સોને મઢેલા ફેન્સી ચુડા બનાવનાર

School Management Software

iolite

**IOLITE Softwares Pvt. Ltd.**
406, Tilakraj Complex,
B/h. Center Point, Panchvati,
Ellisbridge, Ahmedabad-380006

Ph.: 079 2644 4846, 2644 1050 | M.+91 92270 00105 | E. rahul@iolitesoftware.com
www.iolitesoftware.com

---

વિષ્ણુભાઈ : ૯૮૨૪૦ ૨૨૫૮૦ નયન : ૯૯૦૯૯ ૨૨૫૮૦

ચાંદીનાં દાગીનાનાં
હોલસેલ વહેપારી

VMC
**ચોકસી વિષ્ણુલાલ મથુરદાસ**
ચાંચીની પોળ, જૈન ઉપાશ્રયની બાજુમાં, એમ.જી. હવેલી રોડ
માણેકચોક, અમદાવાદ-૩૮૦૦૦૧ । ફોનઃ ૨૨૧૪ ૩૨૩૨, ૨૨૧૧ ૩૦૪૩

---

Kalpesh Modi 98253 88733
Shirish Modi 98793 42282

Vikas Gold — Shree Vikas Gold

**Wholesaler of Gold Ornaments**

Opp. Dedkani Pole, M.G. Haveli Road,
Manek Chowk, Ahmedabad 380001
Ph.: 79 22110556, 22110577
Mobile: 98255 42282
Email: vikasgold01@gmail.com

G.F. 22-23, Super Mall, Nr. Lal Bunglow
C.G. Road, Ahmedabad-380009.
Ph.: 079 2640 5524, 2640 5525
Mobile: 72278 55524, 72278 55525
Email: vikasgold01@gmail.com

---

NJ

**સોની ઈશ્વરલાલ નેણશી એન્ડ સન્સ**
મેઈન બજાર, દહીંસરા તા. ભુજ - કચ્છ । ફોનઃ ૦૨૮૩૨-૨૪૩૪૫૯, ૯૪૨૭૭૬૯૯૯૪

દિપેશભાઈ : ૯૭૨૫૧ ૦૮૦૦૭ । હિરેનભાઈ : ૯૮૨૫૭ ૫૮૧૯૯

---

Anil Patel: 98987 58484
Parth Patel : 98250 76954

**WESTERN AIR**
**INTERNATIONAL COURIER**

Service for all International Courier Companies
USA, UK, Australia, Canada, NZ, UAE & all other countries

Shop No. 5 Shital Plaza, Near ICICI Bank, Rambaug,
Maninagar, Ahmedabad-380 008.
Ph.: 079 2543 4006, 2543 2006
Email: anil_western2006@yahoo.com | www.westernair.in

---

**Silver Elegance**
Wholesale & Retailer
Puja Goods, Payal, Juda,
Antique Silver Jewellery

AcpL
92.5 Silver Jewellery Dealer
96874 02022

Ramsingh 94273 22188 | Pravin 94273 25642
38, Super Mall, Nr. Lal Bunglow
C.G. Road, Ahmedabad-380009.
Ph.: 079 2640 2022, 4009 9260

---

Sureshbhai Soni 94269 15921
Amit Soni 90337 57701

**M/s Soni Parshottam Lakhamshi & Co.**
(BABUBHAI MANFARAWALA)
**Suresh & Co.**
Manufacturers & Dealers of Gold and Silver Ornaments

Ganga Bazar, Anjar, (Kachchh) 370 110
Tel : +91 2836 243342

---

દરેક જાતનાં કાંસાના મંજીરા, ઝાંઝ, જાલર તથા ઘંટ કળશ, ધ્વજદંડ,
નાગ, જળાધરી બનાવનાર તથા વેચનાર

જગદીશ હરિલાલ : ૯૯૭૯૯ ૨૧૨૫૧
સંદીપ હરિલાલ : ૯૪૨૬૪ ૩૦૩૬૮

**એમ.પી. કંસારા**
મચ્છી પીઠ, અંજાર - કચ્છ ૩૭૦ ૧૧૦
ફોનઃ ૨૪૩૪૫૯

# MATRIMONIAL



| | |
|---|---|
| ***Name*** | **PRAGYA KANSARA** |
| ***Birth Date*** | 13 July 1989 |
| ***Birth Place*** | Jodhpur, Rajasthan |
| ***Birth Time*** | 10:45 AM IST |
| ***Height*** | 4'11" |
| ***Weight*** | 57 kg |
| ***Food Habits*** | Vegetarian |
| ***Hobby*** | Pragya is a graceful girl who enjoys life and has great interest in learning music. She plays the guitar and has participated in stage singing events in college and institutes. |
| ***Education*** | 6-Month Music Course, Sai Baba Telefilms, MumbaiMBA (HR & Marketing), Jodhpur Institute of Engineering and Technology, Jodhpur BBA (HR), Jodhpur National University, Jodhpur |
| ***Father*** | Mr. Prithvi Raj Kansara |
| ***Mother*** | Mrs. Shiva Kansara |
| ***Sister*** | Elder Sister, Mrs. Ruby Dave, completed her B.Tech. (Computer Science) from Mody Institute of Technology, Laxmangarh and is now married to Mr. Sanket Dave and currently in Chicago, USA. The couple has a son and a daughter. |
| ***Brother*** | Younger brother, Mr. Samanyu Kansara, completed his B.E. (Software) from University of Auckland, New Zealand and is now working in the family software venture. |
| ***Family*** | We are a joint family of 27 people living under one roof. The family has a unique blend of tradition and modernity in education, business and lifestyle. The family has strong morals, ethics and principles with deep faith in God and religion. We value individual expression and thought. We are vegetarians, non-smokers and non-drinkers. |
| ***Businesses*** | Family commands leadership in Taper Roller Manufacturing with two manufacturing plants Kansara Bearings Limited and Kansara Modler Limited (an Indo-German Joint Venture). We export taper rollers to several countries in the world. |
| | Our retail showroom, Kansara, is now well-known in the entire city and deals in consumer non-durables like dinner sets, crockery, glassware and crystalware. |
| | Our software venture, PaniPuri Soft Limited, builds cloud and mobile enabled healthcare and business solutions. |
| ***Contact*** | Mr. Nav Ratan Kansara (Tauji) |
| ***Phone*** | 98290-25111 (Same for WhatsApp) |
| ***Email*** | nrkansara@kansara.com |
| ***Address*** | Raghukul, A/2/2, Panch Batti Circle, Ratanada, Jodhpur, Rajasthan. |
| ***Websites*** | www.kansara.com, www.kansararetails.com, www.panipurisoft.com |

# જ્ઞાતિસેતુ

*"જ્ઞાતિસેતુ" – એ શ્રી કચ્છી મારૂ કંસારા સોની જ્ઞાતિ મંડળ - અમદાવાદ દ્વારા દર બે માસે અમદાવાદથી પ્રસિદ્ધ થતું સમાજનું પારિવારિક સામાયિક છે.*

**'જ્ઞાતિસેતુ'નું લવાજમ : ● રૂા. ૩૦૦/- (ત્રણ વર્ષ માટે) ● રૂા. ૧૫૦૦/- (પંદર વર્ષ માટે)**

'જ્ઞાતિસેતુ'ના લવાજમ ધારકો, વિજ્ઞાપન સહયોગી તેમજ દાતાઓને નમ્ર નિવેદન છે આપના લવાજમ, જાહેરાત તથા શુભેચ્છા સહયોગની રકમ 'જ્ઞાતિસેતુ'ના સ્થાનિક સહયોગીઓ અથવા અમદાવાદ કાર્યાલય પર જમા કરાવી શકશો. ***અથવા*** નીચે જણાવેલ બેંકમાં RTGS / NEFT દ્વારા ટ્રાન્સફર કરી શકશો ***અથવા*** રોકડા કે ચેક (**"શ્રી કચ્છી મારૂ કંસારા સોની જ્ઞાતિ મંડળ - અમદાવાદ"**ના નામનો) લખીને "પંજાબ નેશનલ બેંક"માં ડાયરેક્ટ જમા કરાવી શકશો.

***વધુ જાણકારી માટે સંપર્ક*** : ★ મનુભાઈ કોટડિયા મો. 96012 75078 ★ અતુલ સોની : મો. 97250 38140

***બેંકની વિગત*** : *ખાતાનું નામ :* શ્રી કચ્છી મારૂ કંસારા સોની જ્ઞાતિ મંડળ - અમદાવાદ
*બેંકની વિગત :* પંજાબ નેશનલ બેંક. ★ *બ્રાંચ :* ઑફ સી.જી. રોડ
*સેવિંગ્સ એકાઉન્ટ નં. :* 5194000100003759 ★ ***IFS Code :*** PUNB0519400

***કાર્યાલય*** : જે. જે. જ્વેલર્સ, ૮, સુપરમોલ, સી.જી. રોડ, નવરંગપુરા, અમદાવાદ-૩૮૦ ૦૦૯.
ઈ-મેઈલ : gnyatisetu@gmail.com

## ● 'જ્ઞાતિસેતુ'માં પ્રકાશિત થતી જાહેરાતના દર ●

| ક્રમ | વિગત | પ્રકાર | સાઇઝ | અંક | દર (રૂા.) |
|---|---|---|---|---|---|
| ૧. | કવર પેઇજ-૨ | મલ્ટી કલર | ફુલ પેઇજ | ૧ | ૪,૫૦૦/- |
| ૨. | કવર પેઇજ-૩ | મલ્ટી કલર | ફુલ પેઇજ | ૧ | ૪,૫૦૦/- |
| ૩. | કવર પેઇજ-૪ | મલ્ટી કલર | ફુલ પેઇજ | ૧ | ૫,૦૦૦/- |
| ૪. | અંદરનું પાનુ | મલ્ટી કલર | ફુલ પેઇજ | ૧ | ૪,૦૦૦/- |
| ૫. | અંદરનું પાનું | મલ્ટી કલર | હાફ પેઇજ | ૧ | ૨,૫૦૦/- |
| ૬. | અંદરના પાનામાં ક્લાસીફાઈડ | મલ્ટી કલર | વિઝીટીંગ કાર્ડ | ૬ | ૫,૦૦૦/- |
| ૭. | અંદરનું પાનું | બ્લેક એન્ડ વ્હાઈટ | ફુલ પેઇજ | ૧ | ૨,૫૦૦/- |
| ૮. | અંદરનું પાનું | બ્લેક એન્ડ વ્હાઈટ | હાફ પેઇજ | ૧ | ૧,૫૦૦/- |
| ૯. | અંદરનું પાનું | બ્લેક એન્ડ વ્હાઈટ | ક્વાર્ટર (પા) પાનું | ૧ | ૮૦૦/- |
| ૧૦. | લગ્નવિષયક – છોકરાઓ માટે | બ્લેક એન્ડ વ્હાઈટ | ક્વાર્ટર (પા) પાનું | ૧ | ૮૦૦/- |
| ૧૧. | લગ્નવિષયક – છોકરીઓ માટે | બ્લેક એન્ડ વ્હાઈટ | ક્વાર્ટર (પા) પાનું | ૧ | ફ્રી |
| ૧૨. | શ્રધ્ધાંજલિ | બ્લેક એન્ડ વ્હાઈટ | ફુલ પેઇજ | ૧ | ૧,૫૦૦/- |
| ૧૩. | શ્રધ્ધાંજલિ | બ્લેક એન્ડ વ્હાઈટ | હાફ પેઇજ | ૧ | ૧,૦૦૦/- |

**નોંધ :** જાહેરાતની ડિઝાઈન JPEG or CDR ફોર્મેટમાં આપવી.

# અમદાવાદ કારોબારી સમિતિનો સહપરિવાર પ્રવાસ

**અતુલ સોની**



અમદાવાદ જ્ઞાતિ કારોબારી સમિતિની એક વિશેષતા એ છે કે દર એક-બે માસમાં કપલ મિટીંગનું આયોજન કરવામાં આવતું હોય છે. કારોબારીના સર્વે સભ્યો તેમના જીવનસાથી સાથે મળી, સમાજના વિવિધ વિષયો પર ચર્ચા વિચારણા કરે છે. આ રીતે સમાજના સંચાલનમાં મહિલાઓની ભાગીદારી વધે તેવા પ્રયત્નો થાય છે. સમયાંતરે મહિલા મંડળ અને યુવક મંડળ દ્વારા પણ વિવિધ પ્રવૃત્તિઓનું આયોજન થતું હોય છે. તાજેતરમાં જ્ઞાતિ કારોબારી સમિતિના સર્વે સભ્યોએ સાથે મળીને 'સ્ટેચ્યુ ઑફ યુનિટી' — સરદાર સરોવરનો પ્રવાસ કરેલ.

ગત તા. ૨૮ જુલાઈ, ૨૦૧૯ના રોજ ૪૦ જેટલા પરિવારજનોએ સ્પેશિયલ બસ મારફતે નર્મદા ડેમ - સરદાર સરોવરની મુલાકાત લીધી. વિશ્વની સૌથી ઊંચી પ્રતિમા - સ્ટેચ્યુ ઑફ યુનિટી નિહાળવા સૌ કોઈ ઉત્સુક હતા. વહેલી સવારે નીકળી પ્રવાસીઓ બપોરે સ્ટેચ્યુ ઑફ યુનિટીની સાઈટ પર પહોંચ્યા. અમદાવાદમાં દૂર દૂર વસતા હોવાના કારણે સહપરિવાર મળવાનું ઓછું થતું હોઈ બધા ખૂબ આનંદિત થયા.

વરસાદી માહોલમાં નર્મદા નદીની આસપાસના વિસ્તારો લીલાછમ દેખાતા હતા. અમદાવાદ જ્ઞાતિના અગ્રણી અને કારોબારી સભ્ય શ્રી અરવિંદભાઈ મારૂ હાલ રાજ્ય સરકારના એન્જિનિયરીંગ વિભાગમાં ઉચ્ચ હોદ્દા પર કાર્યરત છે. તેઓએ અગાઉ નર્મદા યોજના વિભાગ સાથે પણ કામગીરી કરેલ. તેમની આગવી પહેલ અને આયોજનથી નર્મદા નદી પરના ભવ્ય સરદાર સરોવરને નજીકથી નિહાળવાની તક મળી. નર્મદા ડેમના દરવાજા પર છેક ઉપર સુધી જવાની વિશેષ વ્યવસ્થા પણ તેમના વિભાગના અધિકારીઓ દ્વારા કરવામાં આવેલ. આ સ્થળેથી સરદાર સરોવરની વિશાળ જળરાશિ તથા કુદરતી નજારો નિહાળવા મળ્યો. સાથે સાથે આટલા મોટા પ્રમાણમાં પાણીના જથ્થાને નાથવાનું અદ્‌ભુત એન્જિનિયરીંગ કૌશલ્ય જોવા મળ્યું. ડેમના વિશાળ દરવાજા અને તેના સંચાલન વિશે જે જાણકારી મળી તેનાથી સમગ્ર નર્મદાનો ફાયદો કઈ રીતે કચ્છ જેવા દૂર દૂરના વિસ્તારો સુધી પહોંચે છે તે પણ જાણવા મળ્યું. યોજના સાથે સંકળાયેલ એન્જિનિયરો સહિત હજારો લોકોની મહેનત ખરેખર બિરદાવવા લાયક છે. ઝરમર વરસતા વરસાદથી સમગ્ર માહોલ વિશેષ રોમાંચક બનેલ.

સરદાર સરોવરની મુલાકાત બાદ સ્ટેચ્યુ ઑફ યુનિટીની મુલાકાત લેવા પહોંચ્યા. અહીં સરકાર દ્વારા ખૂબ જ સરસ વ્યવસ્થા કરવામાં આવેલ છે. સરદાર પટેલની વિશાળ પ્રતિમા જોઈ સૌ કોઇને ગૌરવની લાગણી થાય છે.

'સ્ટેચ્યુ ઑફ યુનિટી' વિશાળ પ્રતિમાની છાતી સુધી એટલે કે ૧૪૦ મીટરની ઊંચાઇ સુધી પહોંચવા લીફ્ટની વ્યવસ્થા છે. ત્યાંથી સમગ્ર વિસ્તારનું અદ્‌ભુત દૃશ્ય નિહાળી શકાય છે. સાંજે આ પ્રતિમા પાસે 'લેસર શો' કરવામાં આવે છે, જે ખૂબ જ સુંદર અને માહિતીપ્રદ હોય છે.

આ પ્રવાસ દરમિયાન સૌ સભ્યો માટે ભોજનનું સૌજન્ય શ્રી અરવિંદભાઈ મારૂ તથા શ્રી હરીશભાઈ બુધ્ધભટ્ટી દ્વારા કરવામાં આવેલ. સમગ્ર આયોજન શ્રી મનુભાઈ કોટડિયા, શ્રી જયમીનભાઈ સોની, જ્ઞાતિ પ્રમુખ શ્રી ગીરીશભાઈ સોની, અતુલ સોની, નીતિન સોની, સુનીલભાઈ બીજલાણી તથા અરવિંદભાઈ મારૂ દ્વારા કરવામાં આવેલ. કાર્યક્રમમાં શ્રી તુલસીદાસ કંસારા તથા નરોડાથી શ્રી રમેશભાઈ સોની સહપરિવાર જોડાયેલ.

આનંદ પ્રમોદ સાથે સમગ્ર પ્રવાસ ખૂબ સફળ રહ્યો. ભવિષ્યમાં પણ આ સમાજ સાથેના પ્રવાસ માટે લાગણી વ્યક્ત કરવામાં આવેલ.



# હિમાલયન ટ્રેકિંગ – એક અદ્‌ભુત અનુભવ

અંજલી સોની - અમદાવાદ

હિમાલય, એ પર્વતોનો રાજા કહેવાય છે. આ વિશાળ પર્વતમાળામાં ઘણા શિખરો છે. માઉન્ટ એવરેસ્ટ સૌથી ઊંચું શિખર છે. ઘણા અન્ય શિખરો પણ આકાશને સ્પર્શ કરે છે. હિમાલય ભારતના ઉત્તરમાં અંદાજે ૨૫૦૦ કિ.મી.માં સ્થિત છે. આ પર્વતમાળા ભારત માટે એક રખેવાળ જેવી લાગે છે. હિમાલયની ગોદમાં આવેલ ગામો યુગ પુરાણી ઉત્કૃષ્ટ સંસ્કૃતિના સાક્ષી છે.

સમગ્ર હિમાલય પ્રદેશ એક સુંદર સ્થળ છે. અહીં કુદરત તેના કિંમતી ખજાનાને મુક્ત હાથથી લુંટાવે છે. બરફથી ઢંકાયેલા પર્વતો અદ્‌ભુત છે. સવારના સૂર્યના કિરણો પણ તેમની ભવ્યતા વધારે છે. અહીંના જંગલમાં દેવદાર અને પાઇન વગેરેના ઊંચા વૃક્ષો છે. આ વૃક્ષો જંગલી જીવો માટે આશ્રય સ્થાન છે. રીંછ, પૂંછડી, હાથી, વાંદરો, યાક, ઝેબ્રા, ગેંડસરો જેવા પ્રાણીઓનું આ કુદરતી નિવાસ છે. વૃક્ષો પર પક્ષીની ચીં... ચીં... સતત ગુંજતી રહે છે. નાની નદીઓ, ઊંચા પર્વતો, ઊંડી ખીણો, વૃક્ષો, પ્રાણીઓ, પક્ષીઓ વગેરે એકસાથે અદ્‌ભુત કુદરતી દૃશ્યો રજૂ કરે છે. હિમાલયમાં ટ્રેક્સમાં લીલીછમ ખીણો, ખળખળ વહેતી નદીઓ, હિમવર્ષાવાળા શિખરો, પહાડી વિસ્તાર, અલગ સંસ્કૃતિ દર્શાવતા ગામડાઓ અને બીજું ઘણું ખરેખર અદ્‌ભુત છે. તેની સુંદરતા આશ્ચર્યજનક છે. હિમાલય ટ્રેકિંગનો અનુભવ લાંબા સમય સુધી યાદ રહે છે.

હિમાચલ પ્રદેશમાં હિમાલયની ગોદમાં રમતા રસ્તાઓ અને ઊંચાઈ પર જતી આડી અવળી કેડીઓ ટ્રેકિંગનો શ્રેષ્ઠ અનુભવ આપે છે. સાચા પર્વતપ્રેમી અથવા ઉત્સાહી સાહસિકો માટે હિમાચલ પ્રદેશમાં ટ્રેકિંગનો આનંદ માણવાથી વિશેષ કોઈ રોમાંચ નથી. સાહસની સાથે સૌથી સુંદર વિસ્તારમાંથી પસાર થવું, એ જીવનભરની યાદગાર ભેટ બની જાય છે.

હંમેશાં હિમાલયમાં ક્યાંક ટ્રેકિંગ પર જવાનું મારું એક સ્વપ્ન હતું. ગત જૂન મહિનામાં મને હિમાલયની ગોદમાં આવેલા હમતા પાસ અને ખીરગંગા ટ્રેકિંગમાં જવાનું સદ્‌ભાગ્ય પ્રાપ્ત થયું. આ પ્રવાસનાં અનુભવો વાચકો સાથે શૅર કરું છું.

હમતા ટ્રેક (કુલ્લુ-લાહૌલ) મનાલી નજીક આવેલું છે. આ ટ્રેક એ હિમાલયનાં શ્રેષ્ઠ ટ્રેકિંગ સ્થળોમાંનું એક છે. હમતા ટ્રેક બરફથી ઘેરાયેલા પર્વતો વચ્ચે સ્થિત છે. આ ટ્રેક લગભગ પાંચ દિવસમાં પૂર્ણ કરી શકાય છે. હમતા ટ્રેક સુધી પહોંચવાનો શ્રેષ્ઠ વિકલ્પ મનાલીથી જવાનો છે. દિલ્હી અને ચંદીગઢથી મનાલી બસ મારફતે સરળતાથી જઈ શકાય છે.

હિમાચલમાં હમતા પાસ ટ્રેકને સરળ અને અનુકૂળ માનવામાં આવે છે. હમતા ટ્રેકિંગ દરમ્યાન અજોડ લેન્ડસ્કેપ સમાન દૃશ્યો નિહાળવાનો વાસ્તવિક અનુભવ થાય છે. હમતા પાસ બે સુંદર ખીણો, કુલ્લુ અને લાહૌલને જોડે છે. હિમાલયના આકર્ષક વિસ્તારો, ગ્લેશિયર અને ખીણોના અવિશ્વસનીય દૃશ્યો, જાડા પાઇન જંગલ, ખુલ્લા ઘાસના મેદાનો અને ઊંચા પર્વતો સાહસિકોને સદા પડકાર આપે છે.

- **પૂર્વ તૈયારી :**

કોઈપણ પ્રવાસમાં જઈએ ત્યારે આપણે તે અનુરૂપ તૈયારી કરતા હોઈએ છીએ પરંતુ હિમાલયન ટ્રેકિંગ માટે કેટલીક વિશેષ તૈયારીઓ જરૂરી બને છે. ટ્રેકિંગ માટે તાલીમ પહેલેથી જ શરૂ કરવી જોઈએ. આ માટે શારીરિક અને માનસિક રીતે તૈયારી જરૂરી છે. ધીમે ધીમે પોતાની તાકાત અને તંદુરસ્તીને ધ્યાનમાં લઇ, ટ્રેકિંગ માટે પોતાની જાતને તૈયાર કરવાની હોય છે.

- **યોગ્ય ફુટવેરની પસંદગી :**

ટ્રેકિંગ માટે ગુડ ક્વોલિટી ફુટવેર પસંદ કરવા જોઈએ. પગની ઘુંટીના રક્ષણ માટે હાઇકિંગના ખાસ જુતા આવશ્યક છે. આ સાથે સારી ગુણવત્તાવાળા મોજા પણ હોવા જરૂરી છે. અયોગ્ય મોજા પ્રવાસમાં મુશ્કેલી કરી શકે છે. તે વોટરપ્રુફ હોય તો વધુ સારૂં રહેશે. શારીરિક મજબૂતી માટે જીમ ખૂબ જ મહત્ત્વપૂર્ણ છે. વોકિંગ તાલીમ એ ટ્રેકિંગ કાર્યક્રમનો પાયો છે અને તે સૌથી આવશ્યક છે. જેમ તંદુરસ્તી સારી છે, તેમ ટ્રેકિંગમાં સરળતા રહે છે.

- **બેકપેકનું ધ્યાન રાખો :**

તમે ખાદ્ય વસ્તુઓ, પાણી, કપડા અને તમારી સાથે અન્ય વસ્તુઓ રાખશો, પણ ધ્યાનમાં રાખશો કે તે ખૂબ વધારે નથી થતું. વધારે વજન હોય તો પ્રવાસમાં ચાલવામાં ખૂબ મુશ્કેલી પડે છે.


- **ટ્રેકિંગ કાર્યક્રમનો પ્રારંભ :**

અમદાવાદથી મારી ફ્રેન્ડ સાથે પ્રવાસનો પ્રારંભ થયો. અમારા સમગ્ર પ્રવાસના આયોજનની શરૂઆત બે-ત્રણ મહિના પહેલાથી જ થઈ હતી. દિલ્હી પહોંચ્યા બાદ અમારા ગ્રુપના બીજા સભ્યો સાથે મળવાનું થયું. અમારા ગ્રુપમાં અમદાવાદ ઉપરાંત દેશમાં વિવિધ સ્થળોએ વસતા કુલ ૧૭ સભ્યો હતા. ગ્રુપ પ્રવાસનું સમગ્ર આયોજન ઈન્ટરનેટ અને સોશિયલ મીડિયાનો ઉપયોગ કરી કરવામાં આવેલ. સાત દિવસના પ્રવાસ

દરમ્યાન અમે હિમાચલના બે સુંદર ટ્રેક હમતાપાસ અને ખીરગંગા પર ટ્રેકિંગ કરેલ.

**● દિવસ-૧ (હમતા ડેમથી ચીકા) :**

પહેલા દિવસે સવારે ૭ વાગે અમારૂં ગ્રુપ દિલ્હીથી મનાલી પાસે આવેલ રૂમઝુ નામના સ્થળે પહોંચ્યું. બેઝ કેમ્પ પર સવારના ચા-નાસ્તા બાદ જીપ દ્વારા હમતા ડેમ સાઈટ પર પહોંચ્યા. અહીંથી ખરેખર પર્વતારોહણની શરૂઆત થઈ. અમારો પહેલો પડાવ 'ચીકા' હતો. ત્યાં જવા અમે ૯૮૦૦થી ૧૦૪૦૦ ફુટની ઊંચાઈ પર પહોંચ્યા. ચીકા કેમ્પનું વાતાવરણ ખૂબ સુંદર હતું. લીલાછમ વિશાળ વિસ્તારમાં અમારા ટેન્ટ અગાઉથી તૈયાર રાખવામાં આવેલ. અહીં અમે પહેલીવાર ટેન્ટમાં રાત્રી રોકાણ કરેલ. ગર્લ્સ માટે અલાયદી વ્યવસ્થા કરવામાં આવેલ તેમજ આયોજકો દ્વારા સલામતીની પણ પૂરતી વ્યવસ્થા કરવામાં આવેલ. રાત્રી દરમ્યાન જંગલ અને પહાડોમાંથી આવતા પવનના સુસવાટા અને વરસાદના હળવા ઝાપટાથી રોમાંચક અનુભવ થયો.





**● દિવસ-૨ (ચીકાથી બાલુ કા ઘેરા) :**

બીજા દિવસે વહેલી સવારે ૬ વાગે ઉઠી, તૈયાર થઈ ૮ વાગે પહાડી ટ્રેક પર ચાલવાની શરૂઆત કરી. સામાન્ય રીતે આ દિવસોમાં આ ટ્રેક પર બરફ હોતો નથી. પાણીના ઝરણા અને લીલા જંગલો જોવા મળે. પરંતુ અમોને તો અહીં જ બરફ જોવા મળી ગયો. આ વર્ષે ભારે હિમવર્ષાને કારણે આ ટ્રેક પર બરફના થર જામી ગયેલ. અહીં ચાલવામાં ખૂબ મુશ્કેલી પડતી હતી. જરા પણ ચૂક થાય તો લપસી પડવાનો ભય રહેતો હતો. ઊંચાઈ પરના આ મુશ્કેલ ચઢાણ દરમ્યાન આજુબાજુ હિમાચ્છાદિત પર્વતો અને મેદાનોમાં લીલોતરી જોઈ અમારો થાક ઓસરી જતો. સાંજે પાંચ વાગે નિયત સ્થળ 'બાલુ કા ઘેરા' પહોંચ્યા. જ્યાં અમારે રાત્રી રોકાણ કરવાનું હતું.

**●દિવસ-૩ (બાલુ કા ઘેરા) :**

અમારા નિયત કાર્યક્રમ અનુસાર આ દિવસે 'બાલુ કા ઘેરા'થી હમતા પાસ થઈ શિયાગુરૂ સ્થળે જવાનું હતું. ભારે હિમવર્ષાને કારણે આગળના માર્ગો બંધ કરી દેવામાં આવતા, અમારા નિયત કાર્યક્રમમાં ફેરફાર થયો. અમે 'બાલુ કા ઘેરા'થી હમતા પાસ સુધીનું ચઢાણ શરૂ કર્યું. સમગ્ર ટ્રેકિંગનો આ ભાગ સૌથી મુશ્કેલ લાગ્યો. સીધા ચઢાણ અને જમીન પર જામેલ બરફ હતા, તો અચાનક જામી ગયેલ નદી પરના ગ્લેશિયરનો સામનો થઈ જતો, જે પ્રવાસને વધારે કઠિન બનાવતો. એક સમયે અમારા પૈકીના એક વ્યક્તિનો પગ લપસી જતાં તે એકદમ ૧૫થી ૨૦ ફુટ નીચે તરફ લપસી ગઈ. સદ્ભાગ્યે કોઈ ઈજા ન થઈ. તે ફરી સાહસ દાખવી મહત્તમ ઊંચાઈ પર પહોંચી ગયેલ. જે જોઈ અમે સૌએ તેની હિંમતને બિરદાવેલ. હમતા પાસની ટોચ પરથી જે દૃશ્યો જોવા મળ્યા, તે ભવ્યાતિભવ્ય કહી શકાય. સંપૂર્ણ બરફથી ઘેરાયેલ ઉત્તુંગ શિખરો વચ્ચે નીલા - વાદળી રંગનું આકાશ અને તેમાં પવન સાથે દોડતા વાદળો અદ્ભુત દૃશ્ય ઊભું કરતા હતા. અમે હમતા પાસ પર હતા ત્યારે બરફ વર્ષા પણ થઈ. આ અનુભવ અવિસ્મરણીય રહેશે. હમતા પાસથી નીચે ઉતરી 'બાલુ કા ઘેરા'થી 'જોહરી' નામક સ્થળે પહોંચ્યા. જ્યાં અમારા માટે રાત્રી રોકાણની વ્યવસ્થા હતી.

**● દિવસ-૪ (જોહરીથી સેથાન) :**

જોહરીમાં રાત્રી રોકાણનો અનુભવ પણ સરસ રહ્યો. રાત્રીના અંધકારમાં પ્રથમ વખત સ્વચ્છ આકાશમાં તારા, નિહારીકાઓ અને આકાશગંગાના દર્શન થયા. જે સામાન્ય રીતે હવે શહેરોમાં પ્રકાશના પ્રદૂષણના કારણે જોવા મળતા નથી. અહીં રાત્રી રોકાણ દરમ્યાન 'કેમ્પ ફાયર'નું આયોજન હતું. અમારા ગ્રુપના સભ્યોએ ગીત-સંગીતની મહેફિલ જમાવી, તો ત્યાંના

નિવાસી પાસેથી ત્યાંનું લોકસંગીત માણવાની પણ મજા પડી ગઈ.

સવારે ટ્રેકિંગમાં જોહરીથી હમતા ડેમ થઇ અમે સેથાન પહોંચ્યા. આ ટ્રેકમાં ઘણા ઝરણાઓ અને ખળખળ વહેતી નદીની અપાર સુંદરતા નિહાળવા મળી. આસપાસના મેદાનોમાં ઘેટાઓના ટોળા તથા ઘાસ ચરતી ગાયોના ધણથી સમગ્ર દૃશ્ય કોઈ પોસ્ટર સમાન સુંદર જણાતું હતું. વહેલી સવારે પર્વતોની ટોચ પરથી આવતા સૂર્યના સોનેરી કિરણો સમસ્ત વાતાવરણને આલ્હાદક બનાવતા હતા. સેથાનમાં અમારૂં 'હોમ સ્ટે' હતું એટલે સુંદર બંગલામાં ઉતારો હતો.

- **દિવસ-૫ (સેથાનથી કશોલ) :**

આ દિવસે અમારા હમતા પાસનું ટ્રેકિંગ પૂરૂં થતાં અમે જીપ દ્વારા કસોલ પહોંચ્યા. કસોલ, એ હિમાચલ પ્રદેશનું એક સુંદર ટાઉન છે. અહીંની સ્થાનિક બજારોમાં હિમાચલની ભાતીગળ સંસ્કૃતિ નજરે પડે છે. દુનિયાભરથી આ હિમાચલ આવતા પ્રવાસીઓ આ શહેરની ખાસ મુલાકાત લે છે. કસોલ બીયાસ નદીના કિનારે આવેલ છે. અમે રાત્રી રોકાણ બીયાસ નદીના કિનારે આવેલ ટેન્ટમાં કરેલ. અહીં બીયાસ નદીનો પ્રવાહ શાંત નથી. રાત્રે ખળખળ વહેતા પાણીનો અવાજ અલગ માહોલ બનાવે છે.

- **દિવસ-૬ (કસોલથી ખીરગંગા) :**

ટ્રેકિંગના આખરી દિને અમો કસોલથી ગાડી મારફતે તોષ સુધી પહોંચ્યા અને ત્યાંથી અમે ખીરગંગા તરફ ચઢાણ શરૂ કર્યું. ખીરગંગા હિમાચલ પ્રદેશની ઉત્તમ ટ્રેકિંગ સાઇટમાંની એક છે. ખીરગંગાનું નામ પાર્વતી નદી પરથી પડ્યું છે જે પાર્વતી ખીણમાંથી વહે છે અને તેનું પાણી દૂધ જેવું સફેદ અને નિર્મળ દેખાય છે. તેથી આ વિસ્તાર ખીરગંગા તરીકે ઓળખાય છે.

આ જગ્યાને ખૂબ પવિત્ર માનવામાં આવે છે. અહીં સુંદર શિવમંદિર આવેલ છે જ્યાં શંકર ભગવાને વર્ષો સુધી તપ કરેલ એવું માનવામાં આવે છે. આ સ્થળે ગરમ પાણીના ઝરા આવેલા છે. તેમાં નાહવાથી પ્રવાસનો થાક ઉતરી જાય છે. ખીરગંગાના ટ્રેક પર કુદરતી સુંદરતાના દર્શનની સાથે એક આધ્યાત્મિક શાંતિનો અહેસાસ થાય છે. આ સ્થળ અમારા પ્રવાસનો આખરી પડાવ હતો. સમગ્ર પ્રવાસ પૂરો કરી અમે કસોલ મનાલી થઇ દિલ્હી પરત ફર્યા જ્યાંથી હું વિમાનમાર્ગે અમદાવાદ પરત આવી.

***સમગ્ર પ્રવાસનો અનુભવ જીવનભર યાદ રહેશે.***

## કાવ્યો

***– જીનલ સોલંકી 'યાદ'***

મૃગજળ હો, નદી હો કે હો દરિયો
અમારી તો તૃષ્ણા વધે છે સલીલે-સલીલે

નસીબનો ચોપડો તો એક જ છે ઉપર
તો હથેળીમાં શું ચિતરાય છે લકીરે-લકીરે

હકીકત શું હતી એ અમે પણ ભૂલી ગયા
અફવા રોજ બદલાય છે ફળિયે-ફળિયે

કયા ખુદાને માનવા હવે સાચા અમને?
અર્થ ખુદાનો બદલાય છે જ્યાં ફકીરે-ફકીરે

દર્પણ જ બતાવશે હવે સ્વરૂપ સાચું 'યાદ'
તસવીર તો બદલાય છે છબીએ-છબીએ

### નથી હોતા...

એમ તો કંઇ બધાને 'નંદ' નથી હોતા
પણ, બધા તો એમ કંઈ 'કંસ' નથી હોતા.

'અમૃત' કરી લેવાની આવડત જોઈએ
ઝેર પીનારા બધા કંઈ 'નીલકંઠ' નથી હોતા.

ભોમિયા ખુદના એ બનવું જોઈએ ક્યારેક
ચાલીએ સઘળા એ મારગ 'પંથ' નથી હોતા.

સંતપણું અંદર પણ ઊગવું જોઈએ એમ તો
પહેરનારા 'ભગવો' સૌ કોઈ 'સંત' નથી હોતા.

બસ ખબર Push, Pull ને 'ટકોરા'ની જોઈએ,
બાકી દરવાજા બધા તો 'બંધ' નથી હોતા.

★

ચાંદથી વધુ નજર મેં સિતારા પર કરી છે
મઝધારથી વધુ નજર મેં કિનારા પર કરી છે.

આ સફરનો કદાચ એટલે લાગે છે થાક
મંઝીલથી વધુ નજર મેં ઉતારા પર કરી છે.

દંડવત પ્રણામ પણ કેમ શાતા આપે અમને?
મૂર્તિથી વધુ નજર મેં મિનારા પર કરી છે.

કોઈ આભાસી બનીને એટલે છેતરી ગયું
નિજથી વધુ નજર મેં નજારા પર કરી છે.

આ જીવવાની લત પણ એટલે લાગી ગઈ 'યાદ'
તરસ્યાથી વધુ નજર મેં પીનારા પર કરી છે.

# અનુભવ હિમાલય ટ્રેકિંગનો....

**તાજેતરમાં આપણા સમાજની રવાપર ગામની ગૌરવવંતી બે દીકરીઓ નેહા રવજીભાઈ બારમેડા અને ધારા રવજીભાઈ બારમેડા કે જેઓ ૩૨૦૦ મીટર (૧૨૦૦૦ ફૂટ)ની ઊંચાઈ પર પહોંચી સફળ રીતે હિમાલય ટ્રેકિંગ પૂર્ણ કરેલ છે. તેઓ તેમનો હિમાલય ટ્રેકિંગનો અનુભવ એક કવિતા સ્વરૂપે રજૂ કરવા માંગે છે જે કવિતા તેમના અનુભવની વાણી સ્વરૂપ છે....**

ગાંધીધામથી શરૂ થયેલ સફર જે ઉત્સાહ અને સપનાઓને લઈને આગળ વધ્યું...

વડોદરામાં Group જોઈને lucky feel થયું...

વડોદરાથી હઝરત નિઝામુદ્દીન ટ્રેન સફર કર્યું

Old Delhi ના સફર વખતે નિરીક્ષણ કર્યું... (લાલ કિલ્લો અને સ્ટેડિયમ)

Old Delhi થી Khathgodam ૧૭૯ કિ.મી. બસનું સફર અને ત્યારબાદનું સેશન...

બસ પછી ચાલુ થયું ટ્રેકિંગ જે Kharkiya થી હતું Khati... જોમ અને જુસ્સાથી Khati પહોંચ્યા...

Khati થી Dwali, Dwali થી Phyrkiya નું ટ્રેકિંગ રહેશે હંમેશા યાદ...

ત્યારબાદ આવ્યો એ દિવસ જેનો સૌને હતો ઈન્તજાર... Zero Point ના સપના જોઈને પૂરી થઈ રાત...

થઈ સવાર શીખવા માટેની જે હતી realization કરવાની...

શીખ્યા Excellence નું કામ, જે હતું જાગ્યા ત્યારથી સવાર...

વિવિધ પ્રકારના Sessionને શીખવાડી જીવન જીવવાની કળા...

મળ્યા પિંડારીબાબા જેમણે શીખવાડી સમયબદ્ધતાની કળા...

Khati માં અમે જોઈ સાંજની નવી સવાર...

જોયું દિવસનો અંત નવી સવારથી... (કહેવાય છે કે શ્રદ્ધાથી હિમાલયના દર્શન માટે જઈએ તો જરૂરથી દેવીના દર્શન થાય અને અમે દેવીના દર્શન કર્યા અને એ દેવી છે પ્રકૃતિ દેવી)

કેળા, બિસ્કીટ, મેગી, પૌંઆ અને દૂધથી કરી બ્રેકફાસ્ટની શરૂઆત...

બટાકા, વટાણા, ભીંડા અને દૂધીનું શાક, પાપડ, સલાડ, અને દાળ-ભાતથી પૂર્યો પેટનો ખાડો...

એ એક-એક રસગુલ્લા અને સોનપાપડીથી મળતી એનર્જી ભરપૂર...



બિસ્કીટ, ભજીયા, ચવાણું અને બ્લેક ટી થી થતી સાંજ સુંદર...

રસના સાથે રાહ જોતું હંમેશાં ઉભતું basecamp...

મળી સૂપની વેરાયટી જે છે વેજીટેબલ સૂપ, ટોમેટો સૂપ, કોર્ન સૂપ અને ખાસ મશરૂમ સૂપ...

ખીચડી, શાક અને ચપાતીથી પૂરી થતી અમારી રાત...

૨૪ કલાકમાં એ એક કલાક જ લાઈટ જોવી બાકી તો અંધારામાં ફાંફા મારીને ઝટપટ સૂઈ જવું...

સફર અમારું યાદગાર રહ્યું અને જીવ્યા એવી જીંદગી...

દસ દિવસમાં જીવ્યા જાણે ૩૦ દિવસની જીંદગી...

શબ્દો હવે ખૂટે છે જ્યારે લખવા બેસીએ અનુભવને...

માટે પૂરી કરીએ છીએ વાત અમારી કહીને એક વાતને...

છેલ્લે માત્ર એટલું જ કહેશું કે ભૂલીશું નહીં એ દિવસો...

યાદ રાખીશું એવું કહીશું તો કદાચ ભૂલાઈ જશે એ દિવસો...

---

★ પરહિત કાજે ખરચેલી એક પાઈની કિંમત, અંગત સ્વાર્થ અને વિલાસ માટે ખરચેલા લાખ્ખો રૂપિયા કરતાં વધુ છે, કારણકે એકનો હિસાબ સ્વર્ગના ચોપડે જમા થાય છે ત્યારે બીજાનો તો સીધો જ ધુમાડો થઈ જાય છે. લાખ રૂપિયાના વ્યાજ કરતાં પણ આવી રીતે ખરચેલી પાઈનું વ્યાજ વધુ મળે છે.

★ જીવન એક સંગ્રામ છે, રણમેદાન છે. વારંવાર પરાજય પામવા છતાં પણ જે વિજયની આશા સાથે ફરી લડવા ઊભો થાય છે એ જરૂર એક દિવસ વિજય પ્રાપ્ત કરે છે. પણ જે આ રણમેદાનથી ડરીને ઊભો છે એ તો સદા પરાજિત જ છે.

## અભિનંદન

### CA જીમ્મી રામદાસભાઈ પોમલ - અંજાર




CA જીમ્મી રામદાસભાઈ પોમલનો જન્મ તા. ૧૬-૦૪-૧૯૯૩ના રોજ મૂળ અંજાર કચ્છના વતની રામદાસ મગનલાલ પોમલ પરિવારમાં થયો. પ્રાથમિક અને માધ્યમિક શિક્ષણ અંજાર મ્યુનિસિપલ સ્કૂલમાં ગુજરાતી માધ્યમથી કરીને S.S.C. (10th) સન ૨૦૦૮માં ૭૫% (ડિસ્ટીંક્શન) અને H.S.C. (12th) સન ૨૦૧૦માં ૭૭% (ડિસ્ટીંક્શન) સાથે પાસ કર્યું. ત્યારબાદ તાજેતરમાં લેવાયેલી Chartered Accountants ની ફાઈનલ પરીક્ષા પાસ કરી છે.

જીમ્મીએ C.A. ની ડિગ્રી પ્રાપ્ત કરી પરિવાર તથા મારૂ કંસારા સોની જ્ઞાતિ (અંજાર - કચ્છ)નું ગૌરવ વધારેલ છે.


***આપ, ઉત્તરોત્તર પ્રગતિના સોપાનો સર કરો તેવી શુભેચ્છા.***



**દિપાલી હસમુખભાઈ બારમેડા (ભુજ)** B.Ed. (Sem.-II)ની પરીક્ષા ૯૦.૬૦% ગુણાંક મેળવી ઉત્તીર્ણ કરી છે. યુનિવર્સિટીમાં પ્રથમ ક્રમાંકે આવેલ છે.



**ઉમેશ શૈલેષભાઈ સોની (ભુજ)** B.E. (Mechanical Engg.) ની પરીક્ષા SPI : 9.48, CGPA : 8.84 મેળવી ઉત્તીર્ણ કરી છે.



**ડૉ. મૌલિક અનિલકુમાર બારમેડા** પેસીફીક ડેન્ટલ કૉલેજ તથા હોસ્પિટલ - ઉદયપુર (રાજસ્થાન)થી વર્ષ ૨૦૧૯માં B.D.S.ની ડિગ્રી ફર્સ્ટ ક્લાસ સાથે પ્રાપ્ત કરી સમાજનું ગૌરવ વધારેલ છે.

## તેજસ્વી તારલાઓ



**પ્રણય નીલેશ સોની**
**અમદાવાદ**
**L. K.G.**
**Grade : A2**



**હેમ સોની**
**છત્તીસગઢ - રાયપુર**
**Sr. K.G.**
**Grade-A : 97.2%**



**ઝીલ નીલેશ સોની**
**અમદાવાદ**
**Std.-4**
**98.08%**



**હિમાંશી અતુલભાઈ બુધ્ધભટ્ટી - ભુજ**
**ધોરણ-૭**
**86%**



**ભવ્યા નીલેશ સોની**
**અમદાવાદ**
**Std.-9**
**76.71%**



**પૂજા દિનેશભાઈ સોની**
**S.S.C.**
**88.45 Percentile**



**રીધ્ધિ રાજેશકુમાર બુધ્ધભટ્ટી**
**S.S.C.**
**86.78 Percentile**



**રાહુલ અતુલભાઈ બુધ્ધભટ્ટી - ભુજ**
**ધોરણ-૧૧**
**78%**



**દર્શન મધુસુદન પરમાર**
**ધોરણ-૧૨ (સાયન્સ)**
**92.46 Percentile**




**ચિ. પરીતા દીપકભાઈ ગુજરાતી (નલીયા - કચ્છ)**

ચાલુ વર્ષે B.Sc., B.Ed. ની પરીક્ષામાં ૮૯.૭૦% ગુણાંક મેળવી સમગ્ર કચ્છ યુનિવર્સિટીમાં ૪થા ક્રમે તથા મુંદ્રા કૉલેજમાં પ્રથમ ક્રમાંકે ઉત્તીર્ણ થયા છે.


SHIV™
innovation is our most important asset
WE AT SHIVAM STEEL
BELIEVE THAT BUYING
A SHIV SAFE WILL
PROVIDE YOU WITH
PEACE OF MIND.
An ISO 9001:2015 Certified Company
SHIVAM STEEL
MFG. OF : SAFE , STRONG ROOM DOOR , BANK LOCKERS
1, Udhyog Nagar, Shade No. K-11, Jetpur Road, Gondal - 360 311 Gujarat (INDIA)
t : +91 2825 222047, m : +91 98252 15047, w : www.shivsafe.in, e : shivamsteel47@gmail.com

RNI No. GujGuj/2005/16692/Posted at PSO Ahmedabad.




Printed & Published by : Shri Manubhai Vitthaldas Kotadia on behalf of Shree Kutchhi Maru Kansara Soni Gnati Mandal. Printed at : Madhavi Offset, Kankaria, Ahmedabad- 380 021.
Published at: Shree Kutchhi Maru Kansara Soni Gnati Mandal, 14, Dhaval Jewellers, Chanlla Odd, Manek Chowk, Ahmedabad 380 001. Editor : Shri Hansraj Kansara. Price : Rs. 20.00